सत्यमेव जयते

રજીસ્ટર્ડ તારીખ : ૧૬/૦૪/૨૦૨૨..
ફેસલ તારીખ : ૦૪/૧૦/૨૦૨૫..
<u>સમયગાળો: ૦૩ વર્ષ, ૦૫ માસ,૧૮ દિવસ.</u>

# મહેરબાન તાપી જિલ્લાના સેશન્સ જજ (શ્રી ટી.આર.દેસાઈ) સાહેબની કોર્ટમાં, મું. વ્યારા.

**<u>સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૨..</u>**
**<u>આંક :: ૧૨૭.</u>**

**ગુજરાત રાજય,**
(ડોલવણ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.
નં.૧૧૮૨૪૦૦ ૯૨૧૧૨૧૨/૨૦૨૧) :: ફરિયાદી.

**વિરૂધ્ધ**

**(૧) ભાવિન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડીયા પટેલ,**
ઉ.આ.વ.૨૭,
રહે. ડોલવણ ગામ, ડુંગરી ફળીયુ,
તા.ડોલવણ, જિ.તાપી.

**(૨) પ્રકુલભાઈ પ્રકાશભાઈ ઢોડીયા પટેલ,**
ઉ.આ.વ.૨૩,
રહે. ડોલવણ ગામ, ઢોડીયાવાડ,
તા.ડોલવણ, જિ.તાપી. :: આરોપી.

**ગુન્હો ::** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧,૧૨૦(બી), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ.

<u>ફરિયાદી તરફે વિ. એ.પી.પી. શ્રી આર.બી.ચૌહાણ</u>
<u>આરોપી તરફે વિ.વ. શ્રી એન.એસ.પ્રધાન</u>

## –:: <u>ચુકાદો</u> ::–

**૧.** ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી ઓએ તા.૨૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨.૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૧ કલાક ૦૮.૦૦ વાગ્યા દરમ્યાન હરકોઈ વખતે મોજે ડોલવણ ગામે ઢોડીયાવાડ ફળીયા માં ફરિયાદીના શેરડીના ખેતરમાં ખેતરના શેઢા ઉપર આવેલ ડેલીમાં આરોપી ઓએ આશરે પંદરેક દિવસ પહેલા ફરિયાદીના ખેતરનો રસ્તા તરીકે ઉપયોગ કરવા બાબતે મરણ જનાર સુધીરભાઈ સાથે બોલાચાલી, ઝઘડો થયેલ. જે ઝઘડા ની અદાવત રાખી આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગુના ને અંજામ આપવા ગુનાહિત કાવતરૂ રચી મરણજનાર સુધીરભાઈ અમરસિંગભાઈ ઢોડીયા પટેલને કોદાળી વડે માથાના ભાગે ફટકાઓ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવેલ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ કોદાળી તથા આરોપીઓએ પહેરેલ કપડા, ચપ્પલ અલગ અલગ જગ્યાએ સળગાવી દઈ પુરાવાનો નાશ કરેલ, હોવા સબબની ફરીયાદ ફરિયાદી અમરસિંગભાઈ ઉર્ફે અમ્રતભાઈ રામાભાઈ ઢોડીયા પટેલે નોંધાવતા ડોલવણ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર. નં.૧૧૮૨૪૦૦૯૨૧૧૨૧૨/૨૦૨૧ થી ઈ.પી.કો કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનોનોંધી ધોરણસર તપાસ હાથ ધરી હતી. સદર ગુન્હાનાં કામે આરોપીઓ મળી આવતાં પોલીસે હાલનાં આરોપીઓની ધરપકડ કરેલ હતી.

**૨.** સદર ગુન્હાની પોલીસ તપાસ પૂર્ણ થતાં પોલીસે આરોપીઓ વિરૂઘ્ધ સદર ગુન્હાનું ચાર્જશીટ વિ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, ડોલવણની અદાલતમાં રજુ કરતા વિ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, ડોલવણનાં ઓએ ફોજદારી કેસ નં.૨૪૧/૨૦૨૨ થી નોંધી આવશ્યક કાર્યવાહી કરી સદરહુ

કેસ સેશન્સ અદાલતમાં ચલાવવાને પાત્ર હોઈ, કમીટલ હુકમ કરી, કેસ અત્રે ની સેસન્સ કોર્ટમાં કમીટ કરતા સદરહુ કેસ ની આગળની કાર્યવાહી અત્રેની સેશન્સ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે.

**3.** અત્રેની અદાલત માં આરોપીઓ વિરૂઘ્ઘ આંક–૧૨ થી તહોમત ફરમાવી આંક –૧૩ તથા આંક–૧૪ થી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરી હતી જેથી, સદરહુ કેસ આગળ ચલાવવામાં આવેલ.

**૪.** સદરહુ કેસનાં સમર્થન માટે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે ::–

**મૌખીક પુરાવો** ::–

| ક્રમ | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | પ્રકાશભાઈ કલ્યાણભાઈ પટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૧૫ |
| ૨. | અમરસિંગભાઈ ઉર્ફે અમ્રતભાઈ રામાભાઈ ઢોડીયા પટેલ ની સોગંદ પરની જુબાની | ફરિયાદી | ૨૪ |
| ૩. | નવીનભાઈ સોમાભાઈ પટેલનની સોગંદ પરની જુબાની | પંચ | ૨૬ |
| ૪. | સુરેશભાઈ મનુભાઈ ઢોડીયા પટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૩૧ |
| ૫. | મહેશભાઈ ગામનભાઈ ઢોડીયીપટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૩૭ |
| ૬. | ભરતભાઈ ધીરૂભાઈ ઢોડીયા પટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૩૯ |
| ૭. | સુરેશભાઈ ચીમનભાઈ ચૌધરીની સોગંદ પરની જુબાની | પંચ | ૪૫ |
| ૮. | પ્રકાશભાઈ રાયસીંગભાઈ પટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૫૦ |
| ૯. | મિતેશભાઈ નટુભાઈ પટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | રમેશભાઈ અમૃતભાઈ પટેલની સોગંદ પરની જુબાની | પંચ | ૫૫ |
| ૧૧. | રાહુલભાઈ દિલીપભાઈ ગામીતની સોગંદ પરની જુબાની | સાહેદ | ૬૧ |
| ૧૨. | કિરણભાઈ મણીલાલ ઢોડીયા પટેલની સોગંદ પરની જુબાની | સાહેદ | ૬૪ |
| ૧૩. | અશોકભાઈ નરસિંહભાઈ કોટવાળીયાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૬૭ |
| ૧૪. | ભાઉસાહેબ ઉત્તમ ટેળેકરની સોગંદ પરની જુબાની | સાહેદ | ૬૮ |
| ૧૫. | ડો.નીહા કરશનભાઈ વસાવાની સોગંદ પરની જુબાની | તબીબી સાહેદ | ૭૦ |
| ૧૬. | સહદેવસિંહ બાબુભાઈ વનારની સોગંદ પરની જુબાની | પંચ | ૭૪ |
| ૧૭. | અશોકભાઈ રમેશભાઈ પટેલની સોગંદ પરની જુબાની | સાહેદ | ૭૮ |
| ૧૮. | વિક્રમભાઈ રામુભાઈ વસાવાની સોગંદ પરની જુબાની | ત.ક.અ. | ૮૦ |
| ૧૯. | યોગેશભાઈ સામરાવ સીરસાટેની સોગંદ પરની જુબાની | ત.ક.અ. | ૯૮ |
| ૨૦. | હિતેન્દ્રભાઈ ચંન્દ્રસિંહ ગોહિલની સોગંદ પરની જુબાની | ત.ક.અ. | ૧૦૦ |
| ૨૧. | રાજસંગભાઈ હિરાભાઈ લોહની સોગંદ પરની જુબાની | ત.ક.અ. | ૧૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>** ::–

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૬ |
| ૨. | અસલ ફરીયાદ | ૨૫ |
| ૩. | મુદ્દામાલ કબજે ટોપલી કબજે કરેલ જે પંચોની સહીવાળી કાપલી | ૨૭ |
| ૪. | ગુનાવાળી જગ્યાએથી કન્ટ્રોલ માટી કબજે કરેલ તે સમયે કરેલ પંચોની સહીવાળી કાપલી | ૨૮ |
| ૫. | લોહીવાળી માટીનુ સેમ્પલ લીધેલ તે સમયે કરેલ પંચોની સહી વાળી કાપલી | ૨૯ |
| ૬. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૩૦ |
| ૭. | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ વાદળી બ્લ્યુ કલરની ટી | ૩૨ |

| | | |
|---|---|---|
| | શર્ટની સાથે મુકવામાં આવેલ પંચોની સહી વાળી કાપલી | |
| ૮. | મુદ્દામાલ આર્ટીકલ નં.૬ બ્લ્યુ કરલની જેકેટની સાથે મુકવામાં આવેલ પંચોની સહી વાળી કાપલી | ૩૩ |
| ૯. | મુદ્દામાલ આર્ટીકલ નં.૭ કાળા કલરના પેન્ટની સાથે મુકવામાં આવેલ પંચોની સહી વાળી કાપલી | ૩૪ |
| ૧૦. | મરણજનારના લાશ ઉપરના કપડા કબજે કર્યાનુ પંચનામાનુ | ૩૫ |
| ૧૧. | આરોપીઓનુ શરીર સ્થિતિનું પંચનામુ | ૩૬ |
| ૧૨. | આરોપીની અંગઝડતી તથા મો.સા. કબજે કર્યાનુ પંચનામુ | ૩૮ |
| ૧૩. | ડીસ્કવરી પંચનામુ | ૪૦ |
| ૧૪. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૩ જેકેટ સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૪૧ |
| ૧૫. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૪ શર્ટ સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૪૨ |
| ૧૬. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ નાઈટ પેન્ટ સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૪૩ |
| ૧૭. | ડીસ્કવરી પંચનામુ(મુદ્દામાલ બાબતે) | ૪૬ |
| ૧૮. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૮ કોદાળી સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૪૭ |
| ૧૯. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૮ ટોર્ચ સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૪૮ |
| ૨૦. | આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ | ૫૧ |
| ૨૧. | ગુનામાં વપરાયેલ મો.સા. સાહેદ અજયભાઈ રજુ કરતા જે મો.સા.નુ પંચનામુ | ૫૪ |
| ૨૨. | ડીસ્કવરી પંચનામુ (ગુના કરતી વખતે પહેરેલ કપડા જે જગ્યાએ ફેકીદીધેલ તે જગ્યા તથા જે દુકાન પરથી નવા કપડા ખરીદ કરેલ) | ૫૬ |
| ૨૩. | મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫ ટી–શર્ટ કબજે કરેલ તેની સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૫૭ |
| ૨૪. | મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ હાય પેન્ટ કબજે કરેલ તેની સાથે | ૫૮ |

| | | |
|---|---|---|
| | નીકળેલ પંચોની સહી વાળી કાપલી | |
| ૨૫. | મુદ્દામાલ આર્ટીકલ નં.૨૭ શર્ટ કબજે કરેલ તેની સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૫૯ |
| ૨૬. | મુદ્દામાલ આર્ટીકલ નં.૨૮ જીન્સ પેન્ટ કબજે કરેલ તેની સાથે નીકળેલ પંચોની સહી વાળી કાપલી | ૬૦ |
| ૨૭. | સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન સીલબંધ કવરમાં જમા કરાવવામાં આવેલ તે બાબતનો ડીસ્ટ્રીકટ કોર્ટ નાઝરશ્રીનો પત્ર | ૬૨ |
| ૨૮. | સાહેદ રાહુલભાઈનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૬૩ |
| ૨૯. | સાહેદ કિરણભાઈનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૬૫ |
| ૩૦. | આરોપીઓ શીર્ડી ખાતે રોકાયેલ તે હોટલનુ બીલ | ૬૯ |
| ૩૧. | મરણજનારની લાશનુ પી.એમ કરવા તથા કોઝ ઓફ ડેથ સર્ટી આપવા બાબત મેડીકલ ઓફીસર ડોલવણને કરેલ પોલીસ યાદી | ૭૧ |
| ૩૨. | પી.એમ.નોટ | ૭૨ |
| ૩૩. | ડેથ સર્ટીફીકેટ | ૭૩ |
| ૩૪. | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા બાબતે મામલતદારશ્રી કરેલ પોલીસ યાદી | ૭૫ |
| ૩૫. | મામલતદારશ્રી ડોલવણનાઓએ નકશો તૈયાર કરી પી.એસ.આઈ. ડોલવણને લખેલ પત્ર | ૭૬ |
| ૩૬. | ગુનાવાળી જગ્યાનુ નકશો | ૭૭ |
| ૩૭ | સુચિપત્ર | ૮૧ |
| ૩૮. | એફ.આઈ.આર. | ૮૨ |
| ૩૯. | ભારે ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૮૩ |
| ૪૦. | મોબાઈલ નંબરના સીડીઆર મેળવવા નોડલ અધિકારીને કરેલ યાદી | ૮૪ |
| ૪૧. | મોબાઈલ નંબરના સીડીઆર મેળવવા નોડલ અધિકારીને કરેલ યાદી | ૮૫ |

| | | |
|---|---|---|
| ૪૨. | એફ.એસ.એલ.ને સ્થળ પરીક્ષણ કરવા કરેલ યાદી | ૮૬ |
| ૪૩. | એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૮૭ |
| ૪૪. | બનાવવાળી જગ્યાના ફોટોગ્રાફસ | ૮૮ |
| ૪૫. | ગુનાવાળી જગ્યાએ વીજ પ્રવાહ ચાલુ હતો કે કેમ તે બાબતે જી.ઈ.બી. ને કરેલ યાદી | ૮૯ |
| ૪૬. | નાયબ ઈજનેરશ્રીએ માહિતી મોકલેલ તે પત્ર | ૯૦ |
| ૪૭. | કલમ ઉમેરાનો પત્ર | ૯૧ |
| ૪૮. | ગુનાવાળી જગ્યાનો ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અની નકલ | ૯૨ |
| ૪૯. | મુદ્દામાલ તપાસણી કરી સટી ઁ આપવા બાબતે એફ.એસ.એલ. સુરતને કરેલ યાદી | ૯૩ |
| ૫૦. | રવાનગી પત્રક | ૯૪ |
| ૫૧. | વીશેરા જમા કરાવવા બાબતે મે.હેડ ઓફ ડીપાર્ટમેન્ટ પેથોલોજી લેબોરેટરીને કરેલ યાદી | ૯૫ |
| ૫૨., ૫૩. | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળી ગયા બાબતનો પહોંચ | ૯૬, ૯૭ |
| ૫૪. | મામલતદારશ્રીને પંચો ફાળવવા બાબતે કરેલ યાદી | ૧૦૧ |
| ૫૫. | કલમ ઉમરો ગણી લેવા બાબતનો જયુડી.મેજી.શ્રી ડોલવણનો પત્ર | ૧૦૨ |
| ૫૬. | પંચોની ફાળવણી કરવા બાબતનો મામલતદારશ્રીનો હુકમ | ૧૦૩ |
| ૫૭. | જિલ્લા મેજી.શ્રી તાપીના હથિયારબંધીનુ જાહેરનામુ | ૧૦૪ |
| ૫૮. | એફ.આઈ.આર.માં કલમ–૨૦૧, ૧૨૦બી ઉમેરો કરવા બાબતે જયુડી.મેજી. ડોલવણને કરેલ પત્ર | ૧૦૫ |
| ૫૯. | કલમ ઉમરો ગણી લેવા બાબતનો રજીસ્ટ્રાર ફોજારી કોર્ટ ડોલવણનો પત્ર | ૧૦૬ |
| ૬૦. | ગુનામાં સંડોવાયેલ વાહનનો આર.ટી.ઓ. રીપોર્ટ | ૧૧૧ |
| ૬૧. | ગુનામાં સંડોવાયેલ વાહન બાબતનુ ઈન્વર્ડ એપ્લીકેશન વલસાડ | ૧૧૨ |
| ૬૨. | વાહનને લગતી લાઈ માહિતીનો રીપોર્ટ | ૧૧૩ |
| ૬૩. | ગુનામાં સંડોવાયેલ વાહન બાબતનુ ઈન્વર્ડ એપ્લીકેશન | ૧૧૪ |

| | | |
|---|---|---|
| | બારડોલી | |
| ૬૪. | મેડીકલ ઓફીસર સી.એચ.સી.ડોલવણને ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટી આપવા બાબતની યાદી | ૧૧૫ |
| ૬૫. | વીશેરાની તપાસણી સર્ટી આપવા બાબતે મે.હેડ ઓફ ડીપાર્ટમેન્ટ પેથોલોજી લેબોરેટરીને કરેલ યાદી | ૧૧૬ |
| ૬૬. | હેડ ઓફ ડીપાર્ટમેન્ટ પેથોલોજી લેબોરેટરી રીપોર્ટ | ૧૧૭ |
| ૬૭. | મુદ્દામાલ પરીક્ષણ બાબતનો એફ.એસ.એલનો ફોરવર્ડીંગ લેટર | ૧૧૮ |
| ૬૯. | ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૧૯ |
| ૭૦. | સાહેદ નં.૨૧ ની જુબાનીની સીડી | ૧૨૦ |
| ૭૧. | મુદ્દામાલ પરીક્ષણ બાબતનો એફ.એસ.એલ.સુરતનો ફોરવર્ડીંગ લેટર | ૧૨૧ |
| ૭૨. | બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણનો અહેવાલ | ૧૨૨ |
| ૭૩. | ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૨૩ |
| ૭૪. | રસાયણશાસ્ત્ર વિભાગ | ૧૨૪ |
| ૭૫. | ડી.એન.એ.એકઝામીનેશન રીપોર્ટ | ૧૨૫ |

ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા રજુ કરેલ નથી અને પોતાનો પુરાવો પુરો થયાનું આંક-૧૨૭ ની પુરશીષથી જાહેર કરેલ છે.

**૫.** ઉપરોકત પુરાવા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં તેઓને ગુન્હા માં ખોટી રીતે સંડોવી દીધેલ હોવાનું અને ખોટી ફરીયાદ ઉભી કરવામાં આવેલ હોવાનું અને ખોટો પુરાવો ઉભો કરી ખોટા પંચનામા કરી, ખોટી રીતે ચાર્જશીટ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, વિ.એડી.પી.પી. શ્રી આર.બી.ચૌહાણની તથા આરોપી તરફે વિ.વ. શ્રી એન.એસ.પ્રધાનની દલીલો સાંભળી કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ.

૬. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.બી.ચૌહાણએ એવી દલીલ કરેલી છે કે ::–

(૧) આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુન્હો સાંયોગીક પુરાવાઓ ઉપર આધારીત છે અને તે પૈકીનો સૌથી મહત્વના તમામ સંયોગ એટલે કે, આરોપીઓને મરણ જનારના ખેતર તરફ જતા જોયેલ હતા તેવા સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે.

(૨) મરણજનારનુ મૃત્યુ નિપજાવી મારવામાં આવેલ કોદાળી અને ટોર્ચના પુરાવાનો નાશ કરવાના ઈરાદે આરોપીએ તેને તે જગ્યાએ સળગાવી દેવાનો પ્રયત્ન કરેલ તે જગ્યા માત્ર અને આરોપીઓના અંગત જ્ઞાન હેઠળ હતી અને તેવી જગ્યા આરોપીઓએ પંચો રૂબરૂ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ ના પંચનામા મુજબ બતાવી તેવી જગ્યા ઉપરથી બળેલી કોદાળીનો હાથો અને ટોર્ચ મળી આવેલા છે.

(૩) આરોપીએ ગુનો કરતી વખતે ઓઢેલ શાલ તેના કાકા મટરભાઈ ના ખેતરમાં શાલ સળગાવી દીધેલ તે જગ્યા બતાવતા ત્યાંથી બળેલ રાખ તપાસ અર્થે કબજે કરેલ છે અને તે હકીકતને પંચનામાથી ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

(૪) ગુના સમયે આરોપી ભાવીને જે કપડા પહેરેલા તે કપડા જે જગ્યાએ છં તાડેલ તે જગ્યા આરોપીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ ના પંચનામા મુજબ બતાવી તેવી જગ્યા ઉપરથી આરોપીના કપડા કબજે કરવામાં આવેલ અને તે કપડા ઉપરથી મરણજનારનુ લોહીની હાજરી પણ એફ.એસ.એલ. પૃથ્થકરણ દરમ્યાન મળી આવેલ છે.

(૫) આરોપી ભાવીનના ખિસ્સામાંથી મળી આવેલ ચલણી નોટો ઉપરથી પણ મરણજનારના રૂધિર જુથની હાજરી મળી આવેલ છે.

(૬) આરોપી પ્રફુલે બનાવ સમયે પહેરેલ કપડા મહારાષ્ટ્ર રાજયમાં તેઓ શીરડી જતી વખતે ત્યાં ફેંકી દીધેલ તેને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ ના પંચનામા મુજબ કપડા ફેંકેલા તે જગ્યા આરોપીએ બતાવી હતી અને જગ્યા ઉપરથી આરોપીના કપડા કબજે કરવામાં આવેલ છે. અને તે કપડા ઉપરથી મરણજનારનુ લોહીની હાજરી પણ એફ.એસ.એલ. પૃથ્થકરણ દરમ્યાન મળી આવેલ છે. આમ, ફરીયાદતપક્ષે મહત્વના તમામ સંયોગો આ કામે આરોપી દોષિત હોવા સંબંધેના પુરવાર કરેલ હોય, આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષે શંકા રહીતરીતે પુરવાર કરેલ છે.

**૭.** આરોપી તરફે તેઓનાં વિ.વ. શ્રી એન.એસ.પ્રધાન ધ્વારા મૌખિક દલીલો કરેલ છે. આ દલીલનાં મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે ::–

(૧) આ કામે આરોપીઓને જે સાહેદોએ મરણજનારની વાડી તરફ જતા જોયેલ હતા તે સાહેદોએ આરોપીઓને અંધારામાં માત્ર અવાજ આધારે ઓળખ કરેલ હતી અને આરોપીઓની સાથે જે તે સમયે મરણજનાર ન હતા તેથી આ કામે ફરિયાદપક્ષનો કેસ લાશ સીન ટુ ગેધરની થીયરી ઉપર આધારીત હોવાનુ માની શકાય તેમ નથી.

(૨) મરણજનારને મારવામાટે વપરાયેલ કોદાળી કે જે આરોપીઓએ શોધી બતાવેલાનુ કહેવામાં આવે છે તે કોદાળી ઉપરથી મરણજનારના કોઈ લોહીની હાજરી મળેલ નથી. આમ, આ કોદાળી વડે મરણજનારનુ ખુન કરવામાં આવેલાનુ ફરીયાદપક્ષ સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૩) આ કામે આરોપીઓના લોહી વાળા કપડા જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ પંચનામા અન્વયે કબજે કરવામાં આવેલાનુ કહેવામાં આવે છે તે કપડા ખુલ્લી જગ્યા એટલે કે ત્યાં કોઈપણ વ્યકિત આવી જઈ શકે તેવી જગ્યાએ થી કબજે કરવામાંા આવેલ છે. તેથી તે કપડા આરોપીના જ હોવાનુ માની શકાય તેમ નથી.

(૪) આ કામે આરોપી ભાવીનના કપડા તેમના પત્નીએ રજુ કરતા આ કામે કબજે કરવામાં આવેલા છે. આમ, આવી કપડાની ડીસ્કવરીને ડીસ્કવરી માની શકાય નહી.

(૫) ફરીયાદપક્ષનો કેસ માત્ર શંકા ઉપર આધારીત હોય, આવા છુટા છવાયા પુરાવા ઉપર ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલો હોવાનુ માની શકાય નહી.

૮. ઉપરોકત હકીકતે સદર કામનાં આખરી નિર્ણય માટે નીચે મુજબ નાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ::–

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૨૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨.૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૧ કલાક ૦૮.૦૦ વાગ્યા દરમ્યાન હરકોઈ વખતે મોજે ડોલવણ ગામે ઢોડીયાવાડ ફળીયા માં ફરિયાદીના શેરડીના ખેતરમાં ખેતરના શેઢા ઉપર આવેલ ડેલીમાં આરોપી ઓએ આશરે પંદરેક દિવસ પહેલા ફરિયાદીના ખેતરનો રસ્તા તરીકે ઉપયોગ કરવા બાબતે મરણ જનાર સુધીરભાઈ સાથે બોલાચાલી, ઝઘડો થયેલ.જે ઝઘડાની અદાવત રાખી આરોપી ઓએ એકબીજાની મદદગારીથી ગુનાને અંજામ આપવા ગુનાહિત કાવતરૂ રચી મરણજનાર સુધીરભાઈ અમરસિંગભાઈ ઢોડીયા પટેલને કોદાળી વડે માથાના ભાગે ફટકાઓ મારી ગંભીર

ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવેલ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ કોદાળી તથા આરોપીઓએ પહેરેલ કપડા, ચપ્પલ અલગ અલગ જગ્યાએ સળગાવી દઈ પુરાવાનો નાશ કરી, ઈ.પી. કોડ કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે ::–

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

મારા ઉપરોકત નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે ::–

–:: **<u>કારણો</u>** ::–

૧૦. **<u>મુદ્દા નંબર–૧</u>** ::–

અત્રેથી સૌપ્રથમ એ બાબત ઉલ્લેખનીય છે કે હાલનો કેસ ફકત સાંયોગીક પુરાવાઓ ઉપર આધારીત છે. આ કામે બનાવને નજરે જોનાર કોઈપણ સાહેદો તપાસ દરમિયાન મળી આવેલ ન હતાં તેવા સંજોગોમાં સાંયોગીક પુરાવાઓની કડી માત્ર અને માત્ર હાલનાં આરોપીઓ જ દોષીત હોવાની હકીકત સ્પષ્ટ કરે છે કે કેમ? તે ધ્યાને લેવું જરૂરી બને છે. જયારે, અદાલત સમક્ષ માત્ર સાંયોગીક પુરાવો ઉપલબ્ધ હોય ત્યારે, જે સંજોગો ફરીયાદ પક્ષ તરફથી અદાલત સમક્ષ મુકવામાં આવે તે તમામ સંજોગો તમામ શંકાથી પર સ્વતંત્રરીતે પુરવાર થવા જોઈએ. તે સંજોગો હોય કે હોઈ શકે તેમ નહીં પરંતુ, તે જ સંજોગો હતાં તેમ ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે અને આ તમામ સંજોગો એવા હોય કે જે એક માત્ર આરોપીઓ દોષીત છે તેવા નિર્ણય તરફ દોરી જાય અને અન્ય કોઈ સંભાવના ન

હોય, અન્ય કોઈ વિકલ્પ ન હોય અને કશી જ શંકા ન હોય, આ તમામ સંજોગો એકબીજા સાથે સંકળાયેલા હોય, એટલે કે, તેની કડીબધ્ધતા અનિવાર્ય ગણવામાં આવી છે અને તે તમામ સંજોગોની સર્વગ્રાહી વિચારણા કરતા તે આરોપી નાં દોષીતપણા માટે સુસંગત હોય.

નામદાર સર્વોચ્ચ અદાલતે સાંયોગીક પુરાવાનાં મૂલ્યાંકન માટે પ્રસ્થાપિત કરેલ છેલ્લા અગ્રગણ્ય ચુકાદાની ચર્ચા કરવામાં આવે તો, તે નીચે મુજબ છે ::–

**AIR 2002 SUPREME COURT 3164 :: 2002 AIR SCW 3655 Bodh Raj alias Bodha and others v. State of J. and K.**

(A) Evidence Act (1 of 1872), S.3—Circumstantial evidence-Can be sole basis for convict ion - Condit ions to be satisfied, stated. For a crime to be proved it is not necessary that the crime must be seen to have been committed and must, in all circumstances be proved by direct ocular evidence by examining before the Court those persons who had seen its commission. The offence can be proved by circumstantial evidence also. The principal fact or factum probandum may be proved indirectly by means of certain inferences drawn from factum probans, that is, the evidentiary facts. To put it differently circumstantial evidence is not direct to the point in issue but consists of evidence of various other facts which are so closely associated with the fact in issue that taken together they form a chain of circumstances from which the existence of the

principal fact can be legally inferred or presumed. There is no doubt that conviction can be based solely on circumstantial evidence but the conditions precedent before conviction could be based on circumstantial evidence, must be fully established. They are :

**(1)** the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must' or 'should' and not 'may' be established;

**(2)** the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

**(3)** the circumstances should be of a conclusive nature and tendency;

**(4)** they should exclude every possible hypothesis except the one to be proved; and

**(5)** there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

ઉપરોકત અગ્રગણ્ય ચુકાદાનાં પ્રકાશમાં આ કામે રજુ થયેલ સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ છે કે કેમ? અને આવા સાંયોગીક પુરાવાઓ સ્વતંત્ર રીતે પુરવાર થાય છે કે કેમ? અને આ તમામ સંજોગો અન્ય કોઈ નહીં પરંતુ, માત્ર આરોપીઓ જ દોષિત છે તેવા નિર્ણય તરફ દોરી જાય છે કે કેમ?

તે માટે રજુ થયેલ એક પછી એક પુરાવાઓની ચર્ચાઓ નીચે મુજબ કરવામાં આવે છે.

**૧૧. <u>ડોકટરી પુરાવાઓ અને તેનું મૂલ્યાંકન</u> :-**

ફરીયાદ પક્ષે **સાહેદ ડો.નીહા કરશનભાઈ વસાવાને આંક – ૭૦ (PW -15)** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ડોલવણ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ ઉપર હતી. તે વખતે ડોલવણ પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ. વી.આર. વસાવા તરફથી સુધીરભાઈ અમરસીગભાઈ પટેલ રહે.ડોલવણ ડુંગરી ફળીયુ, જિ.તાપીની લાશ હેડ કોસ્ટેબલ કલ્પેશભાઈ માનસીગભાઈ બ.નં. ૬૮૩ વાળા પોલીસ યાદી સાથે લાવેલા. તે અસલ પોલીસ યાદી સાથે લાવેલ છે, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૭૧ આપવામાં આવે છે. ગુજરનારની લાશને હોસ્પીટલમાં તા.૨૪/૧૨/૨૧ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે લાવવામાં આવેલ અને પી.એમ.કરવા માટે તેઓને તા.૨૪/૧૨/૨૧ ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે સુપરત કરવામાં આવેલી અને બપોરે ૩.૧૦ થી ૫.૦૦ દરમ્યાન તેઓએ તથા પેનલ ડોકટર કલ્પેશભાઈ ચૌધરી સાથે પી.એમ.કરેલુ. મૃત્યુનુ કારણ ઈન્કવેસ્ટ મુજબ નુ હતુ. આ લાશ અંદાજે ૪૦ વર્ષની ઉંમરના પુરુષની હતી તેઓએ બ્લુ કલરનુ ટીશર્ટ બ્લેક કલરનુ પેન્ટ કથ્થઈ કલરનુ અંદરવેર તેના સ્કીપર લખેલ અને ઈલાસ્ટીક પર ૦૭ લખેલ હતુ અને બ્લુ ટીશર્ટ ઉપર ડાર્ક બ્લુ કલરનુ જેકેટ પહેલર હતુ. જેકેટ અને ટીશર્ટ લોહી અને ધુળથી ખરડાયેલ હતુ અને પેન્ટ પર ધુળથી ખરડાયેલુ હતુ અને લાશ ઓળખાયેલી હતી. લાશ સામાન્ય બાંધાની અને ઠંડી પડી ગયેલ હતી, રાયગર મોટીસ સંપુર્ણ શરીર માં ફેલાયેલુ હતુ પી.એમ.લીવીડીટી શરીરના પાછળના ભાગમાં દબાયેલ ભાગ સિવાયમાં ફેલાયેલ હતી, જમણી આંખ ખુલ્લી

હતી અને ડાબી આંખ કેવીટીમાં જતી રહેલી હતી,મો ખુલ્લુ હતુ અને તેમાં ગંઠાયેલુ લોહી હતુ અને નાક અને કાનમાંથી લોહી નીકળતુ હતુ. બાહ્ય ઈન્દ્રીય ઉપર કોઈ ઈજા ન હતી. દર્દીને તપાસતા નીચે મુજબની બ્રાહ્ય ઈજાઓ માલુમ પડેલી.

(૧) શરીરના માથાના આગળના ડાબા પરાઈટલ ભાગમાં આશરે ૧૫ સેમી લાંબો ૬ સેમી પહોળો ૪ સેમી ઉંડાઈનો કપાયેલો ઘા જોવા મળેલ હતો. માથાના આગળ પરાઈટલ ભાગમાં ખોપરીનુ વિભાજીત અસ્થીભંગ જોવા મળેલ.

(૨) શરીર પર માથાના ડાબી બાજુના પરાઈટલ ભાગમાં છુંદાયેલો ઘા ૮×૪ સે.મી. નો માલુમ પડેલ. તે ખોપરીના અસ્થીભંગ સાથે જોવા મળેલ.

(૩) શરીર પર ડાબી બાજુના માથાના આગળના ભાગમાં એક છુદાયેલો ઘા આશરે ૬ સેમી લાંબો અને ૨ સેમી. પહોળો ડાબી આંખની ઉપરના ભાગે જોવા મળેલ.

(૪) શરીર ઉપર ડાબા નીચેના હોઠના ખુણા પર ૪×૧×૧ સેમી નો ભોકાયેલો ઘા જોવા મળેલ જે હોઠની નીચેની તરફ જતો હતો.

(૫) શરીર પર ડાબા જડબા પર કપાયેલો ઘા ૩×૩×૧ સેમીનો જોવા મળેલ તે મેન્ડીબલના હાડકાના અસ્થીભંગ સાથેનો હતો.

(૬) શરીર પર જમણા કાન પર છુદાયેલો ઘા આશરે ૫×૪ સેમી નો જોવા મળેલ, કાનનો એક ભાગ કપાયેલો હતો

(૭) શરીર ઉપર ડાબા કાન પર છુદાયેલો ઘા આશરે ૨×૩ સેમી જોવા મળેલ.

(૮) શરીર પર જમણા ઘુટણે ઘસરકો ૨×૩ સેમીનો જોવા મળેલ.

શરીરની બ્રાહ્ય અને સ્પર્શીને તપાસ કરતા (૧) ૧૨×૬ સેમીનો કોમ્યુનીકેટેડ ફ્રેકચર સાથે ડીપ્રેસ ફ્રેકચર ખોપરીના હાડકામાં પેરાઈટલ એરીયામાં જોવા મળેલ. (૨) ૬×૩ સેમીનો પ્રેસર ફ્રેકચર પેરાઈટલ એરીયાના ડાબી બાજુ જોવા મળેલ.(૩) મેન્ડીબલ ના હાડકામાં ફ્રેકચર જોવા મળેલ. ઉપરોકત તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.

લાશની આંતરીક તપાસ કરતા માથામાં કોલમ નં.૧૭ માં દર્શાવેલ ૧,૨, ૩ ની આનુસંગીક ઈજા ઓ જોવા મળેલ અને ખોપરીની તપાસ કરતા કોમલ– ૧૮ માં દર્શાવેલ ઈજાઓની આનુસંગીક ઈજાઓ જોવા મળેલ. મગજની તપાસ કરતા મગના આગળના પરાઈલટ ભાગમાં છુદાયેલો અને ઉજરડા વાળો ઘા આશરે ૧૦×૫ સેમીનો જોવા મળેલ. મગજના ડાબી બાજુ પરાઈલટ ભાગમાં કન્ટયુજન હેમરેજ અંદાજે ૬×૩ સેમીનુ જોવા મળેલ. છાતી સામાન્ય હતી, ફેફસાનો પડદો કન્જસ્ટેડ હતો, કન્ઠેન્દ્રીય વિગેરે સામાન્ય અને કન્જસ્ટેડ હતા. બન્ને ફેફસા સામાન્ય અને ફીકા પડી ગયેલ હતા હદય સામાન્ય અને ફીકુ પડી ગયેલ હતુ. પેટની દિવાલ, પેરેટોનીયમ સામાન્ય હતા. કેવીટી સામાન્ય અને ફીકી પડી ગયેલ હતી, મો, અન્નનળી સામાન્ય હતા, હોજરીમાં અર્ધ પચેલ પીળા કલરનો ખોરાક મટીરીયલ જોવા મળેલ હતુ, નાના આંતરડામાં અર્ધ પચેલ ખોરાક જોવા મળેલ હતુ. મોટા આંતરડામાં મળ અને ગેસ જોવા મળેલ હતુ, યકૃત ફીકુ પડી ગયેલ હતુ, અન્નાસય સામાન્યહતુ, બરોડ ફીકી પડી ગયેલ હતુ. મૃત્રપીંડ અને બ્લેડર સામાન્ય હતા, જનેન્દ્રીય સામાન્ય હતી. પી.એમ. કરતા દરમ્યાન લાશ ઉપરથી વીસેરા રાસાયણીક તપાસ કરવા માટે લીધેલા એમા (૧) બોટલ નં.૧ માં પેટ અને નાના મોટા આતંરડાના અવશેસો, બોટલ નં.૨માં ફેફસા ,લીવર બરોડ, હદય અને કીડનીના અવશેસો, બોટલ નં.૩ મા લોહીના નમુના અને બોટલ નં.૪ વાળના નામુના લીધેલ હતા.

કરોડરજજુ સામાન્ય હતી. પ્રથમ તબકકે મૃત્યુનુ સંભવીત કારણ હીસ્ટોપેથોલોજી અને એફ.એસ.એલના રીપોર્ટ આવ્યા બાદ આપવાનુ પી.એમ. નોટમાં જણાવેલુ. પી.એમ. નોટની સાથે પ્રાથમીક કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટલ આપેલુ ત્યારબાદ એફ.એસ.એલ.ના રીપોર્ટ નો અભ્યાસ કર્યા બાદ **અમોએ ફાયનલ કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ આપેલ અને તે મુજબ ગુજરનારનુ સંભવીત કારણ માથાના ભાગે થયેલ ઈજાના કારણે શરીરમાંથી લોહી વહી જવાના કારણે હદય અને શ્વસતંત્ર બંધ થયેલાના કારણે થયેલાનુ આપેલ.** તેમને આંક–૭૨ ની પી.એમ.નોટ બતાવતા, જે પી.એમ.નોટના હસ્તાક્ષર તેના છે અને તેમાં તેમની તથા પેનલ ડોકટર કલ્પેશભાઈ ચૌધરીની સહી છે અને હોસ્પીટલના સીકકા છે જે તેઓ રજુ કરે છે, તેઓએ આપેલ ફાયનલ કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ બતાવતા તેમાં તેમની તથા ડો.કલ્પેશભાઈ ચોધરીની સહી છે અને હોસ્પીટલનો સીકકો છે જે તેઓ રજુ કરે છે, જેને રજુ દાખલ આંક–૭૩ આપવામાં આવે છે. **ગુજરનારને થયેલી ઈજા ઓ કુદરત ના સામાન્ય ક્રમમાં કોઈપણ વ્યકિતનુ મૃત્યુ પહોચાડવા માટે પુરતી હતી. લાશ ઉપરની બાહય ઈજાઓ બોથડ અને ધારદાર હથિયારથી થઈ શકે તેવા પ્રકારની હતી. તેમને મુદ્દા આર્ટીકલ નં.૧૬ ની કોદાળી બતાવતા, જેના ધાર વાળા ભાગથી મારવામાં આવે તો કપાયેલો ભાગ થાય અને તેના પાછળના મુન્ધરના ભાગથી મારવામાં આવે તો છુંદાયેલો ઘા થઈ શકે.**

સદર ડોકટર સાહેદની આરોપીનાં વિ.વ. શ્રીએ ઉલટતપાસ દરમ્યાન જણાવેલ છેકે, પી.એમ. કરતી વખતે તેઓ અને પેનલ ડોકટર બે જ જણ હાજર હતા. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છેકે, કોઈ વ્યકિત પડે અને તેની આંખ પથ્થરના સંપર્કમાં આવે તો કોલમ નં.૧૩ માં દર્શાવેલ છે તેવી ઈજા થઈ શકે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, તેઓએ તેમના કોલમ નં.૧૩ માં આંખ

ની ઈજાઓ ઈજા થવાથી થયેલ હોવાનુ દર્શાવેલ નથી. કોલમ નં.૧૭ માં દર્શાવેલ ઈજા નં.૧ કોઈ વ્યકિત ઝાડ સાથે અને સખત બોથડ પદાર્થના સંપર્કમાં આવે તો થઈ શકે તેવી ન હતી. એ વાત સાથે તેઓ સંમત નથી કે કોઈ વ્યકિત બેઠેલી સ્થિતીમાં હોય અને ઉભો થાય અને ઉપરના ભાગે લોખંડ હોય તેની સાથે માથુ અથડાઈ તો આવી ઈજા થઈ શકે. કોલમ નં.૧૭ ની ઈજા નં.૩ જુની ન હતી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, તેઓએ પી.એમ.નોટમાં તે જુની હતી કે તાજી હતી તેનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત સાથે તેઓ સમંત નથી કે કોઈ વ્યકિત કઈ ખાતુ હોય અને હોઠ બે દાંતની વચ્ચે દબાઈ જાય તો આવી ઈજા થઈ શકે. બાહય ઈજા નં.૫ જોઈને કહે છે કે આ ઈજા કોઈ વ્યકિત બાઈક ઉપરથી પડી જાય અને દાઢીનો ભાગ રોડ સાથે અથડાઈ તો આવી ઈજા થઈ શકે નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, તેઓએ તમામ ઈજાઓની એઈજ ઓફ ઈન્જરી બતાવેલ નથી તથા તેઓએ ઈજાઓના માર્જીન બતાવેલ નથી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઈજા નં.૮ માં દર્શાવેલ ઉજરડો કોઈ વ્યકિત વાહન ઉપરથી પડી જાય તો થવાની સંભાવના છે. પી.એમ. કરતા પહેલા ગુજરનારનુ મૃત્યુ ૮ થી ૧૨ કલાક પહેલા થયેલ હશે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામાના આધારે તેઓએ પી.એમ. નોટ તૈયાર કરેલ છે.

ઉપરોકત મરણજનારનુ પી.એમ.કરનાર તબીબી સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, મરણ જનારનું મૃત્યુ કુદરતી કે અકસ્માતના પરીણામે થયેલ ન હતુ તેવી હકીકત સ્પષ્ટ બને છે. ફરિયાદપક્ષે મરણજનારનું મૃત્યુ માથાના ભાગે થયેલ ઈજાના કારણે શરીરમાંથી લોહી વહી જવાના કારણે હદય અને શ્વસતંત્ર બંધ થયેલાના કારણે થયેલ હોવાનુ રેકર્ડ ઉપર

પુરતા પુરાવા રજુ કરી પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે. મરણજનારનુ મૃત્યુ નિપજાવવા માટે જે હથિયાર કોદાળી નો ઉપયોગ કરવામાં આવેલાનો આક્ષેપ છે તે હથિયારને તબીબી નિષ્ણાંતે પુરાવા દરમ્યાન જોઈ તેનાથી મરણજનારના શરીરે જોવા મળેલ ઈજાઓ સંભવી શકે તેવો સ્પષ્ટ અભિપ્રાય આપેલો છે. તે જોતા, આ કામે મરણજનારનુ મૃત્યુ ગુનાના પરીણામે હતુ તેવી હકીકત પણ આ કામના ફરીયાદપક્ષ શંકારહિત રીતે પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ સ્પષ્ટ બને છે.

આમ, જયારે ફરીયાદ પક્ષે મરણ જનાર સુધિરભાઈનું મૃત્યુ અકુદરતી સંજોગોમાં થયેલ હોવાનું પુરવાર કરેલ છે ત્યારે, મરણ જનારનું મૃત્યુ આ કામનાં આરોપીઓએ મોજે ડોલવણ ગામે ઢોડીયાવાડ ફળીયામાં ફરિયાદીના શેરડીના ખેતરમાં ખેતરના શેઢા ઉપર આવેલ ડેલીમાં મરણજનાર સુધીરભાઈ અમરસિંગ ભાઈ ઢોડીયા પટેલને કોદાળી વડે માથાના ભાગે ફટકાઓ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેને મોતને ઘાટ ઉતારેલ છે કે કેમ? તે વિશે ફરીયાદ પક્ષે રજુ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે જે નીચે મુજબ છે.

**૧૨.** આ કામનાં ફરીયાદ પક્ષે ઈન્કવેસ્ટ પંચનામુ પુરવાર કરવા માટે **સાહેદ પ્રકાશભાઈ કલ્યાણભાઈ પટેલનાંઓને આંક–૧૫ (PW-1)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં

તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ અગિયારેક વાગ્યાના અરસમાં અમરસીંગભાઈના ખેતરે ડેલા પાસે સુધીરભાઈનુ મર્ડર થયેલ હતુ તે જોવા ગયેલ. ત્યાં પાંચક મીનીટ પછી પોલીસ આવેલી. પોલીસે તેઓને જણાવેલ કે સુધીરભાઈની લાશનું પંચનામું કરવાનુ હોય, પંચ તરીકે તેઓ તથા બીજા પંચ વિરલભાઈ પટેલ હતા. આ લાશ અમરસિંગભાઈએ ઓળખી બતાવેલી.

મરનારને માથાના ભાગે ઈજા થયેલ તે લખેલી. મરનારે બ્લેક કલરનું પેન્ટ, વાદળી ટી–શર્ટ અને બ્લ્યુ જેકેટ અને બ્લ્યુ કલરની અંડરવેર પહેરેલ હતી. પોલીસે મરનારની શરીરસ્થિતિનું વિગતવાર પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટમ કરવા મોકલેલ પંચનામામાં તેઓની તથા બીજા પંચની સહી ઓળખી બતાવી, પંચનામુ આંક–૧૬ થી પુરાવા માં રજુ રાખેલ છે. તેમજ સદર પંચ સાહેદની આરોપીનાં વિ.વ. શ્રીએ હાથ ધરેલ ઉલટતપાસ ધ્યાને લેતા, પંચનામાની હકીકત તેમજ પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલાની હકીકત શંકાપ્રેરક બનતી હોય તેમ જણાય આવતુ નથી. આ કામે ફરિયાદપક્ષે મરણજનારનુ મૃત્યુ બાદ કરવામાં આવેલ ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલ હતુ. તેવી હકીકત સ્પષ્ટ પુરાવાઓથી પુરવાર કરવામાં આવેલ હોવાનુ માનવાનુ રહે છે.

**૧૩.** આ કામનાં ફરીયાદ પક્ષે તા.૨૪/૧૨/૨૧ ના રોજનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર કરવા માટે **પંચ સાહેદ નવીનભાઈ સોમાભાઈ પટેલનાંઓને આંક –૨૬(PW-3)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં

ડોલવણ પોલીસે તેઓને તા.૨૪/૧૨/૨૧ ના રોજ એકાદ વાગ્યાના અરસામાં ડોલવણ મુકામે ઢોડિયાવાડમાં આવેલ ગુનાવાળી જગ્યાએ પંચ તરીકે બોલાવેલા. તેઓની સાથે બીજા પંચ મહેશભાઈ બહાદુરભાઈ પટેલ હતા. તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવાની સમજ આપેલી. ગુનાવાળી જગ્યા મરણજનારના પિતા અમૃતભાઈ રામાભાઈ પટેલે બતાવેલી. ગુનાવાળી જગ્યા સર્વે નં.૧૦૭૪ ના ખેતરના શેઢા પર ડેલો આવેલ ત્યાં હતી. જે ડેલો આર.સી.સી.નો હતો અને ૧૫× ૨૨ નો હતો. ગુનાવાળી જગ્યાએ એક પલંગ, પાવડો, કોદાળી, કાતરની કોથળી, ટોપી તથા ડેલાના દરવાજા પાસે સ્પ્લેન્ડર મોટરસાઈકલ હતુ. પોલીસે માત્ર ટોપી કબજે કરેલ હતી. ગુનાવાળી

જગ્યાએથી લોહીના ડાઘાવાળી માટી તથા સાદી માટીનું સેમ્પલ નમુના તરીકે લીઘેલા. પંચનામા સમયે કબજે કરવામાં આવેલ ચીજવસ્તુ જેવી કે મુદ્દામાલ ટોપી, કંટ્રોલ માટી, લોહીના ડાઘાવાળી માટીના સેમ્પલ બતાવતા જેમાંથી તેઓ પંચોનીની સહીવાળી કાપલી નીકળેલ તેમાં પંચ નં.ર તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ તેમજ પંચનામુ પુર્ણ થયા બાદ પંચ નં.૧ તરીકે મહેશભાઈ પટેલે તથા પંચ નં.ર તરીકે તેઓએ સહી કરેલી જે સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. જેને પુરાવામાં આંક– ૨૭ થી આંક–૩૦ સુધીના રજુ રાખેલ છે.

સદર પંચ સાહેદની આરોપીનાં વિ.વ. શ્રીએ હાથ ધરેલ ઉલટતપાસ ઘ્યાને લેતા, પંચનામાની હકીકત તેમજ પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલાની હકીકત શંકાપ્રેરક બનતી હોય તેમ જણાય આવતુ નથી. આ કામે ફરિયાદ પક્ષે મરણજનારનુ મૃત્યુ બાદ કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચો ની હાજરીમાં કરવામાં આવેલ હતુ. તેવી હકીકત સ્પષ્ટ પુરાવાઓથી પુરવાર કરવામાં આવેલ હોવાનુ માનવાનુ રહે છે. વઘુમાં સદર પંચ સાહેદની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મુદ્દામાલ ટોપી, કંટ્રોલ માટી, લોહીના ડાઘાવાળી માટીના સેમ્પલ કબજે કરવામાં આવેલ હોવાનુ જણાય આવતુ હોય, ગુનાવાળી જગ્યાના પંચનામાં જણાવેલ હકીકત ફરીયાદ પક્ષે શંકારહીત પુરવાર કરેલ હોવાનું માનવાનું રહે છે.

**૧૪.** આ કામનાં ફરીયાદ પક્ષે મરણજનારની લાશ ઉપરથી કપડા કબજે કર્યાનું પં ચનામુ તા.૨૪/૧૨/૨૧ ના રોજનુ પુરવાર કરવા માટે **સાહેદ સુરેશભાઈ મનુભાઈ ઢોડીયાપટેલનાંઓને આંક–૩૧ (PW-4)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં

'' ડોલવણ પોલીસે મને તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ સાંજે પાંચેક વાગ્યે ડોલવણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. મારી સાથે બીજા હિતેશભાઈ બચુભાઈ પટેલ પંચ તરીકે હતા. અમોને મરણજનાર સુધીરભાઈ અમરસીંગભાઈના કપડાનું પંચનામું કરવાનું હોવાથી બોલાવેલા. તે સમયે પોલીસ કલ્પેશભાઈ હતા તેઓએ મરનારના કપડા બતાવેલા. કપડામાં વાદળી બ્લ્યુ કલરની ટી-શર્ટ, બ્લ્યુ કલરનું જેકેટ અને કાળા કલરનું પેન્ટ હતુ. મને મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકું. મને આજરોજ પંચનામા સમયે કબજે કરેલ મરનારના કપડા બતાવવામાં આવે છે જે અમારા રૂબરૂ કબજે કરેલ તે જ કપડા છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫ વાદળી બ્લ્યુ કલરની ટી-શર્ટની સાથે મુકવામાં આવેલ અમો પંચોની સહીવાળી કાપલી બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૩૨ (P-1/PW-4)** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૬ બ્લ્યુ કલરના જેકેટ ની સાથે મુકવામાં આવેલ અમો પંચોની સહીવાળી કાપલી બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૩૩ (P-2/PW-4)** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૭ કાળા કલરના પેન્ટની સાથે મુકવામાં આવેલ અમો પંચોની સહીવાળી કાપલી બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૩૪ (P-3/PW-4)** આપવામાં આવે છે. પંચનામાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ પોલીસે અમારી સહી કરાવેલી. મને નિ.૧૧/૭ થી રજુ થયેલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૩૫ (P-4/PW-4)** આપવામાં આવે છે.

તેમજ પંચ સાહેદની આરોપીનાં વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસ ઘ્યાને લેતા,તેમાં તેઓએ જણાવેલ છેકે, મારા ગામથી ડોલવણ પોલીસ સ્ટેશન આશરે ચારેક કિલોમિટર દૂર છે. પોલીસ સ્ટેશનની આજુબાજુ રહેણાક મકાનો છે અને ત્યાં આજુબાજુ ચાની લારી, દુકાનો આવેલી છે અને વાહનોની અવરજવર હોય છે. ફરિયાદી અમૃતભાઈ, હું તથા બીજા પંચ હિતેશભાઈ એક જ ગામના છીએ. પોલીસ કલ્પેશભાઈ આ કપડા કયાંથી લાવેલા તેની મને ખબર નથી. **એ વાત ખરી છે કે પોલીસ કલ્પેશભાઈએ આ કપડા મરનાર સુધીરભાઈના છે તેવું કહેતા મેં માની લીધું.** એ વાત ખરી નથી કે અમારા ગયા પહેલા પંચનામા નું લખાણ તૈયાર કરેલ હતું. આ પંચનામું કલ્પેશભાઈ જાતે લખતા હતા. જે કાગળમાં લખતા હતા તે કાગળ પહેલાથી કોરૂ હતું. એ વાત ખરી નથી કે ફરિયાદીને હું અને હિતેશભાઈ અગાઉથી ઓળખતા હોઈ પંચનામાની કાર્યવાહી દરમ્યાન હાજર ન હોવા છતાં પોલીસે કરેલ તૈયાર પંચનામામાં અને કાપલીમાં પાછળથી અમારી સહીઓ લઈ લીધેલ તેમજ અમારી રૂબરૂ કોઈપણ મુદ્દામાલ કપડા કબજે કરવામાં આવેલ ન હોવા છતાં આજરોજ નામદાર કોર્ટમાં ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે આજરોજ હું ખોટી જુબાની આપુ છું.

ફરીયાદપક્ષના કેસ મુજબ આ કપડા પી.એમ.કર્યા બાદ ડોકટર તરફથી પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશને સોપતા તેઓએ આ કપડા પોલીસ સ્ટેશન જઈ રજુ કરેલા જે સમયે આ આંક–૩૫ વાળુ પંચનામુ કરવામાં આવેલ હતુ. તેવા સંજોગો માં પંચો રૂબરૂમાં આ કપડા પોલીસ સ્ટેશને કબજે કરવામાં આવેલાની હકીકતને પંચોએ પુરેપુરુ સમર્થન આપેલ હોય, મરણજનારની લાશ ઉપરના કપડા પોલીસ સ્ટેશને જઈને રજુ કરતા તે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલાની હકીકતને સંપુર્ણ પણે સમર્થન પ્રાપ્ત થતુ હોય, ફરીયાદ પક્ષે આ કામે આંક

-૩૫ વાળુ પંચનામુ શંકારહીત પુરાવો રજુ કરી પુરવાર કરેલ હોવાનું માનવાનું રહે છે.

**૧૫.** આ કામનાં ફરીયાદ પક્ષે આરોપીઓની અટક કર્યાનું તથા તેઓની અંગ ઝડતીમાં જપ્ત કરેલ મોબાઈલ તથા રૂા.૫૦૦/-ની ચલણી નોટ તથા સી.બી.ઝેડ મોટરસાયકલ નં.૩૮૩૮ કબજે કર્યાનું પંચનામુ તા. ૨૫/૧૨/૨૧ ના રોજનુ પુરવાર કરવા માટે **સાહેદ મહેશભાઈ ગમનભાઈ ઢોડિયા પટેલનાંઓને આંક-૩૭ (PW-5)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,

''તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ ડોલવણ પોલીસે મને તથા બીજા પંચ જયેશભાઈ ગણપતભાઈ ઢોડિયાપટેલને ડોલવણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. ખુન થયેલ છે તે ગુનાના કામે ત્રણ ઈસમ ત્યાં હાજર હતા તેમનું પંચનામું કરવાનું છે તેવું કહેલ. તેથી અમોએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલ. આ ઈસમો પૈકી પહેલા ઈસમ ભાવિન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડિયાપટેલ, બીજા ઈસમ પ્રફુલભાઈ પ્રકાશભાઈ ઢોડિયાપટેલ અને ત્રીજા ઈસમ રાહુલભાઈ દિલીપભાઈ ગામીત કરીને હતા. આરોપી ભાવિન અને પ્રફુલ પાસેથી બે મોબાઈલ મળેલા. તે પોલીસે જપ્ત કરેલ. આ બે ઈસમો પૈકી એક ઈસમ પાસેથી રૂા.૫૦૦/- ના દરની બે નોટ લોહીવાળી મળી આવેલ. હવે કહું છું કે આ ચલણી ભાવિન પટેલના કબજામાંથી મળી આવેલ. ત્રીજા ઈસમ રાહુલ પાસેથી કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહિ. આ પંચનામા દરમ્યાન એક સી.બી.ઝેડ. મોટરસાઈકલ નં.૩૮૩૮ હતો તે કબજે કરેલ. કાર્યવાહી પૂર્ણ થયા બાદ પંચનામાના અંતે અમો પંચોની સહીઓ લીધેલ. મને નિ.૧૧/૧૦ થી રજુ થયેલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં મારી તથા બીજા

પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક−૩૮(P-1 /PW-5)** આપવામાં આવે છે. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકું. મને મુદ્દામાલ રૂા.૫૦૦/−ના દરની બે ચલણી નોટ તથા રેડમી કંપનીનો બ્લ્યુ કલર નો મોબાઈલ બતાવવામાં આવે છે તે જોઈને કહું કે ભાવિન પટેલ પાસેથી કબજે કરેલ ચલણી નોટ તથા મોબાઈલ તે જ છે. બીજો લીલા કલરનો રેડમી કંપની નો મોબાઈલ પ્રફુલભાઈ પટેલ પાસેથી કબજે કરેલ તે જ છે. આજરોજ કોર્ટમાં ભાવિનભાઈ પટેલ તથા પ્રફુલભાઈ પટેલ હાજર છે.''

પંચ સાહેદની આરોપીનાં વિ.વ. શ્રીએ કરેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદી ડુંગરી ફળિયામાં રહે છે અને હું ઢોડિયાવાડ માં રહું છું. આ બન્ને ફળિયા વચ્ચે દોઢેક કિલોમીટરનું અંતર છે. ફરિયાદી અને તેના પુત્રને અમો બન્ને પંચો સારી રીતે ઓળખી એ છીએ. સુધીરભાઈનું ખુન થયેલ તેની જાણ પંચનામું કરવામાં આવ્યું તે પહેલા મને થયેલ હતી. ફરિયાદીને ત્યાં બેસણામાં પણ અમારે જવાનું થયેલ. અમારા ફળિયાથી અંધારવાડીદુર સાત−આઠ કિલોમીટર દુર છે. અંધારવાડીદુર ગામમાં આશરે ત્રણેક હજારની વસ્તી છે. હું અને જયેશભાઈ ખેતીકામ કરીએ છીએ. અમો ખેતીકામ માટે સવારે નીકળી સાંજે પરત આવીએ છીએ. ડોલવણ પોલીસ સ્ટેશનની આજુબાજુ રહેણાક વિસ્તાર છે, ચા, પાનની દુકાનો, લારીઓ છે અને જાહેર રસ્તો છે જેથી માણસોની અવરજવર હોય છે. પોલીસે અમોને ફોન કરીને બોલાવેલા. પોલીસ પાસે મારો ફોન નંબર અગાઉથી હતો. આ અગાઉ નાના મોટા ગુનામાં મને પંચ તરીકે પોલીસે બોલાવેલ છે. ડોલવણ પોલીસ ધ્વારા મને પંચમાં બોલાવવામાં આવતા. પોલીસે મને સવારે નવેક વાગ્યે ફોન કરેલો અને દશેક વાગ્યે હું પોલીસ સ્ટેશન પહોંચેલ. તે વખતે પંચનામામાં જણાવેલ ત્રણેય ઈસમો પોલીસ સ્ટેશનમાં હતા.

આ ત્રણેય ઈસમોને પોલીસ કયાંથી લાવેલ છે અને કેવા સંજોગોમાં લાવેલ છે તેની મને ખબર નથી. પોલીસે અમારી હાજરીમાં તેઓના નામ પુછી તેના પાસેથી મુદ્દામાલ કબજે કરેલ અને પંચનામામાં અમારા બન્ને પંચોની સહી લીધેલ. પંચનામામાં આઈ.એમ.ઈ.આઈ. નંબર પોલીસે લખેલ. આ નંબર કયાંથી લખેલ તે ખબર નથી. પંચનામું ક્રમાનુસાર કેવી રીતે લખવાનું હોય તેની મને ખબર નથી. પરંતુ અમો પંચો પંચનામું લખાવતા હતા. પંચનામું કોમ્પ્યૂટર પર રાઈટર ટાઈપ કરતા હતા. એ વાત ખરી નથી કે ફરિયાદીને હું અને જયેશભાઈ અગાઉથી ઓળખતા હોઈ પંચનામાની કાર્યવાહી દરમ્યાન હાજર ન હોવા છતાં પોલીસે કરેલ તૈયાર પંચનામામાં પાછળથી અમારી સહીઓ લઈ લીધેલ તેમજ અમારી રૂબરૂ કોઈપણ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોવા છતાં આજરોજ નામદાર કોર્ટમાં મુદ્દામાલ અને આરોપીને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે આજરોજ હું ખોટી જુબાની આપુ છું.

આમ, આરોપીઓની અટક કર્યાના પંચનામામા બાબતે રજુ થયેલ ઉપરોકત સરતપાસ અને ઉલટતપાસનો પુરાવો ધ્યાને લેતા, સદર પંચ સાહેદની હાજરીમાં આરોપીઓની અટક કર્યાનું તથા તેઓની અંગ ઝડતીમાં જપ્ત કરેલ મોબાઈલ તથા રૂા.૫૦૦/–ની ચલણી નોટ તથા સી.બી.ઝેડ મોટરસાયકલ નં. ૩૮૩૮ કબજે કરવામાં આવેલ હોવાનુ જણાય આવતુ હોય, આરોપીઓની અટક કર્યાનું તથા અંગઝડતી કર્યાના પંચનામાં જણાવેલ હકીકત ફરીયાદ પક્ષે શંકારહીત પુરવાર કરેલ હોવાનું માનવાનું રહે છે. સાહેદ અગાઉ પંચ તરીકે રહેલ હતા તેટલા માત્રથી તેઓ આ કામે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે તેવુ માની લઈ શકાય નહી. આ ઉપરાંત બચાવ પક્ષ ઉલટતપાસ દરમ્યાના આરોપી પાસેથી મોબાઈલ ફોન અને રૂપિયા ૫૦૦ ના દરની ચલણી નોટ કબજે કરવામાં આવેલાની બાબતે શંકાપ્રેરક હોવાનુ પ્રસ્થાપિત કરી શકેલ

નથી. તેજ રીતે સમગ્ર પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલ હોવાની બાબતને પણ શંકાપ્રેરક પ્રસ્થાપિત કરી શકેલ નથી તેવા સંજોગોમાં આ કામે આરોપીઓની ધરપકડ અને તેઓની શરીર સ્થિતિનુ પંચનામુ ફરીયાદપક્ષ શંકારહિત રીતે પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

**૧૬.** આ કામનાં ફરીયાદ પક્ષે આરોપીના મેડીકલ તપાસણી કરી સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ તા.૨૮/૧૨/૨૧ ના રોજનુ પુરવાર કરવા માટે **સાહેદ પ્રકાશભાઈ રાયસીંગભાઈ પટેલનાંઓને આંક-૫૦(PW-8)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં

''તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ ડોલવણ પોલીસ સ્ટેશને પોલીસ મને બોલાવેલ. મારી સાથે તે વખતે નિતેશભાઈ રમેશભાઈ પણ હતા. તેઓને પણ બોલાવેલા. ડોલવણ ગામમાં ખૂન થયેલ તેનો ગુનો નોંધાયેલ તે કામના આરોપીના મેડીકલ ઓફિસરે સેમ્પલ લીધેલા તેનું બોકસ અને ખાખી કવર અમને બતાવી તેનું પંચનામું કરવા બોલાવેલ અને અમોએ સ્વખુશી દર્શાવેલી. અમોને બોકસ અને કવર બતાવેલા. જે બોકસ અને કવર મહેશભાઈ બાપુભાઈ પોલીસ કર્મચારીએ રજુ કરેલા. જે બોકસ અને કવર પેક હતા. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૨ નું બોકસ બતાવવામાં આવે છે. જે મારી હાજરીમાં પંચનામા વખતે રજુ કરેલું તે જ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૩ નું ખાખી કવર બતાવવામાં આવે તો હું ઓળખી શકું. (નોંધ:- મુદ્દામાલ આર્ટીકલ નં.૨૩ રજુ કરવામાં આવેલ નથી.) આ બધુ મને બતાવી પંચનામું કરી મારી સહી લીધેલી. મને નિ.૧૧/૧૪ થી રજુ થયેલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે તથા બીજા પંચ નિતેશભાઈ રમેશભાઈની સહી છે.

જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૫૧ (P-1/PW-8)</u>** આપવામાં આવે છે.''

સદર પંચ સાહેદની આરોપીનાં વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસ લેતા, તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સેમ્પલો કોના હતા તે પોલીસના કહેવાથી અને જોઈને જણાવુ છુ પરંતુ તે કોણે અને કયારે લીધેલા તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં મે સહી કરેલી. એ વાત ખરી નથી કે, મારા રૂબરૂ આવા કોઈ સેમ્પલો કબજે કરવામાં આવેલા નથી.

આમ, ડોકટર તરફથી સોપવામાં આવેલ આરોપીઓના લોહીના નમુનાઓ જે પંચો રૂબરૂ કબજે લેવામાં આવેલ હતા તે પંચનામાના પંચોએ લોહીના નમુના તેઓની રૂબરૂમાં કબજે લેવામાં આવેલાની હકીકતને સંપુર્ણ પણે સમર્થન પુરુ પાડેલ છે. આરોપીઓના લોહીના નમુનાઓ પંચો રૂબરૂ લેવામાં આવેલાનો ફરિયાદપક્ષનો પોતાનો જ કેસ નથી. તેવા સંજોગોમાં આ અનુસંધાનેની તકરાર આંક–૫૧ ના પંચનામાને તથા પંચ સાહેદની ઉપરોકત જુબાનીને શંકાપ્રેરક બનાવી શકે તેમ નથી.

**૧૭.** આ કામે ફરિયાદપક્ષે મહત્વના સંયોગો પુરવાર કરવા માટે ભારતીય પુરાવા અધિનિયમ કલમ– ૨૭ મુજબના પંચનામાઓના પુરાવા ઉપર આધાર રાખેલ છે. તેથી આરોપીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબના પંચનામામાં સમયે જણાવેલી કઈ હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે અને આવી હકીકતનું શું પુરાવાકીય મૂલ્ય છે તે વિશે નામદાર સર્વોચ્ચ અદાલત નાં છેલ્લા અગ્રગણ્ય ચુકાદાની ચર્ચા કરવામાં આવે તો, તે નીચે મુજબ છે ::–

**Bodh Raj alias Bodha and others v. State of J. and K (Supra)**

::–

(B) Evidence Act (1 of 1872), S.27— Evidence relating to recovery - Admissibility - Scope and limitation - Information that distinctly relates to fact discovered is only admissible - But it should not be so truncated as to make it insensible - Information must be recorded - If not recorded exact information must be adduced through evidence.

આ કામનાં ફરીયાદ પક્ષે આરોપી ભાવીન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડીયા પટેલનાઓએ ગુના સમયે પહેરેલ કપડા કબજે કરવા બાબતેનુ તથા ગુના સમયે વાપરેલ મોપેડનું ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબનુ પંચનામુ પુરવાર કરવા માટે **પંચ સાહેદ ભરતભાઈ ધીરૂભાઈ ઢોડિયા પટેલનાંઓને આંક–૩૯ (PW-6)**થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,

''તા.૨૬/૧૨/૨૦૨૧ના રોજ ડોલવણ પોલીસે મને તથા બીજા પંચ સતીષભાઈ ડાહયાભાઈ ઢોડિયાપટેલને ડોલવણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. સુધીરભાઈનું ખુન થયેલ હતું તે કામે પંચનામું કરવા બોલાવેલા. અમો પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ભાવિન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડિયા પટેલ અને પોલીસના માણસો હાજર હતા. ભાવિનભાઈ ગુનાવાળી જગ્યા અને ગુનામાં ઉપયોગમાં લીધેલ બાઈક અને કપડા બતાવવા માગતા હતા. તે બાબતનું પ્રાથમિક પંચનામું કરી પોલીસે અમારી સહી લીધેલ. ત્યાર બાદ સરકારી વાહનમાં પોલીસ સાથે અમો પંચો તથા ભાવિનભાઈ બેસેલા અને ભાવિનભાઈના બતાવ્યા પ્રમાણે વાહન ચલાવેલ. પહેલા અમો અમૃતભાઈના ખેતરે આવેલ ડેલીએ ગયેલા. ડેલીની અંદર ખાટલો બતાવેલ. ત્યાં થી અમો સરકારી વાહનમાં બેસી કાળિકા માતાના મંદિર ડોલવણ ચાર રસ્તા થઈ પાટી ગામે ગયેલા. ત્યાં આરોપી ભાવિનભાઈના કાકા મટરભાઈ છોટુભાઈ

ઢોડિયા પટેલના ઘરે ગયેલા. ત્યાં એક નારંગી કલરનું ડી.ઓ. મોપેડ ૧૨૩૭ નંબરનું હતું. જે ગુનાના કામે પોલીસે કબજે કરેલ. ત્યારબાદ આરોપી ભાવિનના પત્ની ડીમ્પલબેને ભાવિનભાઈના કપડા રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરેલ. જેમાં એક બહારથી ગ્રે કલરનું અને અંદરથી લાલ કલરનું જેકેટ, મરૂણ કલરનો શર્ટ તથા જાંબલી કલરનું નાઈટ પેન્ટ કબજે લીધેલ. ત્યારબાદ પોલીસ સ્ટેશન પરત આવેલા અને પંચનામાની કાર્યવાહી પૂર્ણ થતા અમારી સહી કરાવેલ. મને નિ.૧૧/૧૨ થી રજુ થયેલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૪૦ (P-1/PW-6)</u>** આપવામાં આવે છે.

મને મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકું. મને મુદ્દામાલ જેકેટ, શર્ટ તથા નાઈટ પેન્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે ભાવિન પટેલના પત્ની ડીમ્પલબેને જે કપડા રજુ કરેલા તે જ કપડા છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૩ જેકેટ સાથે પંચોની સહીવાળી કાપલી નીકળેલ છે.તે જોઈને કહું છું કે તેમાં મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૪૧ (P-2/PW-6)</u>** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૪ શર્ટ સાથે પંચોની સહીવાળી કાપલી નીકળેલ છે. તે જોઈને કહું છું કે તેમાં મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૪૨ (P-3/PW-6)</u>** આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ નાઈટ પેન્ટ સાથે પંચોની સહીવાળી કાપલી નીકળેલ છે. તે જોઈને કહું છું કે તેમાં મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૪૩ (P-4/PW-6)</u>** આપવામાં આવે છે. આજરોજ કોર્ટમાં ભાવિનભાઈ પટેલ હાજર છે. ''

સદર પંચ સાહેદની આરોપીનાં વિ.વ. શ્રીએ કરેલ ઉલટતપાસ લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે, ''ફરિયાદી ડુંગરી ફળિયામાં રહે છે અને હું ઢોડિયા વાડમાં રહું છું. હું ફરિયાદીને ઓળખું છું અને આજે તેમની સાથે આવેલ છુ. સુધીરભાઈનું મર્ડર થયેલ તે જગ્યાએ અમારે આ પંચનામું કર્યું તે પહેલા જવાનું થયેલું. અમો તે જગ્યાએ ગયા તે પહેલા પોલીસ ત્યાં હાજર હતી. પોલીસે તે જગ્યાએ ઘણીબધી કાર્યવાહી કરેલી. મર્ડર થયું તે પછી બે દિવસ બાદ અમોને પંચ તરીકે બોલાવેલા. પોલીસે અમોને ફોન કરીને બોલાવેલ. મને ડોલવણ પોલીસના જમાદાર અને બીજા પોલીસ ઓળખે છે. પંચાયતમાં મારા પત્ની ગામના સભ્ય છે તેથી પોલીસ મને ઓળખે છે. પંચનામું કરતા પહેલા આરોપીઓ પકડાઈ ગયેલા તેની મને ખબર પડેલી. આરોપીઓ પકડાયા પછી અને પંચનામું થયુ તે પહેલા પોલીસ આરોપીઓને કઈ કઈ જગ્યાએ લઈ ગયેલ અને શું કાર્યવાહી કરેલ અને શું કબજે કરેલ તેની મને ખબર નથી. પોલીસ સ્ટેશનમાં અમારે સવારે આશરે દસથી સાડા દસના અરસામાં જવાનું થયેલ. પોલીસ સ્ટેશનમાં પાંચથી દસ મિનિટ હું રોકાયેલ. તે દરમ્યાન પોલીસે પંચનામામાં થોડુ લખેલ હતું. જે સરકારી વાહનમાં ગયેલ તેનો નંબર મને ખબર નથી. હું આ વાહનમાં વચલી સીટમાં બેસેલ. હું ભાવિનભાઈને અને તેની પત્નીને અગાઉથી ઓળખતો હતો. તેઓના કાકાને ઓળખતો ન હતો. આરોપી ભાવિને તેઓના કાકાનું ઘર છે તેવું કહેલ તેથી મને જાણ થયેલ. ગાડી તેઓના કાકાના ઘરની બહાર ઉભેલ હતી. આ ગાડી કોઈ જગ્યાએ સંતાડેલ હોય તેવું બનેલ નથી. તે સ્થળે પંદરથી વીસ મિનિટ રોકાયેલ. પંચનામાનું બાકીનું લખાણ પોલીસ સ્ટેશનમાં લખેલ. પંચનામું પોલીસે લખેલ તેમાં છેકછાક થયેલ હોય તો મેં જોયેલ નથી. છેકછાક થયેલ હોય તેવી કોઈ જગ્યાએ અમારી સહી લીધેલ હોય તેવું બનેલ નથી. જો પંચનામામાં છેકછાક

થયેલ હોય તો અમોએ સહી કર્યા પછી થયેલ હશે. મને આંક–૪૦ નું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચનામાના અંત ભાગમાં સમય ૧૧:૪૫ ફરીથી લખવામાં આવેલ હોય તેવું દેખાય છે. ડોલવણ પોલીસ સ્ટેશનની આજુબાજુ રહેણાક વિસ્તાર છે, ચા, પાનની દુકાનો, લારીઓ છે અને જાહેર રસ્તો છે જેથી માણસોની અવરજવર હોય છે.

એ વાત ખરી નથી કે ફરિયાદીને હું અને સતીષભાઈ ડાહયાભાઈ અગાઉથી ઓળખતા હોઈપંચનામાની કાર્યવાહી દરમ્યાન હાજર ન હોવા છતાં પોલીસે કરેલ તૈયાર પંચનામામાં અને કાપલીઓમાં પાછળથી અમારી સહીઓ લઈ લીધેલ તેમજ અમારી રૂબરૂ કોઈપણ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોવા છતાં આજરોજ નામદાર કોર્ટમાં મુદ્દામાલ અને આરોપીને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે આજરોજ હું ખોટી જુબાની આપુ છું.

આમ,ઉપરોકત પંચ સાહેદના પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, આરોપીએ પંચ સાહેદ રૂબરૂમાં ગુનાવાળી જગ્યા, મોપેડ તથા કપડા બતાવવા સ્વખુશી દર્શાવેલ હતી અને તે મુજબ આરોપીએ પંચો રૂબરૂ માં ગુનાવાળી જગ્યા બતાવેલ હતી અને ત્યારબાદ પોતાના કાકા મટરભાઈ રહે.પાટીગામ ના ઘરે લઈ ગયેલ અને ત્યા ગુના સમયે ઉપયોગમાં લીધેલ ડીઓ મોપેડ હતુ તે બતાવતા પોલીસે કબજે લીધેલ તેમજ આરોપીના કાકા મટરભાઈના ઘરેથી આરોપીના પત્નીએ કપડા રજુ કરતા પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ હતા તેવી હકીકતને પંચસાહેદે સંપુર્ણપણે સમર્થન પુરુ પાડેલ છે. પંચ સાહેદની ઉલટ તપાસ ઘ્યાને લેવામાં આવે તો, સમગ્ર પંચનામુ પંચો રૂબરૂમાં કરવામાં આવેલ ન હતુ તેવુ માનવા માટે તેવી હકીકત રેકર્ડ ઉપર રજુ થતી જણાય આવતી નથી. આ પંચ સાહેદને પોલીસે ફોન

કરીને બોલાવેલ હતા તેમજ ડોલવણ પોલીસ સ્ટેશનના જમાદાર તેઓને ઓળખે છે અને પંચ સાહેદના પત્ની પંચાયતમાં સભ્ય છે તેવી હકીકતો રેકર્ડ ઉપર રજુ થતી હોવાના કારણે પંચ સાહેદની આખેઆખી જુબાની ડીસ્કાર્ડ કરી શકાય નહી. આ કામે પંચ સાહેદે રજુ કરેલ પુરાવા મુજબ આરોપીએ પોતાના કાકાના ઘરે લઈ જઈ ગુનામાં વાપરેલ મોપેડ બતાવેલ હતુ તથા ગુના સમયે પહેરેલ કપડા કાકાના ઘરેથી આરોપીના પત્નીને કહેતા તેણે રજુ કરેલ હતા તેમ જણાય આવે છે. આમ, ગુનામાં વાપરેલ મોપેડ તથા ગુના સમયે પહેરેલ કપડા આરોપીના પોતાના કાકા મટરભાઈના ઘરે પાટી ગામે છે તેવી બાબત આરોપીના અંગત જ્ઞાન હેઠળની હતી અને તેવી માહિતી તેઓએ સૌપ્રથમ વખત પંચો રૂબરૂ જણાવી પંચો અને પોલીસના માણસો સાથે કાકા મટરભાઈના ઘરે લઈ જઈ ત્યાંથી મોપેડ તથા ગુના સમયે પહેરેલ કપડા મળી આવેલ હતા અને પોલીસે કબજે લીધેલ હતા. તેવુ પંચ સાહેદની જુબાનીથી સ્પષ્ટ બને છે.

આ કામે ગુનાવાળી જગ્યા ગુન્હો તા.૨૪/૧૨/૨૧ ના રોજ જાહેર થવા પામેલ હતો અને આમ ગુનાના તપાસ કરનાર અધિકારીએ ગુનો કઈ જગ્યાએ બનેલ છે તે બાબત જ્ઞાનમાં આવી ગયેલ હતી અને ત્યારબાદ તા.૨૬/૧૨/૨૧ ના રોજ આરોપીએ ગુનાવાળી જગ્યા પંચો રૂબરૂ બતાવેલ હતી તેવુ રેકર્ડ ઉપર જણાય આવેલ છે. પરંતુ ગુનાવાળી જગ્યા આંક-૪૦વાળા પંચનામા અગાઉથી જ તપાસ કરનાર અધિકારીની જાણ હેઠળ હતી તેથી આવી જગ્યા પાછળથી આરોપીએ બતાવેલાની બાબતને ડીસ્કવરી માની શકાય નહી. પરંતુ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ગુનામાં વાપરેલ ડીઓ મોપેડ તથા ગુના સમયે પહેરેલા કપડા આરોપીએ પોતાના કાકાના ઘરે રાખેલ હતા અને ત્યાં થી પંચનામા સમયે મળી આવેલ હોય, આ કામે આંક-૪૦ વાળુ ડીસ્કવરી

પંચનામુ આરોપી ભાવીન ઉર્ફે ભાવેશ વિરુધ્ધ મહત્વના સંયોગ તરીકે ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

**૧૮.** ફરીયાદ પક્ષનાં કેસ મુજબ ગુનામાં વપરાયેલ કોદાળી તથા પીળા કલરની ટોર્ચ કઈ જગ્યાએ ફેકી દીધેલ તે હાલનાં આરોપી ભાવિનભાઈ ઉર્ફે ભાવેશભાઈ ઢો. પટેલનાંઓએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ ગ્રાહય એવા ડિસ્કવરી પંચનામા મુજબ પંચો રૂબરૂ શોધી બતાવેલ હતી તેવું ખૂબ જ મહત્વનું પંચનામુ આંક–૪૬ નાં **પંચ સાહેદ સુરેશભાઈ ચીમનભાઈ ચૌધરીને આંક–૪૫ (PW-7)** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે,

''ગઈ તા.૨૭/૧૨/૨૦૨૧ના રોજ મને તથા ભરતભાઈ નાથાભાઈ સોલંકીને સર્કલ પી.આઈ.શ્રી. ગોહીલ સાહેબશ્રીએ ડોલવણ પો.સ્ટે.માં બપોરના ૧:૦૦ વાગે બોલાવેલ હતા. જેથી અમો બંને પંચો આશરે કલાક ૧૨:૩૦ વાગે પહોંચેલા ત્યારે ગોહીલ સાહેબે અમોને તેમની ઓળખાણ આપેલ. તેઓએ સમજ આપેલ કે ડોલવણ પો.સ્ટે.ના ગુનાના કામે તમારે પંચ તરીકે રહેવાનુ છે. જેથી અમોએ સ્વખુશી દર્શાવેલ. તે સમયે તે પો.સ્ટે.માં આરોપી હાજર હોય તેનુ નામઠામ પુછતા ભાવિનભાઈ ઉર્ફે ભાવેશભાઈ ઢો. પટેલ, ઉ.વ.૨૪, રહે. ડોલવણ હોવાનુ જણાવેલ. તે બાદ આરોપી ગુનામાં વાપરેલ કોદાળી અને પીળા કલરની ટોર્ચ બતાવવા માંગતા હોય તે બાબતનુ પ્રાથમિક પંચનામુ પો.સ્ટે.માં કરવામાં આવેલ અને અમો પંચોની સહી ઓ લીધેલ.ત્યારબાદ અમો પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફ તથા સી.પી.આઈ. સરકારી વાહનમાં બેસી આરોપીના બતાવ્યા મુજબ ડોલવણ પો.સ્ટે.થી નીકળી ને.હા.નં.૫૩થી આગળ ડોલવણ ચાર રસ્તાથી પુર્વ દિશા તરફ પાટી ગામ તરફ આગળ જતા ટાંકી આવતા ડાબી બાજુ જવાનુ આરોપી

જણાવતા ડ્રાઈવરે તે તરફ વાહન હંકારેલ, ત્યાંથી પંચોલ ગામે દવાખાનાની કંપાઉન્ડ વોલ આવતા જમણી તરફ કાચા રસ્તા તરફ વળવાનુ કહેતા તે તરફ વાહન હંકારી ગ્રામપંચાયતના મેદાનથી કાચા રસ્તા તરફ હંકારી આરોપીએ ૧૦૦ ફુટ આગળ જતા ગાડી ઉભી રાખવાનુ જણાવતા ડ્રાઈવરે ગાડી ઉભી રાખેલ અને અમો બધા ગાડીમાંથી નીચે ઉતરી કાચા રસ્તાની પુર્વ તરફ આરોપીએ આંગળી ચીંધી કોદાળી મુકેલાનુ જણાવતા ત્યાંથી કોદળી મળી આવેલ. આ કોદાળી ચપટા પાના વાળી સહેજ વળાંકવાળી, આશરે ૯ ઈંચ લંબાઈ વાળી હતી અને કોદાળી સાથે સળગેલો વાંસનો હાથો હતો જે ૪ ઈંચ હતો. કોદાળી તથા હાથો પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ. તે જગ્યાએથી અમો સરકારી વાહનમાં બેસી મેદાનના બીજા છેડે આગળ ગાડી લેવાનુ કહેતા કાચા રસ્તા તરફ ગયેલા અને આરોપીએ ગાડી ઉભી રાખવાનુ કહેતા અમો બધા નીચે ઉતરેલા. મેદાનથી દક્ષિણ દિશા તરફ આશરે ૧૦૦ ફુટના અંતરે આરોપીએ આંગળી ચીં ધી ચંદુભાઈ ચૌધરીનુ કાચુ પડતર છાપરુ ઉતર દિશાના મોઢાવાળુ હતુ તે તરફ લઈ ગયેલા અને ત્યાં આરોપીએ લાકડાનો કચરો, હાથા સાથે કોદાળી અને ચંપલ પેટ્રોલ છાંટી સળગાવી દીધેલાનુ જણાવેલ અને ત્યાંથી ૫૫ નંબરની એક માચીસનુ બોક્ષ મળેલુ તે બ્લ્યુ કલરનુ હતુ. જેને પ્લાસ્ટીકની ડબ્બીમાં સીલ કરી કબજે લીધેલ. તે પછી છાપરાથી પુર્વ દિશા તરફ થોરનુ ઝાડ હતુ જે આશરે સાડા ચાર ફુટ ઉંચાઈનુ હતુ તેના પર કોદાળીનો હાથો લટકેલ હતો અને અડધો બળેલ હતો. બળેલો ભાગ ૩ ઈંચનો હતો અને હાથાની લંબાઈ આશરે ૨૦ ઈંચ હતી અને તે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ અને છાપરાની આગળ આરોપીએ સળગાવેલ હતુ તેની રાખ પંચનામાની વિગતે કબજે લીધેલ. તે પછી અમો બધા સરકારી વાહનમાં બેસી ગાડી રીવર્સ કરી પાટી ગામ જવાના મુખ્ય રસ્તા પર તરફ આવેલ અને ત્યાંથી આગળ પંચોલ

ગામ તરફ ખાડી આવેલ ત્યાંથી ડાબી તરફ આગળ લેવાનુ કહેતા ત્યાં ગયેલા અને ત્યાંથી પાટી મંદિર ફળીયા તરફ પ્રભુભાઈ ઘેલાભાઈના ખેતરમાં સેઢાથી ૧૦ ફુટના અંતરે આરોપીએ પીળા કલરની હેન્ડલવાળી ટોર્ચ હોવાનુ જણાવતા ત્યાં ગયેલ અને આરોપીના જણાવ્યા મુજબની ટોર્ચ મળી આવતા તે પંચનામા ની વિગતે કબજે કરેલ અને તે ટોર્ચ પર અમુલ રીચાર્જેબલ ટોર્ચ લખેલ હતુ. તે પછી ફરીથી અમો બધા સરકારી વાહનમાં બેસી ગયેલ ત્યાંથી તેમના કાકા મટરભાઈના ઘર આગળ વાહન ઉભુ રાખવાનુ કહેતા ડ્રાઈવરે વાહન ઉભુ રાખેલ અને અમો બધા નીચે ઉતરેલ. તે પછી આરોપીએ ઓઢેલ શાલ સળગાવી નાંખેલ તે જગ્યા બતાવતા તે જગ્યા લીલા ઘાસના ખેતરવાળી હતી અને ત્યાં એક ઝાડ પડી ગયેલ હતુ અને તે ઝાડ પાસે સળગાવેલ હોવાનુ જણાવેલ. તે જગ્યાએથી રાખ પ્લાસ્ટીકની થેલીમાં ભરી પંચનામાની વિગતે કબજે લીધેલ. તે પછી અમો બધા ગાડીમાં બેસી ડોલવણ પો.સ્ટે. પરત આવેલા અને બીજાભાગનુ પંચનામુ પુર્ણ કરી અમો બંને પંચોની સહી લીધેલ. મને નિ.૧૧/૧૩ થી રજુ થયેલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પ્રથમ ભાગના તેમજ બીજા ભાગના અને વચ્ચેના પાના પર મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૪૬ (P-1/PW-7)** આપવામાં આવે છે. મને પંચનામા સમયે કબજે લેવામાં કોદાળી, રાખ તથા ટોર્ચ બતાવવામાં આવે તો ઓળખી શકું. સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૮, ૨૦ તથા ૨૧થી રજુ થયેલ કોદાળી, ટોર્ચ તથા રાખ બતાવવામાં આવે છે જે પંચનામા સમયે કબજે કરેલ તે જ હોવાનુ જણાવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૮ તથા ૨૦ માંથી અમો પંચોની સહીઓવાળી કાપલી મુકેલ તે મને બતાવવામાં આવે છે તેમાં મારી તથા બીજા પંચની સહી છે. જે ઓળખી બતાવુ છું. જેને અનુક્રમે પુરાવામાં રજુ દાખલ **આંક–૪૭ (P-2/PW-7)** તથા **આંક–૪૮ (P-3/PW-7)** આપવામાં આવે છે.''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે,

''બનાવના અરસામાં કલમકુઈ ગામે હું તલાટી કમમંત્રી તરીકે નોકરી કરતો હતો. મારા ઉપલા અધિકારી તરીકે ટી.ડી.ઓ. છે. કલમકુઈ ગામથી અમારા ટી.ડી.ઓ. સાહેબની ૨૦ થી ૨૫ કિ.મી. મુકામે ઓફીસ હતી. તા.૨૭/૧૨/૨૦૨૧ના રોજ હુ સવારે કલમકુઈ ગામે મારી નોકરીના સ્થળે ગયેલો. મને પંચમાં રહેવાની સમજ લેખિતમાં ટી.ડી.ઓ.એ આપેલ. આ લેખિત સમજ હુ ડોલવણ પો.સ્ટે. ગયો ત્યારે પોલીસ અધિકારીને આપેલ. તે વખતે ટી.ડી.ઓ. કોણ હતા તે હાલ મને યાદ નથી. મારે ફરજના ભાગરૂપે સરકારી કામે જવાનુ થયેલ. સરકારી ફરજ અંગે ઉપલા અધિકારી જે સુચના આપે તે પ્રમાણે કામ કરવુ પડે. જો ઉપલા અધિકારીની સુચના મુજબ કામ કરવામાં ન આવે તો નોકરીમાં તકલીફ થાય. મારા ઘરમાં હું એકલો જ કમાનાર વ્યકિત છું. હું અગાઉ નામદાર કોર્ટમાં મુદત દરમ્યાન આવેલ અને ત્યારે પંચનામાની વિગત યાદ ન હતી. મને સરકારી વકીલે પંચનામાની વિગતે વાંચવા કહેલ અને મેં તે વાંચ્યા બાદ આજરોજ જુબાની આપેલ છે. મને પંચનામામાં લખેલ હકીકત પ્રમાણે જુબાની આપવી પડે અને જો તે પ્રમાણે આપવામાં ન આવે તો નોકરીમાં તકલીફ પડે તેવુ પણ જણાવેલ. મારે આ અગાઉ પંચમાં રહેવાનુ કોઈ પ્રસંગ બનેલ નથી. પોલીસનુ પંચનામુ કઈ રીતે લખાય તેનાથી હું માહીતગાર નથી. પોલીસના રાઈટર પંચનામુ લખતા હતા અને પી.આઈ. લખાવતા હતા. ગ્રામપંચાયતમાં કોઈ રેકર્ડમાં હું પંચનામાના કામે જાઉ છું તેવી વિગત લખેલ નથી. પ્રથમ ભાગનુ પંચનામુ કર્યુ ત્યારે પોલીસ તથા અમો પંચોની અરસપરસ તપાસ કરેલ હોય કે પોલીસના વાહનની તપાસ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. હું પોલીસ સ્ટેશનમાં ગયો ત્યારે મેં આરોપી ભાવીનભાઈને કયારે પકડયા છે અને

કયાં કયા લઈ ગયેલા છે તે હકીકત પુછેલ નથી. તે વાત ખરી છે કે પંચનામામાં સરકારી વાહનનો રજીસ્ટ્રેશન નંબર મેં લખાવેલ નથી. પંચનામા સમયે એક માત્ર સરકારી વાહન હતુ. આ વાહનમાં પી.આઈ.સાહેબ આગળની સીટમાં અને અમો પંચો વચ્ચેની સીટમાં બેઠેલા. આરોપી પાછળની સીટમા બેઠેલા હતા. તે વાત ખરી છે કે પંચનામા સમયે કબજે કરેલ ચીજવસ્તુ પર માર્ક નંબર આપેલા ન હતા. તે વાત ખરી છે કે મુદ્દામાલ કોદાળી તથા ટોર્ચ જેવી બીજી કોદાળી તથા ટોર્ચ મુકત બજારમાં સહેલાઈથી મળી શકે. પંચનામા સમયે શિયાળાની ૠતુ હતી અને તેથી ગ્રામ્ય વિસ્તારમાં રાત્રીના સમયે લોકો તાપણુ કરતા હોય છે અને તેથી રાખ ઘણી જગ્યાએ જોવા મળે. પંચનામા સમયે ચંદુભાઈ અને પ્રભુભાઈ તથા મટરભાઈની હાજરી ન હતી. બીજા ભાગનુ પંચનામુ પોલીસ સ્ટેશનમાં આવીને લખવામાં આવેલું. બીજાભાગના પંચનામાની હકીકત પી.આઈ.સાહેબે લખાવેલ. ત્યારપછી પંચનામા અને કાપલીઓમાં અમારી સહી લેવામાં આવેલ. અમો પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારે અમારા વાહનની આગળ એક ખાનગી વાહન જતુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે ખાનગી વાહનમાંથી કબજે કરેલ મુદ્દામાલ કાઢી સ્થળ પર મુકી અમોને બતાવી કબજે લેવામાં આવતો હતો. પંચનામાની કાર્યવાહી દરમ્યાન ફોટોગ્રાફર કે વીડીયોગ્રાફર ન હતા. એ વાત ખરી નથી કે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પોલીસે અગાઉથી પોલીસ સ્ટેશનમાંથી ખાનગી વાહનમાં લઈ જઈ ફકત કાર્યવાહી કરવાના એક ભાગરૂપે બતાવેલ અને ત્યારબાદ પંચનામામાં અમારી સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે પંચનામાની કોઈપણ કાર્યવાહી અમારા રૂબરૂ કરવામાં આવેલ ન હોવા છતાં આજરોજ ખોટી જુબાની આપું છું તથા મુદ્દામાલ ખોટી રીતે ઓળખી બતાવું છું.''

ગુનામાં વપરાયેલ કોદાળી તથા પીળા કલરની ટોર્ચનાં ડિસ્કવરી પંચનામા નાં પંચ સાહેદનો ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ પંચ સાહેદે એવી હકીકતને સમર્થન આપેલ છે કે, આરોપીએ ગુનામાં વાપરેલ કોદાળી તથા ટોર્ચ અને શાલ જે જગ્યાએ સળગાવીને કે ફેંકીને નાશ કરેલ છે તે જગ્યાઓ બતાવવા સ્વખુશી દર્શાવેલ અને તેના પરીણામે પંચો સાથે આરોપીને લઈ જતા આરોપીએ સૌપ્રથમ સળગાવી ફેકી દીધેલી કોદાળી, જે જગ્યાએ ફેકી દીધેલ તે જગ્યા આરોપી ભાવીને આગળ ચાલીને બતાવેલ હતી અને તે જગ્યાએ થી બળી ગયેલ હાથાવાળી કોદાળી મળી આવેલ હતી તેવી હકીકત સ્પષ્ટ બને છે અને આ અર્ધબળેલ હાથાવાળી કોદાળી ફરિયાદીએ પોતે ખેતીકામમાં ઉપયોગમાં લેતા હતા તે કોદાળી હોવાનુ ઓળખી બતાવેલ છે. સામાન્ય રીતે ખેડુત પોતાના ઓજારો સાથે દિવસભર કામ કરતો હોય છે અને તેથી આવા ઓજારો તે પોતાના હોવાનુ ઓળખી શકે, તે એક સ્વાભાવીક બાબત છે. આ ઉપરાંત આરોપીએ આ કોદાળી જે જગ્યાએ સળગાવેલી તે જગ્યા પંચો રૂબરૂ બતાવતા ત્યાંથી સળગેલી હાલતમાં કોદાળીનો હાથો અને માચીસનુ બોક્ષ મળી આવેલ હતુ. ત્યારબાદ આરોપીએ ગુના બાદ મરણજનાર પાસે હતી તે બેટરી પોતાની સાથે લઈ જઈ તેને જે જગ્યાએ ફેકી દીધેલ તે જગ્યા પંચો રૂબરૂ બતાવેલ હતી અને તે જગ્યાએથી તે બેટરી મળી આવેલ હતી. આ મળી આવેલ બેટરીને પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની હોવાનુ તથા બનાવના દિવસે મરનાર પોતાની સાથે લઈ ગયેલ તે બેટરી તરીકે ઓળખી બતાવેલ. વધુમાં આરોપીએ બનાવના દિવસે ઓઢેલ શાલને સળગાવીને તેનો નાશ કરી દીધેલ. તે જગ્યા પણ આરોપી ભાવીને પંચો રૂબરૂ બતાવેલ હતી અને તે જગ્યા ઉપર રાખ મળી આવેલ હતી. આમ, આરોપીએ ગુના બાદ ગુનામાં વાપરેલ

હથિયાર કોદાળી અને ગુના બાદ જે બેટરી લઈ ગયેલ તેને જે જગ્યાએ ફેંકી દીધેલ તે જગ્યા અને પોતે ગુના સમયે ઓઢેલી શાલ જે જગ્યાએ સળગાવી દીધેલ તે જગ્યા આરોપીએ સમગ્ર ગુનાની તપાસ દરમ્યાન સૌપ્રથમ વખત બે પંચોની રૂબરૂ હાજર રાખી તપાસ કરનાર અધિકારીને તે જગ્યા બતાવેલ હતી અને તે જગ્યા ઉપરથી તે તમામ વસ્તુઓ અર્ધબળેલી હાલતમાં કે રાખ સ્વરૂપે અને બેટરી સંપુર્ણ પણે મળી આવેલ છે. આમ, ગુના સંદર્ભેના અંગત જ્ઞાન હેઠળની આ તમામ બાબતો આરોપીએ પંચો રૂબરૂ બતાવેલ હોય અને તે જગ્યા ઉપરથી મરણજનારને મારી નાંખવા માટે ઉપયોગમાં લેવાયેલ કોદાળી અર્ધ બળેલ હાલતમાં તથા બેટરી અને શાલ સળગાવેલ તે જગ્યા તથા કોદાળી સળગાવેલ તે જગ્યા જેવા મહત્વના પુરાવાઓ મળી આવેલ છે. આમ, આ કામે પંચ સાહેદની જુબાની મુજબ ફરિયાદ પક્ષ આરોપીએ પોતાના અંગત જ્ઞાન હેઠળની બાબતોને આધારે ગુનાનો મહત્વનો પુરાવો શોધી બતાવેલ હતો. તેવી હકીકત આ કામે પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

પંચ સાહેદની ઉલટતપાસમાં તેઓ સરકારી નોકર હોવાની બાબતને આધારે કેટલાક પ્રશ્નો પુછવામાં આવેલ હતા. પરંતુ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની ગંભીરતાને જોતા, સરકારી નોકરી કરતા હોય તેવા કર્મચારી ને પંચ તરીકે આગ્રહ રાખેલ હોવાનુ સ્પષ્ટ બને છે અને તેઓએ પંચ તરીકે સાહેદ પુરા પાડવા માટે ડી.ડી.ઓ. કચેરીને પત્ર લખતા હાલના પંચને હુકમ કરી પંચનામાની કાર્યવાહી માટે મોકલવામાં આવેલ હતા તેવુ સ્પષ્ટ બને છે. માત્ર સરકારી નોકરી કરતા પંચ સાહેદ રાખવામાં આવેલ છે તેટલા માત્રથી પંચ સાહેદની આખે આખી જુબાની ડીસ્કાર્ડ કરી શકાય નહી. રાજય સરકાર તરફથી પણ બળાત્કાર, પોકસો એકટ હેઠળના કેસ જેવા કામોમાં સરકારી પંચો રાખવા ફરજીયાત બનાવેલ છે. આમ, આ ગુનાના કામે સરકારી

નોકરી કરતા પંચનો ઉપયોગ કરેલ હોવા માત્ર થી કોઈ ઈ–લીગાલીટી ઉત્પન્ન થતી હોવાનુ માની શકાય તેમ નથી.

આ ઉપરાંત બચાવપક્ષ તરફથી આ કામે આરોપીને ગાડીમાં પાછળની સીટ ઉપર બેસાડવામાં આવેલ હતો તથા આગળ એક બીજી ખાનગી ગાડી ચાલતી હતી તેવી બાબતોને આધારે સમગ્ર પંચનામું બનાવટી અને ખોટુ હોવાનુ પણ માની શકાય તેમ નથી. આ કામે પંચ સાહેદ સુરેશભાઈ ચીમનભાઈ ચૌધરીની જુબાની ખુબ વિશ્વાસજન્ય હોવાનુ જણાતુ હોય, આ કામે આરોપી ભાવિન ઉર્ફે ભાવેશને ગુના બાદ ગુનામાં વપરાયેલ મુદ્દામાલ કોદાળી કયા સળગાવેલ, અર્ધબળેલ હાલતમાં તેને કયાં ફેકેલી, મરણજનારની બેટરી લઈ જઈને કયા સ્થળે ફેકેલી તેમજ પોતાની ગુના સમયે ઓઢેલ શાલ કઈ જગ્યાએ સળગાવેલી તે બાબતેની અંગત જાણકારી હતી અને તે જાણકારી તેઓએ આ કામે તપાસ કરનાર અધિકારીને પંચો રૂબરૂ આપેલ હતી અને તે આરોપીએ આપેલ માહિતીના આધારે તે જગ્યા ઉપરથી તે ચીજવસ્તુઓ મળી આવેલ છે. આમ, આ કામે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબનુ પંચનામુ વિશ્વાસજન્ય અને આધારભુત પુરાવા રજુ કરી પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનુ માનવાનુ રહે.

**૧૯.** આ કામનાં ફરીયાદ પક્ષે તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજનુ ડીસ્કવરી પંચનામુ પુરવાર કરવા માટે **પંચ સાહેદ રમેશભાઈ અમૃતભાઈ પટેલનાંઓને આંક–૫૫ (PW-10)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,

''ગઈ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ મને તથા ગુલાબભાઈ વલ્લભભાઈ પટેલને ડોલવણ પોલીસે ડોલવણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ.

અમોને પોલીસ સ્ટેશને એટલા માટે બોલાવેલા કે સુધીરભાઈનું ખુન થયેલું તે સમયે આરોપી પ્રફુલભાઈએ કપડા પહેરેલ તે કપડા મહારાષ્ટ્રમાં નાખેલા તેનું પંચનામું કરવાનું હતું. તેમાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી શિરસાઠ સાહેબ, બીજા પોલીસના માણસો અને બે આરોપીઓ પ્રફુલભાઈ અને ભાવિનભાઈ ત્યાં હાજર હતા. પોલીસે અમને સમજાવેલ કે મહારાષ્ટ્રમાં અભોણા ગામે કપડા નાખેલ છે ત્યાં જવાનું છે. ત્યારબાદ સરકારી વાહનમાં પોલીસ સાહેબ, આરોપી, હું અને બીજા પંચ એટલા ગયેલા. અમો સવારે સાડા સાત વાગ્યે નીકળેલા. પ્રફુલભાઈએ જે રસ્તો બતાવેલ તે રસ્તા ઉપર વાહન ચલાવેલું. ઉનાઈ, ખડકાલા, સાપુતારા, મહારાષ્ટ્રના કનાસી ગામે ગયેલા અને પ્રફુલભાઈ ને જે જગ્યાએથી કપડા ખરીદેલા તે જગ્યાએ લઈ ગયેલા. તે કપડાની દુકાન હતી. તે દુકાનનું નામ સપ્તસૃંગી ફુટવેર કરીને હતું. ત્યાં દુકાનના માલિક હાજર હતા. તેમનું નામ પુછતા પ્રકાશભાઈ હરીભાઈ હતું. તણે એવું જણાવેલ કે પાંચસો રૂપિયાના કપડા ખરીદેલા હતા. ત્યારબાદ પ્રફુલભાઈએ જ જગ્યા એ કપડા નાખેલા તે જગ્યાએ પ્રફુલભાઈ લઈ ગયેલા. તે અભોણા ગામ હતુ. વાંસવાળા ડુંગર પાસે લઈ ગયેલ અને ત્યાં એક ખાડામાંથી કપડા કાઢતા મેં જોયેલ. એક લાલ સફેદ કલરનું ટી–શર્ટ તેના પર જયઅંબે ગ્રુપ લખેલ હતુ, અને હાફ બાંઈનું પેન્ટ હતુ જે કાળા કલરનું હતુ, એક ફુલ બાંઈની ટી–શર્ટ હતી જે ભુરા કલરની હતી, એક કાળા કલરનું જીન્સ પેન્ટ પણ હતું. પ્રફુલભાઈએ આ કપડા બતાવેલા અને પોલીસે આ કપડા ઉંચકીને અલગ અલગ કાપડની બેગમાં મુકી દીધેલા અને સીલ કરીને મારી અને બીજા પંચ ગુલાબભાઈ ની સહી લીધેલી. મને માર્ક–૧૧/૧૬ નું પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પ્રાથમિક પંચનામામાં અને આખરી પંચનામામાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. બીજી સહી ગુલાબભાઈની છે. તેઓએ મારી હાજરીમાં પંચ નં.૨ તરીકે સહી

કરેલી. હું ગુલાબને ઓળખું અને સહી ઓળખી બતાવું છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૫૬ (P-1/PW-10)</u>** આપવામાં આવે છે. (મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ એ.પી.પી.શ્રીની વિનંતીથી મુદ્દામાલ સીલપેક હોય ખુલ્લી અદાલતમાં ખોલવા પરવાનગી આપવામાં આવે છે.) મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૫ માંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે જેમાં મારી તથા બીજા પંચ ની સહી હું ઓળખી બતાવું છું. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક –૫૭ (P-2/PW-10)</u>** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫ બતાવવામાં આવે છે જે ટી–શર્ટ પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ તે જ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ ખોલી બતાવતા તેમાંથી નીકળેલ અમો પંચો ની સહીવાળી કાપલી મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું તેમાં મારી તથા બીજા પંચની સહી છે અને તે પંચનામા વખતે મુકવામાં આવેલ છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૫૮ (P-3/PW-10)</u>** આપવામાં આવે છે. જે બેગમાંથી નીકળેલ મુદ્દામાલ હાફ પેન્ટ છે જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ તે જ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૭ ખોલી બતાવતા તેમાંથી નીકળેલ અમો પંચોની સહીવાળી કાપલી મન` બતાવવામાં આવે છે તે જોઈને કહું છું તેમાં મારી તથા બીજા પંચની સહી છે અને તે પંચનામા વખતે મુકવામાં આવેલ છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૫૯ (P-4/PW-10)</u>** આપવામાં આવે છે. જે બેગમાંથી નીકળેલ મુદ્દામાલ શર્ટ છે જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ તે જ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૮ ખોલી બતાવતા તેમાંથી નીકળેલ અમો પંચોની સહીવાળી કાપલી મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું તેમાં મારી તથા બીજા પંચની સહી છે અને તે પંચનામા વખતે મુકવામાં આવેલ છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં

રજુ દાખલ **<u>આંક–૬૦ (P-5/PW-10)</u>** આપવામાં આવે છે. જે બેગમાંથી નીકળેલ મુદ્દામાલ જીન્સ પેન્ટ છે જે પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ તે જ છે. ત્યારબાદ પંચનામું પૂર્ણ કરી અમારી સહી લીધા બાદ પરત આવેલ. ''

આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે, '' પંચમાં રહેવા માટે મને પોલીસે જણાવેલ. હું ખેતરે જતો હતો ત્યારે પોલીસ મને મળેલી. સવારે સાત વાગે મળેલા. મારા ખેતરથી ડોલવણ પોલીસ સ્ટેશન બે કિલોમીટર દુર છે. મને ડોલવણ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. આ પોલીસ સ્ટેશનમાંથી બીજી કોઈ ઓફિસમાં જવાનું ન હતું. એ વાતખરી છે કે ડોલવણ પોલીસ સ્ટેશનની આજુબાજુમાં ઘણીબધી દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે સવારના સાત વાગ્યે ડોલવણના રસ્તા ઉપરથી બીજા પણ માણસો મળી શકે. હું મારા ગામની પ્રાથમિક સ્કુલમાં ભણેલો છું. ત્યારબાદ ઉનાઈ જનતા સ્કુલમાં ભણેલો છું. હું જયાં ભણેલો ત્યાં અમરસિંહભાઈ (ફરિયાદી) ભણાવતા ન હતા. અમરસિં હભાઈ ડોલવણ મુખ્ય સ્કુલમાં ભણાવતા હતા. આ સ્કુલમાં ભણવાનો પ્રસંગ બનેલો નહિ. અમારી ખેતીની જમીનની બાજુમાં જ અમરસિંહભાઈની ખેતીની જમીન છે. અમારે ખેતીના કામ માટે જઈએ ત્યારે અમરસિંહભાઈને મળવાનું થાય. એ વાત ખરી છે કે તેમના ટ્રેકટનો અમારા ખેતીના કામ માટે ઉપયોગ કરીએ છીએ. એ વાત ખરી છે કે અમરસિંભાઈ મારા ફળિયામાં રહેતા હોય પાડોશી તરીકે સબંધ છે. તેઓને કેટલા દીકરા છે અને ઘરમાં કોણ કોણ રહે છે તે હું જાણું છું. હું પોલીસ સ્ટેશનમા ગયેલો ત્યારે આરોપી, પોલીસ અને અમારી અરસપરસ કોઈ અંગઝડતી કરેલ હોય તેવું બનેલ નથી. જે વાહનમાં ગયેલા હોય તેની પણ ઝડતી કરી કોઈ અરસપરસ પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. સરકારી વાહન ટેમ્પો હતો. અમો જેટલા

અગાઉ સરતપાસમાં જણાવેલ તે તમામ ટેમ્પોમાં બેસેલા. નિતલભાઈ તેમની પ્રાઈવેટ ગાડી લઈને પાછળ આવેલા. તેમાં નિતલભાઈ અને તેના કાકાનો છોકરો બેસેલા હતા. નિતલભાઈ ગુજરનારનો નાનોભાઈ હતો. તેઓ સાપુતારા સુધી સાથે આવેલા અને પછી વની ગામ પાસે મળેલા. પ્રાથમિક પંચનામું હાથથી લખવામાં આવેલું. પંચનામું લખવાનો મને કોઈ અનુભવ નથી. પી.એસ.આઈ. કયા પોલીસવાળાને લખાવતા હતા તેનું નામ હું જાણતો નથી. પ્રાથમિક પંચનામું અડધો કલાક ચાલેલું. મેં નીકળતા પહેલા એવું જણાવેલું નહિ કે જે જગ્યાએ જવાનું છે તે જગ્યાએ પોલીસ જઈ આવેલ છે કે કેમ. અમો અગિયાર વાગ્યે કપડા મળેલા તે જગ્યાએ પહોંચેલા. અમો ટેમ્પોમાં બેસેલા હતા અને આરોપીઓને પોલીસે ત્યારે નીચે ઉતારેલા અને આગળ લઈ ગયેલા. અમે જે દુકાને ગયેલા ત્યાં કેટલા માણસો હતા અને શાની દુકાન હતી તે પંચનામામાં લખવામાં આવેલું. આરોપીને દુકાને લઈ ગયેલા ત્યારે તેના મોં ઉપર કપડુ ઢાંકેલું હતું તેવું બનેલું ન હતું. એ વાત ખરી છે કે પોલીસે દુકાનદારો સાથે શું વાત કરેલી તેની મને ખબર નથી. પંચનામાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નિતલભાઈ ત્યાં આવી ગયેલા અને તેમની સાથે અમે પરત આવી ગયેલા. ત્યારબાદ પોલીસે શું કરેલું અને કયાં ગયેલા તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે અમોને ડોલવણ પોલીસ સ્ટેશનથી આગળ કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી કે અમારી રૂબરૂમાં કોઈ કપડા કબજે કરવામાં આવેલ નથી તેમજ ડોલવણ મુકામે મારી તથા ગુલાબભાઈ પટેલની તૈયાર પંચનામામાં સહી લેવામાં આવેલ તે સિવાયની કોઈ કાર્યવાહીમાં અમે હાજર રહેલ નથી. આજરોજ કોર્ટમાં અમરસિંહભાઈ અને તેમનો મોટો દીકરો કોર્ટમાં આવેલ છે, નિતલભાઈ આવેલ નથી. એ વાત ખરી નથી કે અમરસિંહભાઈના કહેવાથી હું ખોટી જુબાની આપુ છું.''

આરોપી પ્રફુલનાઓએ ગુના સમયે પહેરેલ કપડા તેઓએ મહારાષ્ટ્ર ખાતે કોઈ ગામમાં સંતાડેલાનુ તથા તે બદલીને નવા પહેરવા માટેના કપડચા કનાશીગામ મહારાષ્ટ્ર થી ખરીદેલા તે જગ્ચા બતાવવા સ્વખુશી દર્શાવતા પંચો ને હાજર રાખી તે અંગે પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલુ. ત્યારબાદ આરોપી અને પંચો ને સાથે રાખી આરોપી બતાવે તે સ્થળે એટલે કે મહારાષ્ટ્ર રાજચના કનાશીગામ અને અભોણા ગામે જવા માટે નીકળેલ હતા અને આરોપી એ બતાવેલ જગ્ચા ઉપર પહોચતા આરોપીએ ગુના સમચે પહેરલ કપડા બદલવા માટે ખરીદેલ નવા કપડા સપ્તશૃંગી ફુટવેર નામની દુકાનમાંથી ખરીદ કરેલ હતા. અને તે દુકાનના માલીક પ્રકાશભાઈ હરીભાઈનાઓ હતા તેવી સ્પષ્ટ અને વિશ્વાસજન્ય હકીકતને પંચ સાહેદે પોતાની જુબાનીમાં સમર્થન આપેલ હોવાનુ સ્પષ્ટ બને છે. વધુમાં નવા કપડા ખરીદયાની જગ્ચા બતાવ્યા બાદ આરોપી પ્રફુલે ગુના સમચે પહેરલ કપડા જે જગ્ચાએ સંતાડેલ હતા તે જગ્ચા પંચો રૂબરૂ બતાવેલ હતી  અને તે જગ્ચા મહારાષ્ટ્ર રાજચના અભોણા ગામમા વાંસવાળા ડુંગર પાસે આવેલ હતી અને ત્યાંખાડામાંથી આ ગુના સમચે પહેરેલ કપડા એક લાલ સફેદ કલરનુ ટી –શર્ટ તેના ઉપર જચ અંબે ગૃપ લખેલ હતુ અને હાફ બાચનુ પેન્ટ તથા એક જીન્સ પેન્ટ તથા એક ટી–શર્ટ મળી આવેલાની હકીકત જણાવેલ છે. પંચનામાની હકીકત ધ્યાને લેવામાં આવે તો, પંચનામા મુજબ લાલ  સફેટ કલરનુ ઉભા પટ્ટાવાળી કાળા કલરની હાફ બાચની ટી–શર્ટ તથા એક ભુરા સફેદ કલરની જીન્સની હાફ પેન્ટ તથા એક કાળા કલરનો ફુલ બાંચનો શર્ટ તથા કાળા કલરની જીન્સ પેન્ટ મળી આવેલાનુ વર્ણન કરવામાં આવેલાનુ સ્પષ્ટ બને છે. આમ, આ કામે પંચ સાહેદો પોતાની સોગંદ પરની સરતપાસમાં હાફ પેન્ટનો કલર તથા શર્ટ ના બદલે ટી–શર્ટ નો ઉલ્લેખ કરેલાનુ સ્પષ્ટ બને છે. પરંતુ પંચ સાહેદે મુદ્દામાલ બતાવતા સમચે મુદ્દામાલ

વાળા આર્ટીકલોને પોતાની રૂબરૂમાં પોલીસે કબજે કરેલાનુ સ્પષ્ટ પણે ઓળખી બતાવેલ છે. લાબા સમય ગાળાબાદ જુબાની આપતા સમયે હાફ પેન્ટ નો કલર અને શર્ટ ના બદલે ટી–શર્ટ જેવો ઉલ્લેખમાં ભુલ એક સામાન્ય ખેતીકામ કરનાર વ્યકિત કરે તે એક સ્વાભાવીક બાબત છે. વધુમાં સાહેદે જે જગ્યાએથી નવા કપડા ખરીદેલા તે જગ્યા આરોપી પ્રકુલે બતાવેલાનું તથા તે સ્ટોરનુ નામ તથા માલીક સહિતની વિગતો પંચ સાહેદે પોતાના પુરાવામાં રજુ કરેલ છે. આવા સ્પષ્ટ પુરાવાને ન માનવા માટે કોઈ કારણ જણાય આવતુ નથી. વધુમાં પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી પ્રકુલે ગુના સમયે પહેરેલ કપડા બદલી સંતાડેલા તે જગ્ગા બતાવતા તે અભોણા ગામના વાંસવાળા ડુંગર પાસે લઈ જઈ ત્યાં એક ખાડામાંથી કપડા કાઢેલા અને તે પોલીસે પંચો રૂબરૂ કબજે લીધેલાની હકીકતને પણ સ્પષ્ટપણે સમર્થન આપેલ છે. આમ, આ કામે આરો પ્રકુલે પંચો રૂબરૂમાં સૌપ્રથમ વખત ગુના સમયે પહેરેલ કપડા જે જગ્યાએ બદલીને સંતાડેલ તે જગ્યા પણ બતાવેલ હતી અને ત્યાં ગુના સમયે પહેરલ કપડા મળી આવેલ હતા. તેવી હકીકત વિશ્વાસજન્ય પુરાવા સ્વરૂપે રજુ થતી હોય તેને ન માનવાનુ કોઈ કારણ જણાય આવતુ નથી.

બચાવપક્ષ તરફથી રજુઆત કરવામાં આવેલ છે કે, કોઈ વ્યકિત ટી–શર્ટની ઉપર શર્ટ તથા જીન્સના હાફ પેન્ટની ઉપર જીન્સનુ ફુલ પેન્ટ પહેરે તે હકીકત માની શકાય તેમ નથી પરંતુ સમગ્ર બનાવ ૨૩ મી ડીસેમ્બરના રોજ બનેલ છે આમ, આ સમય ગાળા દરમ્યાન દક્ષિણ ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત રાજયમાં ઠંડીની મોસમ યાને કે શિયાળાની ઋતુ હોય છે અને આવા સમયગાળામાં ગરીબ વ્યકિતઓ એક થી વધુ કપડા ધારણ કરતા હોય છે. તે એક સ્વાભાવીક બાબત છે. આવા સંજોગોમાં આરોપીએ શોધી બતાવેલા કપડા બે પેરમાં છે તેટલા માત્રથી સમગ્ર ડીસ્કવરી શંકાપ્રેરક માની

શકાય તેમ નથી. વધુમાં બચાવપક્ષે ડીસ્કવરી પંચનામામાં જતા પહેલા પંચોને આરોપી, પોલીસ સ્ટાફ અને વાહનની જડતી આપેલ નથી તેથી પંચનામુ શંકાપ્રેરક બનતુ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ આ કામે પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં આરોપીએ પોતે જ આગળ ચાલી ને જગ્યા બતાવેલ અને તે જગ્યા ઉપરથી આરોપી પ્રફુલે પંચ રૂબરૂમાં તે ખાડામાંથી કપડા કાઢેલા તે જોયેલ તેવી સ્પષ્ટ જુબાની આપેલ છે. આમ, આરોપીની પંચોની કે વાહનની ઝડતી કરવામાં આવેલ ન હતી તેવો હાઈપર ટેકનીકલ ડીફેન્સ આ કામે ઘ્યાને લેવા પાત્ર બનતો નથી.

આ ઉપરાંત બચાવપક્ષ તરફથી પંચ સાહેદ રમેશભાઈ અમૃતભાઈ પટેલ રસ અને હિત ધરાવનાર સાહેદ હોવની રજુઆત કરેલ છે. પરંતુ સાહેદ રમેશભાઈની ઉપરોકત જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓ વચ્ચે એક ખેતર પાડોશી અને એક ફળીયામાં રહેતા હોવાના સંબંધ હોવાની હકીકત ઉલટતપાસમાં રજુ થયેલ છે. આ સિવાય સાહેદ રમેશભાઈની આરોપી પ્રફુલને ગુનામાં ખોટી રીતે સંડોવી દેવા કોઈ અંગત દુશ્મનાવટ કે વેરઝેર હોવાનુ રેકર્ડ ઉપર સ્પષ્ટ બનતુ નથી. આ ઉપરાંત માત્ર ખેતર પાડોશી અને ફળીયામાં રહેતા હોવાથી તેઓ આ ગુનાના કામે રસ અને હિતધરાવનાર હોવાનુ અનુમાન દોરી શકાય નહી. આમ, આ અનુસંધાનેની બચાવપક્ષ તરફેની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી.

**૨૦.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી સાહેદ અમરસીંગભાઈ ઉર્ફે અમ્રતભાઈ રામાભાઈ ઢોડીયા પટેલને આંક-૨૪ સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેમાં તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે,

''હું પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો અને હાલમાં નિવૃત છું અને ખેતીકામ કરૂ છું. મારા પરિવારમાં મારા પત્ની વનિતાબેન, ત્રણ દીકરાઓ નામે મનિષભાઈ, સુધીરભાઈ અને નીતલભાઈ છે. મનિષભાઈ સેલવાસ કંપની માં નોકરી કરે છે. નીતલભાઈ સુરેન્દ્રનગર ખાતે પ્રોફેસર તરીકે નોકરી કરે છે. મારા વચલા પુત્ર સુધીરભાઈ બનાવ પહેલા ખેતી કરતા હતા અને મારી જોડે રહેતા હતા. મારી ખેતીની જમીન ડોલવણ ખાતે ઢોડિયાવાડમાં આવેલ છે. જેનો સર્વે નં.૧૦૭૪ છે અને તે જમીન બે હેકટર જેટલી છે. બનાવ સમયે આ જમીનમાં શેરડીનું વાવેતર કરેલ હતું. મારા ખેતરમાં ૧૫ × ૨૫ ની એક પાકી ડેલી છે અને પાણી માટેની પાઈપલાઈન છે. તા.૨૩/૧૨/૨૦૨૧ ની રાત્રે સાડા આઠેક વાગ્યે અમે પરિવાર સાથે જમીને બેસેલા હતા. પછી રાત્રે દસેક વાગ્યાની આસપાસ મારો દીકરો સુધીરભાઈ ખેતરે પાણી મુકવા જાવ છું એમ મને કહીને સ્પ્લેન્ડર ગાડી નં.જે.જે.૧૯.આર.૮૦૨૮ લઈને ગયેલ. અમો બધા ઘરે સુઈ ગયેલા. મારો દીકરો સુધીર રાબેતા મુજબ પાણી મુકીને આવતો રહેતો હોય તેથી અમે ફોન કરેલો નહિ. બીજા દિવસે તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ સવારે આઠેક વાગ્યે મારા કાકા ભાઈના છોકરા પ્રકાશભાઈએ આવીને મને જણાવેલ કે શેરડી કાપવાવાળા મજુરોએ મને કહેલ છે કે તમારો દીકરો સુધીરભાઈ લોહીલુહાણ હાલતમાં ખેતરમાં ડેલીમાં પડેલ છે. હું પછી ડેલીએ ગયેલ અને જોયેલ તો ડેલીનો દરવાજો આડો હતો તે ખોલીને હું અંદર ગયેલ.મેં જોયેલ તો મારો દીકરો સુધીર ત્યાં લોહીલુહાણ હાલતમાં પડેલ હતો અને તેના મોઢા પર, માથામાં અને ડાબી આંખની ઉપરની બાજુએ ઈજાઓ થયેલ હતી અને તે મરણ ગયેલ હતો. તે સમયે કોઈકે પોલીસને ફોન કરતા પોલીસ આવી ગયેલ. મારા દીકરાને બોથડ અને તીક્ષ્ણ વસ્તુથી ઈજા કરેલ હોય તેવું લાગતું હતું. મેં પોલીસને જગ્યા બતાવેલ. ત્યારબાદ મેં પોલીસ ફરિયાદ લખાવેલ. મને નિ.૧૧

/૨ થી રજુ થયેલ ફરિયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૨૫ (P-1/PW-2)</u>** આપવામાં આવે છે. મેં ફરિયાદ આપ્યા બાદ પોલીસે લાશનું અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. ત્યારબાદ બપોરના ત્રણેક વાગ્યે લાશને પી.એમ. માટે લઈ ગયેલ. લાશને પી.એમ. કર્યા બાદ અમને સોંપેલ. અમોએ તેની અંતિમવિધિ કરેલી. બીજા દિવસે તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ હું ખેતરે ગયેલો ત્યારે જોયેલ તો ખેતરની ડેલીમાં બે કોદાળી રાખેલ હતી તેમાંથી એક કોદાળી ન હતી અને એક બેટરી કે જે સુધીરભાઈ સાથે લઈને ગયેલ હતા તે પણ જોવા મળેલ નહિ. બનાવના પંદર દિવસ પહેલા મારા દીકરાને આરોપી ભાવિનભાઈ વિક્રમભાઈ ઢોડિયા અને પ્રફુલભાઈ પ્રકાશભાઈ ઢોડિયા સાથે ખેતરના રસ્તા બાબતે ઝઘડો થયેલો અને મારા દીકરાને ધમકી આપેલ કે તું આ મગજમારી કરતો નહિ નહિતર જોવા જેવી થશે. આરોપીઓ દારૂનો ધંધો કરે છે. આરોપીઓએ આ ઝઘડાની અદાવત રાખી મારા દીકરા સુધીરનું ગંભીર ઈજાઓ કરી મરણ નીપજાવેલ છે. તા.૨૬/૧૨/૨૦૨૧ ના રોજ પોલીસે મને બોલાવેલ અને આરોપીઓ પાસેથી કબજે કરેલ કોદાળી અને બેટરી મને બતાવેલ અને તે વસ્તુઓ અમારી હોવાનું મેં ઓળખી બતાવેલ અને મારી પુછપરછ કરેલી. તા.૨૫/૧૨/૨૦૨૧ના રોજ કિરણભાઈ મણીલાલ પટેલે મને જણાવેલ કે બનાવની રાત્રે ભાવિનભાઈ પટેલ અને પ્રફુલભાઈ પટેલને તમારા ખેતર તરફ જતાં મેં જોયેલા. મને મુદ્દામાલ કોદાળી, બેટરી અને મારા દીકરાના કપડા બતાવવામાં આવે તો હું ઓળખી શકું. મને મુદ્દામાલ કોદાળી, બેટરી અને મારા દીકરાના કપડા બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે કોદાળીનો વાંસના લાકડાનો હાથો અર્ધબળેલ છે અને કોદાળીના લોખંડનું પાનુ વાંસના લાકડાના હાથા સાથે અર્ધબળેલ હાલતમાં છે જે અમારી જ કોદાળી અને તેનો હાથો છે. મને મુદ્દામાલ બેટરી

બતાવવામાં આવે છે. તે જોઈને કહું છું કે બનાવ સમયે મારો દીકરો સુધીર સાથે લઈ ગયેલ તે જ બેટરી છે. મને મારા દીકરા સુધીરના કપડા મુદ્દામાલ આર્ટીકલ નં.૫, ૬ અને ૭ બતાવવામાં આવે છે. જે બનાવ સમયે તેણે પહેરેલ ટી–શર્ટ, જેકેટ તથા પેન્ટ છે. હું આરોપીઓને ઓળખું છું. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.''

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં એવી હકીકત જણાવેલ છેકે, ''એ વાત ખરી છે કે હું મારા દીકરાઓ સાથે પ્રથમથી જ સંયુકત પરિવારમાં રહું છું. અમો પાંચ ભાઈઓ છીએ. અમો પાંચેય ભાઈઓ અલગઅલગ રહીએ છીએ. એક ભાઈ અવસાન પામેલ છે. બાકીના ભાઈઓ અલગ અલગ કામધંધો કરીએ છીએ. મારી ખેતીની જમીન વડીલોપાર્જીત છે. એ વાત ખરી છે કે મારી ખેતીની જમીનમાં મારા ભાઈઓના નામ પણ ચાલતા આવેલ છે. આરોપીઓ સાથે મારા દીકરા સુધીરને બનાવ અગાઉ ઝઘડો તકરાર થયેલ તે અંગે કોઈ પોલીસ ફરિયાદ અમોએ કરેલ નથી. બનાવ સમયે ડિસેમ્બર મહિનો હતો અને શિયાળાની ઋતુ હોવાથી લોકો પોતાના ઘર પાસે તાપણા કરતા હોય છે. આ તાપણામાં પાંદડાનો કચરો, નકામા લાકડા વિગેરે નાખવામાં આવે છે. એ વાત ખરી નથી કે મારો દીકરો સુધીર અમારા ખેતરમાં પાણી મુકવા ગયેલ છે તેવી વાત પ્રકાશભાઈએ મને કહેલ. બનાવ સમયે મારા દીકરા સુધીર સાથે બનાવ સ્થળે શું બનેલ તેની મને જાત માહિતી નથી. બનાવ અંગેની જાણકારી મને પ્રકાશભાઈએ આપેલી. પ્રકાશભાઈને કયા મજુરે બનાવની જાણ કરેલ તે મને જણાવેલ નહિ. હું અમારા ખેતરના ડેલા પાસે પહોંચ્યો ત્યારે ઘણા માણસો ત્યાં ભેગા થયેલા હતા. એ વાત ખરી છે કે મેં આંક–૨૫ ની ફરિયાદમાં કોઈ આરોપી વ્યકિતના નામ શકદાર તરીકે પણ આપેલા નથી. એ વાત ખરી છે કે મેં પોલીસ ફરિયાદમાં

''બનાવના પંદર દિવસ પહેલા મારા દીકરાને આરોપી ભાવિનભાઈ વિક્રમભાઈ ઢોડિયા અને પ્રફુલભાઈ પ્રકાશભાઈ ઢોડિયા સાથે ખેતરના રસ્તા બાબતે ઝઘડો થયેલો અને મારા દીકરાને ધમકી આપેલ કે તું આ મગજમારી કરતો નહિ નહિતર જોવા જેવી થશે'' તેવી હકીકત જણાવેલ નથી અને પ્રથમ વખત કોર્ટમાં જણાવું છું. એ વાત ખરી છે કે કોદાળી, વાંસના લાકડાનો હાથો અને ટોર્ચ દરેક ખેડુતના ઘરમાં હોય છે અને મુકત બજારમાં તે મળે છે. એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના હોવાથી તેઓને હું ઓળખુ છું. આરોપીઓ દારૂનો ધંધો કરે છે તે બાબતની પોલીસ ફરિયાદ મેં કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ પર દારૂના કેસ થયેલ હોય તેવી કોઈ પોલીસ ફરિયાદ મેં પોલીસમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ દારૂનો ધંધો કરે છે તેવી હકીકત મેં પોલીસ નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ કિરણભાઈ મણીલાલ પટેલે મને જણાવેલ કે બનાવની રાત્રે ભાવિનભાઈ પટેલ અને પ્રફુલભાઈ પટેલને તમારા ખેતર તરફ જતાં મેં જોયેલા તેવી હકીકત મેં પોલીસ નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે મારા કબજાની વડીલોપાર્જીત જમીન સબંધે અમારા પરિવારમાં ઝઘડો તકરાર ચાલે છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ ખોટી જુબાની આપુ છું.

આ કામે ફરિયાદીની સમગ્ર જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓને બનાવની જાણ બનાવના બીજા દિવસે સવારે પ્રકાશભાઈનાઓ મારફતે જાણવા મળેલ હતી અને પ્રકાશભાઈને આવી જાણ શેરડી કાપવા વાળા મજુરોએ કરેલ હતી તેવી હકીકત સ્પષ્ટ બને છે. આમ, ફરિયાદી અમરસિંગભાઈ ઉર્ફે અમૃતભાઈ બનાવને નજરે જોનાર નથી અને તેઓ બનાવની જાણ થતા પાછળથી પોતાના ખેતરે આવેલ ડેલીએ પહોચેલાની હકીકત સ્પષ્ટ બને છે. વધુમાં ફરિયાદીની ઉપરોકત જુબાની ધ્યાને લેવામાં આવે તો , તેઓ પોતાના

મરણજનાર સુધિરની લાશ લોહીલુહાણ હાલતમાં ડેલીમાં પડેલ જોયેલ હતી અને મરણજનાર સુધીરને તેને મોઢા ઉપર , માથામાં, ડાબી આંખની ઉપરની બાજુએ ઈજા થયેલ હતી તેવુ તેઓએ જોયેલ હતુ. આ ઉપરાંત તેઓએ બનાવના બીજા દિવસે એટલે કે તા.૨૫/૧૨/૨૧ ના રોજ ફરીથી તેઓ ખેતરે ગયેલ ત્યારે તેઓને ખેતરમાં રાખેલ બે કોદાળી પૈકી એક કોદાળી ન હતી અને સુધીરભાઈ જે બેટરી લઈને ખેતરે ગયેલા તે બેટરી પણ મળી આવેલ ન હતી, તેવો પુરાવો રજુ કરેલ છે.

આમ, ફરિયાદીનો ઉપરોકત પુરાવો જોતા, તેઓએ મરણજનારને થયેલ માથાની ઈજાઓ જોયેલ હતી તેમજ પોતાની ડેલીમાં રાખેલ બે કોદાળી પૈકીની એક કોદાળી અને મરણજનાર સુધીર જે બેટરી લઈને ખેતરે ગયેલ તે બેટરી પણ મળી આવેલ ન હતી. તેવી મહત્વની બાબતે ફરિયાદીનો પુરાવો આ કામે વિશેષ મહત્વનો હોવાનુ માની શકાય તેમ છે.

ફરિયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ કેટલીક બાબતોને બચાવપક્ષે વિરોધાભાસ યાને કોન્ટ્રાડીકશન તરીકે રેકર્ડ ઉપર પુરવાર કરેલ છે. તે જોતા, આ કામે ફરિયાદી એવી હકીકત કબુલ રાખેલ છે કે, બનાવના પંદર દિવસ પહેલા મરણજનારને આરોપી ભાવીન અને પ્રફુલ સાથે ખેતરના રસ્તા બાબતે ઝઘડો થયેલો અને મરણજનારને ધમકી આપેલ કે તુ આ મગજમારી કરતો નહી નહીતર જોવાજેવી થશે. આ ઝઘડાની અને ધમકી આપેલાની હકીકત ફરિયાદી પોલીસ ફરિયાદમાં કે ત્યારબાદ તપાસ દરમ્યાન કયારેય પણ જણાવેલ નથી. તેઓની સ્પષ્ટ કબુલાત જોતા આરોપી અને મરણજનાર વચ્ચેનો અગાઉનો ઝઘડો અને તે વખતે આપવામાં આવેલ ધમકીની બાબતના ફરિયાદીના પુરાવાને આ કામે વિશેષ મહત્વના પુરાવા તરીકે સ્થાન આપી શકાય તેમ નથી.

**૨૧.** ફરિયાદ પક્ષે સાહેદ રાહુલભાઈ દિલીપભાઈ ગામીત કે જેઓ સમક્ષ આરોપીઓએ ગુના સબંધેની એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેસન કરેલ હતુ તેઓને આંક-૬૧ સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેની જુબાનીના પુરાવામાં જણાવેલ છે કે,

'' હું અંધારવાડીદુર ગામે મારા માતા-પિતા, ભાઈ અને બહેન સાથે રહુ છું. હું ધોરણ-૯ સુધી ભણેલો છું. છેલ્લે પંચોલ સ્કુલમાં અભ્યાસ કરેલો. હું ભાવિનભાઈ અને પ્રકુલભાઈને ઓળખું છું. તેઓ મારા મિત્ર થાય છે. તેઓ આજે કોર્ટમાં હાજર છે તેમ કહી સાહેદ બન્ને આરોપીને ઓળખી બતાવે છે. તા. ૨૩/૧૨/૨૦૨૧ ના રોજ હું ઘરે હતો ત્યારે મારો મિત્ર અજય મારા ઘરે સાંજે પાંચ વાગ્યે સી.બી.ઝેડ. મોટરસાઈકલ લઈને આવેલો અને તે મોટરસાઈકલ ભાવિનની હતી. પછી હું અને અજય આ મોટરસાઈકલ લઈને દુકાને ઈંડા લેવા માટે ગયેલા. દુકાનેથી છ ઈંડા લઈને આવેલા અને તે ઈંડા ઘરે આવીને બાફવા મુકેલા. પછી એ ઈંડાનું અજયે શાક બનાવેલ અને રોટલા હતા એટલે અમે બે જણાએ જમી લીધેલું. જમીને આઠેક વાગ્યે અજય મોટરસાઈકલ લઈને તેના ઘરે પરત જતો રહેલો અને હું ઉંઘી ગયેલો. રાત્રીના એકાદ વાગ્યે ભાવિન અને પ્રકુલ આવેલા અને મને જગાડેલ અને ઠંડી લાગતી હોવાથી દેવતા સળગાવીને તાપણું કરેલું. તે વખતે પ્રકુલે મને એવું પુછેલું કે ભુખ લાગેલ છે કંઈ તમે જમવાનું બનાવેલ છે તેવું પુછતા મેં જવાબ આપેલો કે રોટલા અને ઈંડા છે. જમ્યા બાદ તેઓએ એવું કહેલું કે કાલે સાપુતારા ફરવા જવાનું છે જેથી અમારે ત્યાં તેઓ રોકાયેલા. તેઓને ઓઢવા માટે ગોદડી અને ચાદર આપેલ. તેઓ નીચે સુઈ ગયેલા અને હું ખાટલા ઉપર સુઈ ગયેલો. તેઓ સવારે પાંચેક વાગ્યે ઉઠેલા અને તેઓ બન્ને નાહવા માટે તેમના ઘરે ગયેલા. તે લોકો આઠ-નવ વાગ્યે આવેલા. પ્રકુલની સ્પ્લેન્ડર ગાડી લઈને આવેલા, મને પણ આવવા જણાવેલ. ત્યારબાદ અમો ત્રણેય જણ કલમકુઈ સુધી ગયેલા

અને રસ્તામાં અજયને ફોન કરેલો કે તું સી.બી.ઝેડ. બાઈક લઈને રસ્તા પર આવ અને મને ગયા ત્યારે રસ્તા ઉપર અજય બાઈક લઈને આવી ગયેલો. ભાવિને તે વખતે અજયને એવું કહેલું કે આ સ્પ્લેન્ડર તુ રાખ અને સી.બી.ઝેડ. અમને આપી દે. તે વખતે ભાવિન સી.બી.ઝેડ. ચલાવતો હતો તેની પાછળ પ્રફુલ અને છેલ્લ હું બેસેલો હતો. અમો સાપુતારા જવા માટે નીકળેલા જેમાં કરંજખેડ થી ચુનાવાડી તરફ જતા એક દુકાન આવેલ ત્યાં અમે પેટ્રોલ ભરાવેલ. ત્યાંથી પેટ્રોલ નાખી વઘઈ તરફ ગયેલા. વઘઈથી સાપુતારા રસ્તા ઉપર એક પેટ્રોલપંપ આવેલ છે ત્યાંથી એક લીટર પેટ્રોલ બાઈકમાં ભરાવેલ અને બીજું એક લીટર પેટ્રોલ બોટલમાં ભરાવેલ અને પછી સાપુતારા જવા નીકળેલા અને સાપુતારા આગળ એક દુકાન આવતા પ્રફુલ માટે એક જોડી કપડા અને એકજોડી ચપ્પલ ખરીદેલ. ત્યાંથી આગળ શીરડી જવા માટે નીકળેલા અને રસ્તામાં જંગલ આવતા પ્રફુલે નવા કપડા લીધેલા તે બદલી લીધેલ અને જુના ત્યાં ફેંકી દીધેલા. રસ્તામાં એક વાઈનશોપ આવેલ તેમાં ભાવિને કહેલ કે ત્યાંથી અમે માલ ભરીને લઈ જતાં. ત્યાંથી અમે ચણા-દાણા અને ચાલીસ રૂપિયાવાળી થમ્સઅપ લીધેલ અને ત્યાં બેસીને પીધેલ. ત્યારબાદ મેં અજયને ફોન કરેલ કે તું આવત તો તને મજા આવત. ત્યાંથી આગળ શીરડી જવા માટે નીકળી ગયેલ, રસ્તામાં એક ઢાબુ આવતા અમે ત્રણ પ્લેટ બીરિયા ની લીધેલ. ત્યાંથી અમે શીરડી જવા નીકળેલા ત્યારે રસ્તામાં દુકાન આવતા ઈંડા ભુરજી ખાધેલ. તે વખતે ભાવિનને મેં એવું જણાવેલ કે મોડુ થઈ ગયેલ છે એટલે પાછા જતા રહીએ, તો ભાવિને જણાવેલ કે આટલે આવ્યા છીએ તો ફરી આવીએ. પછી અમે શીરડી તરફ નીકળી ગયેલા અને ત્યાં જઈને અમે ત્રણ જણા માટે રૂમ ભાડે લીધેલ, જેનું ભાડુ રૂા.૫૦૦/- ભાડુ ભાવિને આપેલું. ત્યાં અમે સુઈ ગયેલા અને સવારે સાંઈ બાબાના દર્શન કરવા માટે નીકળી ગયેલા.

પછી ઘરે આવતા હતા ત્યારે મારા ઘર પાસે પોલીસવાળા આવેલા તેઓએ અમને ત્રણેયને પકડી લીધેલ. **અમો શીરડીથી પરત આવતા હતા ત્યારે ભાવિને મને કીધેલું કે સુધીરભાઈના ખેતરમાંથી રસ્તાની અવરજવર કરતા હોય તે બાબતે સુધીરે પ્રફુલ અને મને ગાળ આપેલી, તે બાબતે ખાર રાખેલો અને સુધીરને શેરડીના ખેતરમાં કોદાળીથી મારી નાખેલો છે અને પછી અમે તમારા ઘરે આવેલા. આ સુધીરને પ્રફુલ અને ભાવિને મારી નાખેલ છે તેવું ભાવિને કહેલું.**બનાવ સબંધે પોલીસે મારી પૂછપરછ કરેલી અને ડોલવણ પોલીસ સ્ટેશન લઈ ગયેલ અને ત્યાંથી મને ડોલવણ કોર્ટમાં લઈ ગયેલ. પકડાયા બાદ ૧૫ દિવસ બાદ ડોલવણ કોર્ટમાં લઈ ગયેલ. ત્યાં કોર્ટમાં મારી પૂછપરછ કરવામાં આવેલી. પૂછપરછના મેં જવાબ આપેલા અને મારા લખાવ્યા મુજબનું નિવેદન કોર્ટમાં લીધેલું અને તેના ઉપર મારી સહી લીધેલી. **(એ.પી.પી.શ્રીની વિનંતીથી કોર્ટ રેકર્ડમાંથી સાક્ષીઓના ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ મુજબના નિવેદનો સીલ કવરમાં હોય સીલ કવર ખોલવા પરવાનગી આપતા સીલ કવર ખુલ્લી અદાલતમાં ખોલતા તેમાંથી (૧) રાહુલભાઈ દિલીપભાઈ ગામીત, (૨) કિરણભાઈ મણીલાલ પટેલ તથા (૩) જયેશભાઈ મગનભાઈ પટેલના નિવેદનો નીકળેલા છે, જે નિવેદનો કોર્ટ રેકર્ડમાં સામેલ કરવામાં આવ્યા.)** મને મારૂ ડોલવણ કોર્ટમાં લીધેલું ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ મુજબનું નિવેદન માર્ક-૬૨/૧ નું મને બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે. જે મેં લખાવ્યા મુજબનું છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૬૩ (P-1/PW-11)** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫, ૨૬, ૨૭ અને ૨૮ બતાવવામાં આવે છે જેમા નં.૨૫ જોઈને કહું છું કે તે ટી-શર્ટ છે જે પ્રફુલનું છે જે તેણે બદલાવી રોડ ઉપર ફેંકી દીધેલ તે છે. નં.૨૬ જોઈને કહું છું કે તે હાફ પેન્ટ પ્રફુલનું છે જે તેણે બદલાવી ફેંકી દીધેલ તે છે. નં.૨૭ જોઈને કહું

છું કે તે શર્ટ છે જે પ્રકુલનો છે અને તે પણ તેણે બદલાવી ફેંકી દીધેલ તે છે. નં. ૨૮ જોઈને કહું છું કે જીન્સનું પેન્ટ છે. જે પ્રકુલનું છે અને તે તેણે બદલાવી ફેંકી દીધેલ તે છે. જે હું ઓળખી બતાવુ છું.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, ''હું અમરતભાઈ રામાભાઈ ઢોડિયાને ઓળખતો નથી. હું ભાવિન અને પ્રકુલને બનાવ પહેલા છ મહિનાથી ઓળખુ છું. એ વાત ખરી છે કે ભાવિન અને પ્રકુલ ડોલવણ રહે છે અને હું અંધારવાડીદુર, મહાદેવ ફળિયામાં રહું છું. મારે ડોલવણ કંઈ કામ હોય તો આ ભાવિન અને પ્રકુલને મળવાનું થતુ હતું. એ વાત ખરી છે કે આ બન્ને સાથે મારે ફરવા જવાનો પ્રસંગ બનતો હતો. એ વાત ખરી છે કે જયારે પણ આ લોકો ફરવા જવાનું જણાવતા ત્યારે મિત્રના નાતે તેઓ સાથે ફરવા હું જતો હતો. અમો સાથે બેસીને જમતા પણ હતા. એ વાત ખરી છે કે ઘણી વખત મારે પણ આ લોકોને ત્યાં ડોલવણ રાતવાસો કરવાનું બનતું હતું. એ વાત ખરી છે કે મને તથા આરોપી ભાવિન, પ્રકુલને પોલીસે એકસાથે પકડેલા. એ વાત ખરી છે કે મને પકડયા બાદ મારી પૂછપરછ કરી મને લોકઅપમાં બેસાડેલા. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાંથી મારે બહાર જવુ હોય તો પોલીસને પુછયા વગર હું જઈ શકું નહિ. મને પકડેલ ત્યારે પોલીસે મને એવું જણાવેલ કે મને પણ આ કામમાં આરોપી બનાવવાના છે. મેં પોલીસને જે જવાબો આપેલા તે સમયે હું પોલીસ સ્ટેશનમાં હતો. હું અજયભાઈને ઓળખું છું. એ વાત ખરી નથી કે અજયભાઈ અને હું ભાવેશભાઈની ગાડી લઈને નવાપુર ગયેલા. એ વાત ખરી છે કે ભાવિન અને પ્રકુલ રાત્રે મારે ત્યાં આવી રાત ત્યાં જ રોકાયેલા. એ વાત ખરી છે કે સવારે ઉઠીને આ ભાવિન અને પ્રકુલ તેમના ઘરે નહાવા માટે જતા રહેલા અને નાહીને કપડા બદલી પાછા આવેલા. એ વાત ખરી કે અમો અમારા

ગામથી સાપુતારા અને ત્યાંથી શીરડી જવા નીકળેલા. અમો શીરડી પહોંચેલા અને બીજા દિવસે સાંઈબાબાના દર્શન કરી પ્રસાદ લીધેલો. એ વાત ખરી નથી અમે ત્યાં પ્રસાદ લીધા બાદ વ્યારાની એલ.સી.બી. પોલીસે અમને ત્યાં પકડી લીધેલા. એ વાત ખરી નથી કે પોલીસે અમોને પકડેલ ત્યારે ભાવિન અને પ્રફુલને જીપમાં બેસાડેલ અને મને બાઈક ચલાવવાનું કહેલું. પોલીસે મારૂ નિવેદન લેવા માટે મને બે વખત બોલાવેલ. કયા કયા દિવસે બોલાવેલ તે મને અત્યારે યાદ નથી. **એ વાત ખરી છે કે મારા પ્રથમ નિવેદન વખતે મેં ગુજરનારને ભાવિન અને પ્રફુલે મારેલાનું જણાવેલું નહિ.** મારૂ પ્રથમ નિવેદન નોંધ્યા બાદ પોલીસે મને એક કલાકમાં જવા દીધેલ. **એ વાત ખરી નથી કે મને પોલીસે એવું જણાવેલ કે તમે ભાવિન અને પ્રફુલ વિરૂઘ્ઘ જુબાની આપો તો તમને આરોપી બનાવીશું નહિ.** એ વાતની મને ખબર નથી કે શીરડીમાં અમે જે હોટલમાં રોકાયેલા ત્યાં સીસીટીવી કેમેરા હતા કે કેમ. ડોલવણ કોર્ટમાં નિવેદન આપવા સબંધે પોલીસે મને કોઈ લેખિત જાણ કરેલ નહિ. એ વાત ખરી છે કે હું ડોલવણ કોર્ટમાં જતા પહેલા પોલીસ સ્ટેશનમાં ગયેલો. એ વાત ખરી છે કે તે વખતે પોલીસે મને એવું જણાવેલ કે જે રીતે મેં પોલીસ સ્ટેશનમાં નિવેદન આપેલ તે જ રીતે કોર્ટમાં નિવેદન આપવાનું છે. એ વાત ખરી નથી કે મેં મારા ૧૬૪ ના નિવેદનમાં સુધીરભાઈને કોણે મારી નાખેલ છે, તે મારનારનું નામ આપેલ નથી. એ વાત ખરી છે કે મેં મારા ૧૬૪ ના નિવેદનમાં એ હકીકત લખાવેલ નથી કે અમોને પોલીસે કયાંથી પકડેલા. **એ વાત ખરી નથી કે ૧૬૪ નું નિવેદન મેં પોલીસના કહેવાથી આપેલું.** શીરડી અમો કઈ હોટલમાં રોકાયેલા તેનું નામ મને અત્યારે યાદ નથી. એ વાત ખરી છે કે કોઈ હોટલમાં રોકાવું હોય તો હોટલ તરફથી આધારકાર્ડ અને ફોન નંબર માંગવામાં આવે છે. એ મને યાદ નથી કે અમે જે હોટલમાં રોકાયેલા ત્યાં આધારકાર્ડ અને ફોન નંબર

માંગવામાં આવેલા કે કેમ. એ વાત ખરી નથી કે મેં પોલીસ સમક્ષના અને કોર્ટ સમક્ષના નિવેદનો પોલીસના દબાણથી આપેલ. એ વાત ખરી નથી કે પોલીસે મને એવુ જણાવેલ કે તને આ કામે આરોપી બનાવીશ તેથી મેં આ મુજબ નિવેદનો આપેલા. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છું.

સાહેદ રાહુલનો ઉપરોકત પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, આરોપીઓ તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ મધ્ય રાત્રિ બાદ એક વાગ્યે એટલે કે તા.૨૪/૧૨/૨૦૨૧ ના ૧.૦૦ વાગ્યાના અરસામાં સાહેદ રાહુલના ઘરે પહોચેલા અને સાહેદ રાહુલને જગાડી ઠંડી લાગતી હોવાથી દેવતા સળગાવી તાપણુ કરેલુ ત્યારબાદ આરોપી પ્રફુલને ભુખ લાગેલ હોય, કંઈ જમવાનુ બનાવેલ છે તેવુ પુછતા સાહેદ રાહુલે રોટલા અને ઈંડા છે તેમ જણાવતા જમ્યા બાદ આરોપીઓએ સાપુતારા ફરવા જવાનુ છે જેથી તેઓ સાહેદ રાહુલને ત્યાં રોકાયેલા. સાહેદ રાહુલે તેઓને ઓઢવા માટે ગોદડી અને ચાદર આપેલા અને ત્યારબાદ વહેલી સવારે ૫.૦૦ વાગ્યે બન્ને આરોપીઓ જાગી ને નાહવા માટે તેમના ઘરે ગયેલા, તેવી હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, આરોપીઓ બનાવની રાત્રિએ એક વાગ્યે સાહેદ રાહુલને ત્યાં પહોચેલ હતા અને ત્યાં રાત્રે રોકાયેલ હતા તેવી હકીકત આ કામે સાહેદ રાહુલના પુરાવાથી સ્પષ્ટ બને છે.

સાહેદ રાહુલના પુરાવાનુ વધુ મૂલ્યાંકન કરવામાં આવે તો, વહેલી સવારે ૫.૦૦ વાગ્યે નાહવા માટ આરોપીઓ પોતાના ઘરે ગયા બાદ તેઓ આઠ-નવ વાગ્યે ફરીથી આરોપી પ્રફુલની સ્પ્લેન્ડર ગાડી લઈને સાહેદ રાહુલને ત્યાં ગયેલા અને રાહુલને પણ તેમની સાથે જવા માટે જણાવેલ અને ત્યારબાદ બન્ને આરોપીઓએ અને સાહેદ રાહુલ ત્રણેય જણા કલમકુઈ ગામ પહોચીને અજયને ફોન કરેલો અને સી.બી.ઝેડ બાઈક લઈને રસ્તા પર

આવવા માટે જણાવેલુ. તેથી અજય બાઈક લઈને ત્યાં ગયેલો ત્યારે આરોપી ભાવિને અજયને સ્પ્લેન્ડર બાઈક આપેલુ અને તેની પાસેથી સી.બી.ઝેડ બાઈક લીધેલુ અને તે સી.બી.ઝેડ બાઈક ભાવિને ચલાવી લીધેલ અને તેના ઉપર બન્ને આરોપીઓ અને સાહેદ રાહુલ પ્રથમ સાપુતારા અને ત્યારબાદ શીરડી ગયેલા તેવી હકીકત સાહેદના રાહુલના પુરાવામાં વિશ્વાસજન્ય સ્વરૂપે રજુ થતી હોય, તેને પુરવાર થયેલી ન માનવામાં કોઈ કારણ જણાય આવતુ નથી.

સાહેદ રાહુલની જુબાનીનો ઝીણવટપુર્વક મૂલ્યાંકન કરવામાં આવે તો, બન્ને આરોપીઓ સાથે તે ઘરેથી નીકળીને શીરડી પહોચ્યા અને શીરડીથી પરત ઘરે આવ્યા ત્યાં સુધીની દરેક ઘટનાક્રમ પણ તેઓએ પોતાની સોગંદ પરની જુબાની સ્પષ્ટ પણે જણાવેલ છે. આ ઉપરાંત કયા સ્થળોએ પેટ્રોલ ભરાવ્યુ, કયા સ્થળેથી આરોપી પ્રફુલે કપડા ખરીધ્યા અને કયા સ્થળે આરોપી પ્રફુલે કપડા બદલ્યા અને જુના કપડા કયા મુકી આવ્યા તેવી મહત્વની બાબતોએ સાહેદ રાહુલની જુબાની નાની નાની વિગતો સાથેની હોય, આવી જુબાનીને બચાવપક્ષે ઉલટતપાસમાં શંકાપ્રેરક બનાવી શકેલ ન હોય, તેમજ સાહેદ રાહુલની જુબાની આરોપી પ્રફુલે કપડા ખરીધ્યા અને ગુના સમયે પહેલ કપડા બદલી ફેકી દીધા તે જગ્યા બતાવ્યાના પંચનામાઓ ની વિગતો સાથે પણ સાહેદ રાહુલની જુબાની સંપુર્ણપણે બંધબેસતી અને એકરાગીતા ભરેલ હોવાનુ જણાય આવતુ હોય, સાહેદ રાહુલની જુબાનીને આ કામે વિશ્વાસજન્ય પુરાવા તરીકે ધ્યાને લેવુ જરૂરી બને છે.

સાહેદ રાહુલની જુબાનીમાં રજુ થતા એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન એ નબળો પુરાવો છે. આવા એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખી આરોપીને દોષિત ઠરાવી

શકાય નહી. પરંતુ જયારે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનના પુરાવાને અન્ય કોરોબોરેટીવ પીસ ઓફ એવીડન્સથી પણ પુરતુ સમર્થન પ્રાપ્ત થતુ હોય, તેવા કિસ્સામાં એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન પોતે પણ એક સહાયક પુરાવો બને છે. આ કામે સાહેદ રાહુલનાઓએ રજુ કરેલ આરોપીઓએ તેની સામે કરેલ ગુનાની પુરાવામાં રજુ થતી કબુલાતની વિગત વંચાણે લેવામાં આવે તો, આરોપીઓ અને સાહેદ રાહુલ જયારે શીરડીથી પરત આવતા હતા ત્યારે આરોપી ભાવિને તેને કહેલ હતુ કે,'' સુધિરભાઈના ખેતરમાંથી રસ્તાની અવર જવર કરતા હોય તે બાબતે સુધિરે પ્રફુલ અને મને ગાળ આપેલી તે બાબતેનો ખાર રાખેલ અને સુધિરને શેરડીના ખેતરમાં કોદાળીથી મારી નાંખેલો છે અને પછી અમે તારા ઘરે આવેલા,'' તેવી હકીકત જણાવેલ હતી.

સાહેદ રાહુલે રજુ કરેલ ઉપરોકત સરતપાસના પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો બે આરોપીઓ પૈકી આરોપી ભાવિને તેની સમક્ષ ગુનાની કબુલાત કરેલ છે. કબુલાત સમયે તેઓ શીરડીથી સાથે પરત ફરી રહેલ હતા અને મરણજનારને મારી નાંખવાનુ કારણ આરોપીઓ અને મરણજનાર વચ્ચે રસ્તાની અવર જવર બાબતે મરણજનારને આરોપીઓને ગાળ આપતા તેની દુશ્મનાવટના પરીણામે આરોપીઓએ મરણજનારને મોતને ઘાટ ઉતારેલ હોવાની હકીકત સાહેદ રાહુલ સમક્ષ જણાવેલ હતી. આ ઉપરાંત ગુનાની કબુલાતમાં આરોપી ભાવિને જે હથિયારથી મરણજનારને મારી નાંખેલ છે તે હથિયાર કોદાળી હોવાનો પણ ઉલ્લેખ કરેલ હતો. આ ઉપરાંત જે સ્થળ ઉપર આરોપીઓએ મરણજનારને મારી નાંખેલ તે સ્થળ તરીકે શેરડીના ખેતરનો પણ ઉલ્લેખ કરેલ હતો. તેમજ આરોપીઓએ સાહેદ રાહુલ સમક્ષ ગુનાની કબુલાત કરતા સમયે ''અને પછી અમે તારા ઘરે આવેલા'' તેવી હકીકત જણાવેલ હતી. તે જોતા, તેની સાથે હાજર છે તે બન્ને આરોપીઓએ મરણજનારને મારી નાખ્યા

બાદ તેઓ સાહેદ રાહુલના ઘરે ગયેલા તેવી હકીકત જણાવેલ હતી. આમ, આ કામે સાહેદ રાહુલની જુબાનીમાં રજુ થતો એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનને જોતા ચોકકસ કોણે, ચોકકસ કોને, ચોકકસ કઈ જગ્યાએ, ચોકકસ કયા હથિયારથી અને ચોકકસ કયા કારણથી મરણજનારને મારી નાંખેલ છે. તેવી તમામ ગુનાની સંપુર્ણ વિગત સાથે કહી શકાય તેવા સ્વરૂપનું એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન આરોપી ભાવિને સાહેદ રાહુલ સમક્ષ કરેલ હતુ તેમ સ્પષ્ટ બને છે.

આ કામે સાહેદ રાહુલ અને આરોપીઓ વચ્ચેના સંબંધ બાબતે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો તપાસવામાં આવે તો એવી હકીકત સ્પષ્ટ બને છે કે, આરોપીઓ સાહેદ રાહુલના મિત્ર થાય છે તેવી હકીકત સરતપાસના પ્રથમ પેરેગ્રાફસમા સૌપ્રથમ જણાવેલ છે. વધુમા આરોપીઓ ડોલવણ રહે છે અને સાહેદ રાહુલ અંધારવાડીદુર રહે છે. સાહેદ રાહુલ જયારે ડોલવણ કઈ કામ માટે જતા ત્યારે ભાવીન અને પ્રફુલને મળવાનુ થતુ તેમજ બન્ને સાથે મિત્રતાના નાતે તેઓ ફરવા પણ જતા હતા અને સાથે બેસીને જમતા પણ હતા. ઘણી વખત સાહેદ રાહુલ પણ આરોપીઓને ત્યાં ડોલવણ ગામે રાતવાસો કરતા હતા. આમ, આરોપીઓ અને સાહેદ રાહુલ વચ્ચે ગાઢમિત્રતાના સંબંધો હતા તેવી હકીકત આ કામે સાહેદ રાહુલની જુબાનીમાં સ્પષ્ટ બને છે. આમ, ગાઢ મિત્રતા ના વિશ્વાસજન્ય સંબંધોમાં આરોપીઓ સાહેદ રાહુલ સમક્ષ ગુનાની કબુલાત કરે તે માની શકાય તેવી બાબત છે.

આમ, આ કામે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ સાહેદ રાહુલ સમક્ષની આરોપી ભાવિનની ગુનાની કબુલાત વિશ્વાસજન્ય પુરાવા સ્વરૂપે રેકર્ડ ઉપર રજુ થતી હોવાનુ જણાય આવે છે.

**૨૨.** ફરિયાદ પક્ષે આ કામે સાહેદ કિરણભાઈ મણીલાલ ઢોડીયા પટેલને આંક-૬૪ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''મારી ખેતીની જમીન ડોલવણ ગામે સુધીરભાઈના ખેતરની બાજુમાં આવેલી છે. બનાવ તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ બનેલો. મારા ખેતરમાં તે વખતે શેરડીનો પાક કરેલો, મારે થ્રી ફેજ લાઈટ હોય અને રાત્રે પાવર આવતો હોય પાણી પાવા માટે હું મારા ખેતરે રાત્રીના સાડા દસ વાગ્યે હું મારા ખેતરે ગયેલો. તે સમયે સુધીરભાઈ મને મળેલા. તેઓ પણ તેમના ખેતરમાં પાણી પાવા માટે આવેલા. મારા ખેતરમાં હું રાત્રીના સાડા બાર સુધી રોકાયેલો. મારા ખેતરની પાસેથી મોટરસાઈકલ ઉપરથી બે જણ જતા હતા, મારા ખેતરની બાજુમાં જતા હતા તેના ઉપરથી આ બે જણ જતા હતા અને તેઓ મોટરસાઈકલ ઉપર બેસી વાતો કરતા હતા અને મેં જોતાં ભાવિનભાઈ ગાડી ચલાવતા હતા અને પ્રફુલભાઈ પાછળ બેસેલા હતા **તેઓના અવાજ ઉપરથી મેં તેઓને પારખેલા. તેઓ સુધીરભાઈના ડેલા તરફ તે વખતે જતા હતા.** ત્યારબાદ હું પાણી પીવડાવી મારા ઘરે પરત આવેલ. સવારે હું પાછો સવારે નવેક વાગ્યે ખેતરે ગયેલો સુધીરભાઈના ડેલા પાસે જતા મેં જોયેલું કે સુધીરભાઈનું ખુન થયેલાનું જોયેલું, માથા ઉપર અને મોઢા ઉપર ઈજાઓ મેં જોયેલી. ઈજાઓ ગંભીર હતી અને મોઢુ ઓળખાય નહિ તેવી ઈજાઓ હતી. ત્રણેક દિવસ બાદ મેં જાણેલું કે ભાવિન અને પ્રફુલભાઈને ખુન કરેલું. પોલીસે મારૂ નિવેદન લીધેલું. હું આરોપી ભાવિન અને પ્રફુલને ઓળખું છું તેમ કહી સાહેદ બન્ને આરોપીઓને ઓળખી બતાવે છે.ત્યારબાદ મને પોલીસ ડોલવણ કોર્ટ માં લઈ ગયેલી. કોર્ટમાં પણ મારી પૂછપરછ કરેલી અને મારૂ નિવેદન નોંધેલુ. મને માર્ક-૬૨/૨ નું ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ મુજબનું મારૂ નિવેદન બતાવવામાં આવે છે. તે મારા લખાવ્યા મુજબ લખેલ છે, તેમાં મારી સહી હું ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક-૬૫ (P-1/PW-12)</u>** આપવામાં આવે છે.

સદર સાહેદની આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ એરિયામાં મોટાભાગના લોકો ખેતી કામ કરે છે. એ વાત ખરી છે કે લોકોના ખેતરો ગામથી દુર હોય તો વાહનો લઈને પણ ખેતરમાં પાણી પાવા માટે રાત્રે જતા હોય છે. ડોલવણ ગામના મોટાભાગના લોકોને હું ઓળખું છું. એ વાત ખરી છે કે રાત્રીના પાણી પાવા માટે જતાં લોકોમાં કોણ ગયું તે સામાન્ય રીતે ખબર પડે. કયારેક કોઈ સ્પીડમાં વાહન લઈને નીકળું હોય તો ખબર ન પણ પડે કે કોણ ગયું. એ વાત ખરી નથી કે બનાવના દિવસે પણ વાહન લઈને કોણ નીકળેલું તે હું ચોકકસપણે કહી શકું નહિ. હું ખેતીકામ કરૂ છું. આ બનાવ અંગે પોલીસે મારી પાસે આવેલી, નહિ કે હું પોલીસ પાસે ગયેલો. ત્યાં પોલીસે મારો જવાબ લીધેલો. પોલીસે મારૂ એક જ વખત નિવેદન લીધેલું. ત્યારબાદ મારૂ બીજુ નિવેદન લીધેલ નથી. સુધીરભાઈને કોઈએ ઈજા કરી મોત નીપજાવેલાની જાણ મને સવારમાં થયેલી. જાણ થતાં હું ડેલા પર ગયેલો. એ વાત ખરી છે કે હું ડેલા પર પહોંચ્યો ત્યારે પોલીસના માણસો અને બીજા માણસો ત્યાં ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે તે વખતે હું પણ ત્યાં બીજા લોકોની માફક પોલીસની કામગીરી ઉભો રહી જોતો હતો. બનાવ બન્યા તારીખ ૨૪ થી ૨૬ વચ્ચે મારે પોલીસ સ્ટેશનમાં જવાનું બનેલ નહિ. તે દિવસો દરમ્યાન મેં પોલીસને કોઈ માહિતી આપેલ નહિ. એ વાત ખરી છે કે સુધીરભાઈનું ખુન કોણે કરેલું છે તેની મને ખબર ન હતી. એ વાત ખરી છે કે મને વાતોવાતોથી જાણવા મળેલ કે ભાવિન અને પ્રફુલને આ ગુનાના કામે પોલીસે પકડેલા છે. એ વાત ખરી છે કે બનાવ બન્યા બાદ મારે સુધીરભાઈના ઘરના લોકો સાથે બનાવ સબંધે વાતચીત કરવાનું બનેલું નહિ. સુધીરભાઈના આખા કુટુંબને હું ઓળખું છું. એ વાત ખરી છે કે સુધીરભાઈના કુટુંબના લોકો અને હું

એક જ ગામમાં રહેતા હોય અમારે વારંવાર મળવાનું થતું હતુ અને એક જ ગામમાં રહેતા હોય મારે ગુજરનાર સુધીર સાથે મિત્રતા હતી. એ વાત ખરી નથી કે મારે ગુજરનાર સાથે મિત્રતા હોવાના કારણે મેં કોઈનો અવાજ નહિ સાંભળેલો હોવા છતાં આરોપીનો અવાજ સાંભળેલાની ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી નથી કે બનાવ શેરડીના ખેતરમાં બનેલો. શેરડીનો પાક પાંચ–છ ફુટ જેટલો ઉંચો હોય છે. એ વાત ખરી છે કે તેના કારણે ખેતર આખુ ગીચ થઈ જાય છે. એ વાત ખરી છે કે ગીચતા અને અંધારૂ હોય તો કોઈ વ્યકિત ખેતરમાં ઘુસે તો ખબર પડે નહિ. એ વાત ખરી છે કે સુધીરભાઈનું ખુન કોણ અંદર આવીને કરી ગયેલું તે હું ચોકકસપણે કહી શકું નહિ.એ વાત ખરી નથી કે સુધીરભાઈ મારા મિત્ર થતા હોવાથી તેને સમર્થન આપવા માટે પોલીસ રૂબરૂ ખોટા નિવેદન આપેલ છે અને ખોટી જુબાની આપુ છું.

સાહેદ કિરણભાઈની ઉપરોકત જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ બનાવની રાત્રિએ બન્ને આરોપીને મોટર સાયકલ ઉપર સુધિરભાઈના ડેલા તરફ જતા જોયેલા અને સાહેદે બન્ને આરોપીઓને અવાજથી ઓળખેલાનું સ્પષ્ટપણે જણાવે છે. આમ, સાહેદે એક તબકકે બન્ને આરોપી ઓને મોટર સાયકલ ઉપર સુધિરભાઈના ડેલા તરફ જતા જોયેલાનુ અને બીજા તબકકે તેઓને અવાજથી ઓળખેલાનું આ કામે જણાવેલ હોય, આવા પુરાવાને શંકાપ્રેરક પુરાવો હોવાનુ માની શકાય તેમ હોય, આવા પુરાવાને આ કામે મહત્વના પુરાવાનુ સ્થાન આપી શકાય નહી.

**૨૩.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ અશોકભાઈ નરસિંહભાઈ કોટવાળીયા ને આંક–૬૭ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''હું શેરડી કાપવાનું કામ કરૂ છું. મરણ જનાર સુધીરભાઈને હું ઓળખું છું. આશરે દોઢ બે વર્ષ પહેલા અમરતભાઈના ખેતરમાં શેરડી કાપવાનું કામ કરવા

ગયેલા ત્યારે ડેલા ઉપર સુધીરભાઈની લાશ અમે ત્યાં જોયેલી. તેને મોઢા અને માથાના ભાગે ઈજા હતી તે મેં જોયેલી. ત્યારબાદ આગેવાન જેરામભાઈને અમે જાણ કરેલી. સુધીરભાઈને કોણે મારેલું તેની મને ખબર નથી. ત્યારબાદ અમરસિંગભાઈ અને ગામના બીજા લોકો ત્યાં આવેલા હતા. પોલીસે મારી પૂછપરછ કરેલી. તે દિવસે સવારના સાત વાગ્યે અમો શેરડી કાપવા ગયેલા. રાત્રે હું મારા ઘરે હતો. હું આરોપીને ઓળખતો નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સુધીરભાઈ ને કોણે મારેલું તે તેઓને ખબર નથી. બનાવ તેઓએ નજરે જોયેલ નથી.તેઓ આરોપી ને ઓળખતા નથી.

સદર સાહેદ અશોકભાઈ ના પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ સૌપ્રથમ મરણજનારની લાશ તેઓએ જોયેલી. જેની જાણ જેરામભાઈ નાઓને કરેલ હતી. અને ત્યારબાદ ગામના બીજા લોકો સ્થળ ઉપર આવેલા તેવી હકીકત સ્પષ્ટ બને છે. સાહેદ અશોકભાઈએ બનાવ નજરે જોયેલ નથી તેવી હકીકત પણ આ કામે સ્પષ્ટ બનતી હોય, સાહેદ અશોકભાઈનો પુરાવો લાશ જોઈ તેની જાણ કરવા પુરતો સિમીત છે.

સાહેદ અશોકભાઈનો પુરાવો સ્વતંત્ર રીતે આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુનાનુ તહોમત પુરવાર કરવા માટે પર્યાપ્ત બનતો નથી.

**૨૪.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ ભાઉસાહેબ ઉત્તમભાઈ ટેળેકરને આંક–૬૮ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ હું હોટલ સાંઈ શિવનેરીમાં નોકરી કરતો હતો. તેના માલિકનું નામ સોમનાથભાઈ ગજાનંદભાઈ છે. આ હોટલ શીરડી

મુકામે આવેલી છે. તે હોટલમાં બાર રૂમ છે. તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ અમારી હોટલમાં ત્રણ માણસો રાત્રે નવ વાગ્યે આવેલા અને તેમણે રૂમ ભાડે જોઈએ છે તેવું જણાવેલું અને તેઓને ૫૦૧ નંબરનો રૂમ ફાળવેલો. રૂા.૫૦૦/– ભાડુ લીધેલું. રૂમ ભાડે લેવા આવનાર વ્યકિતએ પોતાનું નામ ભાવેશ જણાવેલ અને ગુજરાતનો હોવાનું જણાવેલ. તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ સવારે નવ વાગ્યે તેઓ રૂમ છોડીને જતા રહેલા. પોલીસે મારૂ નિવેદન લીધેલું અને નિવેદન લેતી વખતે બે વ્યકિતને અમારી હોટલ ઉપર સાથે લાવેલી. (સાક્ષીને ઓળખ માટે વીટનેશ બોક્ષ છોડી આરોપીઓ તરફ જવા પરવાનગી આપવામાં આવે છે.)સાહેદ આરોપી ભાવિન અને પ્રફુલને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. તે વખતે આરોપીઓને આપેલ બીલની ઝેરોક્ષ નકલ આજરોજ હું મારી સાથે લાવેલ છું. જેમાં તા.૨૪/૧૨/૨૦૨૧ ની તારીખ છે. જેમાં શેઠ ગોપીનાથ કાજેરની સહી છે. જે હું ઓળખું છું. જેમાં રૂમ રાખનાર તરીકે ભાવેશકુમારનું નામ છે. જે આજ કોર્ટમાં હાજર છે તે આરોપી ભાવિને લખાવેલું હતું. (નોંધ આ દસ્તાવેજ ઝેરોક્ષ કોપી હોય આરોપીના વિ.વ.શ્રી આ દસ્તાવેજ સેકન્ડરી એવીડન્સ હોય આંકે પાડવા સામે વાંધો છે તેવું જણાવે છે, અસલ આરોપીને આપેલ હોય તો પણ તેની ડુપ્લીકેટ બીલ બુક રજુ કરેલ ન હોય આંક આપી શકાય નહિ. નામદાર સુપ્રિમ કોર્ટના બિપીન શાંતિલાલ પંચાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં નિર્ણીત થયેલ સિધ્ધાંત મુજબ દસ્તાવેજી પુરાવાની ગ્રાહયતા સબંધ વાંધો લેવામાં આવે તો કોર્ટે જે તે વખતે તેના પર નિર્ણય નહિ કરતા દસ્તાવેજને વાંધા સાથે ભારતીય પુરાવાના કાયદા મુજબ પુરવાર કરવાની શરતે જે તે વખતે ટેન્ટેટીવ આંક આપી કાર્યવાહીના આખરી તબકકે પુરાવાની ગ્રાહયતા સબંધે નિર્ણય કરવાનું ઠરાવેલ હોય આ દસ્તાવેજને વાંધા સાથે ટેન્ટેટીવ **<u>આંક–૬૯</u>** આપવામાં આવે છે.)

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છેકે, '' મારી ફરજ સવારે નવથી રાત્રીના નવ સુધીની હોય છે. એ વાત ખરી છે કે શીરડી ધાર્મિક સ્થાન છે અને ત્યાં લોકો આવતા જતા હોય છે. અમારી હોટલમાં લોકો આવે તેના નામ, સરનામા હોટલના રજિસ્ટરમાં લખવામાં આવે છે અને સાથે આઈ.ડી. કાર્ડ પણ લઈએ છીએ. એ વાત ખરી છે કે ચેક આઉટ અને ચેક ઈનની નોંધ કરવામાં આવે છે. અમારી હોટલમાં આવું રજિસ્ટર નીભાવવામાં આવે છે. પોલીસ મારી પાસે આવેલ ત્યારે પોલીસે મારી પાસે રજિસ્ટર માંગેલું હોય અને મેં આપેલું હોય તેવું બનેલ નથી. અમારી હોટલમાં સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરેલા છે. એ વાત ખરી છે કે પોલીસે અમારી પાસે સીસીટીવી કેમેરાના ફૂટેજ માંગેલા નહિ અને અમે પુરા પાડેલા નહિ. બનાવના દિવસે હું મારી ફરજ ઉપર એકલો જ હતો, બીજા લોકો બહાર ગયેલા હતા. આ બે વ્યકિત અમારી હોટલમાં આવેલ ત્યારે હું હોટલ પર ન હતો. એ વાત ખરી નથી કે આ લોકો જયારે હોટલમાં આવેલા ત્યારે કોણ આવ્યુ અને કોણ ગયુ તેની મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ લોકો આવેલ ત્યારે મારી ફરજ પુરી થવાની તૈયારી હતી, જેથી હું જાણુ છું. એ વાત ખરી છે કે મારા પોલીસ નિવેદનમાં મેં આ લોકો કેટલા વાગ્યે આવેલ અને કેટલા વાગ્યે ગયેલ તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે બીલમાં યાત્રી કઈ તારીખે કેટલા વાગ્યે આવેલ અને કેટલા વાગ્યે ગયેલા તેની નોંધ અમે કરીએ છીએ. મારી હોટલમાં બીલ બનાવવાનું કામ હું કરૂ છું. મને આં ક–૬૯ બતાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે આંક–૬૯ ના બીલમાં તા.૨૪/૧૨/૨૦૨૧થી તા.૨૪/૧૨/૨૦૨૧ લખેલું છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તા.૨૪/૧૨/૨૦૨૧ થી ૨૫/૧૨/૨૦૨૧ લખેલું છે. (બચાવપક્ષ ધ્વારા આ દસ્તાવેજ ઉલટતપાસ દરમ્યાન સાક્ષીને રીફર કરવામાં આવેલ છે.) એ વાત ખરી

છે કે મારા બીલમાં બીલની તમામ હકીકત અંગ્રેજીમાં લખેલી છે. એ વાત ખરી છે કે તે બીલમાં મોબાઈલ નંબર અંગ્રેજી અને મરાઠી બન્ને ભાષામાં લખેલા છે. અમે બીલ બનાવીએ તેની ડુપ્લીકેટ કોપી અમારી પાસે હોય છે. એ વાત ખરી છે કે આવા રજિસ્ટરની કોપી હું આજરોજ મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી નથી કે આંક –૬૯ નું બીલ અમારી હોટલનું છે તે હું કહી શકું નહિ. અમારી હોટલમાં ઘણાબધા લોકો રોજબરોજ આવે છે. એ વાત ખરી છે કે દરેકને હું સંપૂર્ણરીતે ઓળખી શકું નહિ. એ વાત ખરી નથી કે આરોપીઓને પોલીસ મારી પાસે લાવેલા તેને કારણે હું આજરોજ કોર્ટમાં ઓળખી બતાવું છું.''

ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓ શીરડી જઈને જે હોટલમાં રોકાયેલા તે હોટલના કર્મચારી ભાઉસાહેબની ઉપરોકત જુબાની નુ મૂલ્યાંકન કરવામાં આવે તો, કુલ ત્રણ પુરુષ વ્યકિતઓ તા.૨૪/૧૨/૨૧ ના રોજ હોટલ સાંઈ શિવનેરીમાં રૂમ નં.૫૦૧ માં રોકાયેલ હતા અને તે મતલબનુ અસલ બીલ ગ્રાહકને આપવામાં આવેલ હતુ અને તે બીલની ઓફીસ કોપીની ઝેરોક્ષ નકલ આ કામે ટેન્ટેટીવ આંક–૬૯ થી રજુ થયેલ છે. ત્યારબાદ ઉલટતપાસમાં બચાવપક્ષે આ ટેન્ટેટીવ આંક–૬૯ વાળા દસ્તાવેજી આધાર ઉપર કેટલાક પ્રશ્નો પુછેલાનુ જણાય આવે છે. આમ, બચાવપક્ષે ઉલટતપાસ દરમ્યાન ટેન્ટેટીવ આંક–૬૯ વાળા દસ્તાવેજી આધારને રીફર કરેલ હોય, આંક – ૬૯ ટેન્ટીવ આંક તરીકે રહેતો નથી અને આ દસ્તાવેજી આધાર પુરાવામાં વંચાણે લેવા યોગ્ય દસ્તાવેજી આધાર બની રહે છે.

સાહેદ ભાઉસાહેબની ઉપરોકત જુબાનીનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં પોતાની હોટલમાં રહેલા ગ્રાહક તરીકે આ કામના બન્ને આરોપીઓને સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. તે જોતા, આ કામના બન્ને આરોપીઓ તા.૨૪/૧૨/૨૧ ના રોજ સાંઈ શિવનેરી હોટલમાં

રોકાયેલ હતા તેવી હકીકત વધુ વિશ્વાસજન્ય પુરાવા સ્વરૂપે ફરિયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનુ માનવાનું રહે છે. વધુમાં આંક–૬૯ વાળુ બીલ જોતા, તેમાં ત્રણ વ્યકિતઓ રૂમ નં.૫૦૧ માં રોકાયેલાનુ સ્પષ્ટ બને છે અને આ બીલ ભાવેશના નામુ છે અને આ કામના આરોપીનુ નામ પણ ભાવિન ઉર્ફે ભાવેશ હોવાનુ પ્રથમથી જ નિર્વિવાદીત હોવાનુ સ્પષ્ટ બને છે. આ ઉપરાંત જે ત્રણ વ્યકિતઓ હો ટલમાં રોકાયેલા તે પૈકીના બે આરોપીઓ હતા તેવી ઓળખ આ કામે સ્પષ્ટ બનેલ છે ત્યારે સાહેદ રાહુલ કે જે પણ આરોપી ઓ સાથે શીરડી ગયેલા હતા તેવો ફરિયાદ પક્ષનો કેસ છે. તેને પુરતુ સમર્થન પ્રાપ્ત થતુ હોવાનુ માનવાનુ રહે છે. વધુમાં સાહેદ રાહુલે પણતેની સોગંદ ઉપરની જુબાનીમાં ભાવિને રૂપિયા ૫૦૦/– ભાડુ આપીને રૂમ ભાડે રાખેલાની હકીકત જણાવેલ. તેને પણ સાહેદ ભાઉસાહેબની ઉપરોકત જુબાનીથી પુરતુ સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું સ્પષ્ટ બને છે. બચાવપક્ષે સાહેદ ભાઉસાહેબ આરોપીઓ હોટલમાં રહેવા ગયેલ ત્યારે ફરજમાં હાજર ન હતા તેવુ એક વિધાન ઉલટતપાસ દરમ્યાન રજુ થયેલ છે. તેના ઉપર આધાર રાખી રજુઆત કરેલ છેકે, સાહેદ ભાઉસાહેબની જુબાની શંકાપ્રરેક પુરાવો છે. પરંતુ ક્રિમીનલ ટ્રાયલના ગોલ્ડન પ્રિન્સીપલ મુજબ પુરાવાના મૂલ્યાંકનના તબકકે સાહેદની આખે આખી જુબાની ધ્યાને લેવી જરૂરી બને છે નહી કે કોઈ એક વાકય. આ કામે સાહેદ ભાઉસાહેબે પોતાની ઉલટતપાસમાં ખુલાસો કરતા સ્પષ્ટ પણે જણાવેલ કે જયારે આરોપીઓ હોટલમાં રોકાવા માટે આવેલા ત્યારે તેઓની ફરજનો સમય પુરો થવાની તૈયારીમાં હતો. આમ, સાહેદ ભાઉસાહેબે પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે આરોપીઓ અને સાહેદ રાહુલ હોટલ સાંઈ શિવનેરી ખાતે રોકાવા ગયેલ હતા તેવુ આ કામે સ્પષ્ટ બનતુ હોય સાહેદ ભાઉસાહેબની જુબાની

સંપુર્ણપણે વિશ્વાસજન્ય અને આધારભુત પુરાવો રજુ કરતી હોવાનુ માનવાનુ રહે છે.

**૨૫.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ સહદેવસિંહ બાબુભાઈ વનારને આંક–૭૪ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''ગઈ તા.૨૬/૧૨/૨૦૨૧ના રોજ હું ડોલવણ મામલતદાર ઓફિસર માં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ડોલવણના પોલીસ સબ ઈન્સ્પેકટર તરફથી આ ગુનાના કામે ડોલવણ ગામે ઢોડિયા ફળિયામાં ફરિયાદીના શેરડીના ખેતરમાં શેઢા ઉપર આવેલ ડેલીમાં સુધીરભાઈ અમરસિંગભાઈનું ખુન થયેલ હોય તે જગ્યાનો નકશો તૈયાર કરી આપવા યાદી કરેલી. મને માર્ક–૧૧/૨૩ ની યાદી મને બતાવવામાં આવે છે. જે મળ્યા બદલ અમારા ઓફિસના રવાનગી કલાર્કે સહી કરેલ છે. જેને પુરાવામાં રજુ દાખલ <u>**આંક–૭૫ (P-1/PW-16)**</u> આપવામાં આવે છે. ત્યારબાદ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ હું ડોલવણ ગામે ઢોડિયા ફળિયામાં શેરડીના ખેતરના શેઢા ઉપર આવેલ ડેલા પાસે નકશો કરવા ગયેલો. તે વખતે મારી સાથે પોલીસ કોન્સ્ટેબલ હાજર હતા. તેઓએ જગ્યા બતાવેલી અને મેં પોલીસ પેપર્સનો અભ્યાસ પણ કરેલો અને સ્થળ ઉપર ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલો. જે નકશો માર્ક–૧૧ /૩૯ થી રજુ કરેલ છે. જેમાં મારી સહી છે. જે નકશો મેં ફોરવડીંગ લેટરથી પોલીસ સ્ટેશનમાં મોકલાવેલ. જે ફોરવડીંગ લેટર માર્ક–૧૧/૩૮ નો મને બતાવવામાં આવે છે. તેમાં મામલતદારશ્રી, ડોલવણની સહી છે. જે હું ઓળખું છું. જે ફોરવડીંગ લેટર માર્ક–૧૧/૩૮ તથા નકશો માર્ક–૧૧/૩૯ નો હું રજુ કરૂ છું. જેને પુરાવામાં અનુક્રમે રજુ દાખલ <u>**આંક–૭૬ તથા ૭૭ (P-2 TO 3/PW-16)**</u> આપવામાં આવે છે.''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છેકે, ''નકશાવાળી જગ્યાના માલિકી આધારના કોઈ દસ્તાવેજો મેં મેળવેલા નહિ. એ વાત ખરી છે કે મને મામલતદારશ્રીએ જે સુચના આપી તે મુજબ નકશો બનાવવાની કામગીરી મેં કરેલી. નકશો બનાવવાનું સાહિત્ય હું સાથે લઈ ગયેલો. એ વાત ખરી છે કે નકશો બનાવવા સિવાય બીજી કોઈ કામગીરી મેં કરેલી નથી. ''

ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરનાર સાહેદ સહદેવસિંહ બાબુરાવ વનાર ની ઉપરોકત જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓ પોલીસ યાદીના આધારે ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ બને છે. અને આ નકશા મુજબ ગુનાવાળી જગ્યા ડોલવણ ગામે ઢોડિયા ફળિયામાં ફરિયાદીના શેરડીના ખેતરમાં શેઢા ઉપર આવેલ ડેલીમાં આવેલ હતી. તેવી હકીકત પણ સ્પષ્ટ બને છે.

**૨૬.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ અશોકભાઈ રમેશભાઈ પટેલને આંક–૭૮ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''અમારી ખેતીની જમીન ડોલવણ ઢોડિયાવાડ ખાતે આવેલી છે. અમારી જમીનની બાજુમાં ગુજરનાર સુધીરભાઈની જમીન આવેલી છે. સુધીરભાઈ મરણ ગયેલ છે. તેઓનું ખુન થયેલું છે. તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ તેમનું ખુન થયેલું. તે દિવસે હું મારા ખેતરમાં રાતના સાડા દસેક વાગ્યે પાણી પીવડાવવા ગયેલો. મારા ખેતરમાં ગાય–ભેંસ માટે લીલો ચારો વાવેલો હતો. તે વખતે મારી સાથે રોનકભાઈ પણ હતા. **તે વખતે મેં સુધીરભાઈને તેમના ખેતરમાં ડેલા પાસે જોયેલા. બારેક વાગ્યાના સમયે ટુ–વ્હીલર ગાડી કાચા રસ્તા ઉપર સુધીરભાઈના ડેલા તરફ જતા મેં જોયેલું. મોટરસાઈકલ ઉપર ભાવિન**

**અને પ્રફુલ હતા. તેઓ બોલતા હતા તેના અવાજ ઉપરથી મને તેઓ ઓળખાયેલા.** આ કાચો રસ્તો મારા ખેતરની બાજુમાંથી પસાર થતો હતો. ત્યારબાદ હું પાણી પીવડાવીને ઘરે આવી ગયેલો. બીજા દિવસે સવારે ખબર પડેલ કે સુધીરભાઈનું ખુન થઈ ગયેલ છે. હું ત્યાં ગયેલો. તેને માથાના ભાગ ઉપર લાગેલાનું મેં દુરથી જોયેલું. બનાવ સબંધે પોલીસે મારી પૂછપરછ કરેલી. આજરોજ કોર્ટમાં બન્ને આરોપીઓ હાજર છે તેમ કહી સાહેદ બન્ને આરોપીઓને ઓળખી બતાવે છે. ''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છેકે, ''એ વાત ખરી છે કે હું, સુધીરભાઈ અને આરોપીઓ ડોલવણ ગામે જ રહીએ છીએ. અમો બધા એક જ ગામના હોય આરોપીઓને હું પહેલેથી ઓળખું છું. સુધીરભાઈની ડેલીની આગળ ખેતર આવેલ છે અને આવવાજવાનો રસ્તો પણ છે. એ વાત ખરી છે કે ખેતરવાળા પણ સુધીરભાઈની ડેલી આવેલ છે તે રસ્તાનો આવવાજવા માટે ઉપયોગ કરે છે. મને બાઈક ચલાવતા આવડે છે. એ વાત ખરી છે કે બાઈક પર બે વ્યકિત વાતો કરતા નીકળે તો તેઓ શું વાત કરે છે તે સંભળાય નહિ. એ વાત ખરી છે કે આવી રીતે કોઈ વ્યકિત મોટરસાઈકલ ઉપર જતા હોય તો બહુ ધ્યાન આપવાનું હોતુ નહિ. એ વાત ખરી છે કે મેં આરોપીઓ સુધીરભાઈની ડેલી તરફ જતા હતા તે મેં જોયેલું, તેઓ કયાં ગયા તે મેં જોયેલું નહિ. બનાવ બન્યા બાદ પોલીસને આવીને મારૂ નામ, સરનામું પૂછેલું. એ વાત ખરી નથી કે મારા નામઠામ સિવાય બીજુ કશું પૂછેલું નહિ. પોલીસે પૂછેલું તે મુજબ મેં જવાબ આપેલો. સુધીરભાઈને કોણ મારી ગયેલ તેની મને ખબર નથી.''

સાહેદ અશોકભાઈની ઉપરોકત જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ બનાવની રાત્રિએ મરનાર સુધિરભાઈને તેના ડેલા ઉપર જોયેલા

અને ત્યારબાદ બન્ને આરોપીને મોટર સાયકલ ઉપર સુધિરભાઈના ડેલા તરફ ગયેલા તેવુ મોટર સાયકલ ઉપરના વ્યકિતઓના વાતચીતના આધારે સાહેદે જણાવેલ છે કે, તે બે વ્યકિતઓ આરોપી ભાવિન અને પ્રફુલ હતા. આમ, સાહેદે બન્ને આરોપીઓને અવાજથી ઓળખેલા નું સ્પષ્ટ પણે જણાવે છે. આમ, માત્ર મોટર સાયકલ ઉપરના વ્યકિતઓના અવાજના આધારે આરોપીઓની ઓળખ વિશ્વાસજન્ય પુરાવા તરીકે માની શકાય નહી. આમ, આવો પુરાવો આ કામે મહત્વનો અને આધારભુત પુરાવો હોવાનુ સ્વીકારી શકાય તેમ નથી.

**૨૭.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ વિક્રમભાઈ રામુભાઈ વસાવાને આંક-૮૦ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''હું હાલ વ્યારા ખાતે તાપી જીલ્લા ટ્રાફીક શાખામાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવુ છું. આ અગાઉ ગઈ તા.૨૪/૧૨/૨૧ના રોજ ડોલવણ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે વખતે આ કામના ફરિયાદીએ અમારા રૂબરૂ ફરીયાદ આપતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ. આંક-૨૪ની ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં ફરિયાદીની અને રૂબરૂ તરીકે મારી સહી છે. ત્યારબાદ ગુનો રજિસ્ટર કરી હાલના ગુનાની આગળની તપાસ અન્વયેની તપાસ સંભાળેલ. મને માર્ક ૧૧/૧ થી રજુ થયેલ સુચિપત્ર બતાવવામાં આવે તેમાં મારી સહી જે હુ રજુ કરુ છે. જેને આં ક-૮૧ આપવામાં આવેલ છે. ત્યારબાદ આ ગુનાની એફ.આઈ.આર. તપાસના કામે સામેલ રાખેલ છે. મને એફ.આઈ.આર. બતાવવામાં આવે જેને રજુ દાખલ આંક-૮૨ આપવામાં આપવામાં આવેલ છે. હાલનો ગુનો ખુનનો હોય મેં મારા ઉપરા અધિકારીન રીપોર્ટ કરેલ. તે માર્ક ૧૧/૪ થી બતાવવતાં તેમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક-૮૩ આપવામાં આવેલ છે. ત્યારબાદ મે મરનાર

ની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં ડોલવણ, ઢોડીચાવાડ બનાવવાળી જગ્યાએ કરેલ છે. અને આંક–૧૬ રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામુ મને બતાવવામાં આવે છે જેમાં બે પંચોના લખાવ્યા મુજબ કરેલ. પંચનામામાં પંચોની મારા રૂબરૂપણામાં તથા મારી સહી છે જે હુ ઓળખી બતાવું છું. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તે જ દિવસે કરેલ. આંક–૩૦નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ મને બતાવવામાં આવે છે તેમાં બે પંચોના લખાવ્યા મુજબ કરેલ છે અને બે પંચોની મારા રૂબરૂ સહી કરેલ અને મારી સહી છે. મરનારની લાશનુ પી.એમ. કરવા માટે મોકલેલ. ડોકટરશ્રીએ લાશ પરના કપડા અમારા રૂબરૂ પોલીસ સ્ટેશનમાં માંગેલ. તેમાં બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલ જે આંક–૩૪ નુ પંચનામુ મને બતાવવામાં આવે છે તે બે પંચોના લખાવ્યા મુજબ કરેલ અને રૂબરૂપણામાં મારી સહી છે. ત્યારબાદ તપાસના કામે ગુજરનારનુ પી.એમ.નોટ, કોઝ ઓફ ડેથ સર્ટી. કરેલ. જે આંક–૭૨ થી પી.એમ.નોટ, તથા આંક–૭૩ થી કોઝ ઓફ ડેથ સર્ટી. મને બતાવવામાં આવેલ છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. આરોપી મળી આવતા તેઓની અટક પંચનામુ બે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ કરેલ. આંક–૩૬નુ પંનામુ મને બતાવવામાં આવે છે તેમાં બે પંચોની મારા રૂબરૂ સહી કરેલ છે અને રૂબરૂપણામાં મારી સહી છે. ત્યારબાદ આરોપી ભાવિનએ ગુનાવાળી જગ્યા, કપડા તથા મોટર સાયકલ જે જગ્યાએ રાખેલ તે જગ્યા બતાવતાં બે પંચોને સાથે રાખી આરોપીએ બતાવેલ જગ્યા જોઈ પંચોના લખાવ્યા મુજબ ડીસ્કવરી પંચનામુ કરેલ. જે આંક–૪૦નુ ડીસ્કવરી પંચનામુ મને બતાવવામાં આવે છે. જેમાં બે પંચોની સહી તથા રૂબરૂપણામાં મારી સહી ઓળખુ બતાવું છું. આ કામે મળેલ મોબાઈલ નંબરના સીડીઆર નોડલ અધિકારી મારફત યાદી કરેલ. જે માર્ક ૨૦ અને ૨૧ થી

રજુ થયેલ ચાદી મને બતાવતા તેમાં મારી સહી અનુક્રમે આંક–૮૪ તથા ૮૫ આપવામાં આવેલ છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદના નિવેદનો પૈકી કેટલાક સાહેદોના ક્રિ.પ્રો.કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા માટે તેઓને મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ રજુ કરેલ અને નિવેદન લેવા માટે તજવીજ કરેલ. ત્યારબાદ ફોરેન્સીક અધિકારીને સ્થળ પરીક્ષણ કરવા માટે યાદી કરેલ જે માર્ક ૧૧/૧૭ની મને બતાવતા તેમાં મારી સહી છે. જે રજુ દાખલ આંક–૮૬ આપવામાં આવેલ છે. માર્ક ૧૧/૧૮ ની સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવી તે તપાસના કામે સામેલ રાખેલ જે હુ રજુ કરું છું જે આંક–૮૭ આપવામાં આવેલ છે. ત્યારબાદ ગુનાવાળી જગ્યાના ફોટોગ્રાફ મે મેળવી જે હુ રજુ કરુ છું. જેને રજુ દાખલ આંક–૮૮ આપવામાં આવેલ છે. ત્યારબાદ ડોલવણ જી.ઈ.બી.માં વીજ પ્રવાહ ચાલુ હતો કે કેમ? તેની માહીતી મેળવી યાદી કરેલ જે માર્ક ૧૧/૩૦ ની યાદી મને બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે. જેને રજુ દાખલ આંક–૮૯ આપવામાં આવે છ. જે અન્વયે નાયબ ઈજનેરને પત્ર ધ્વારા માહીતી મોકલેલ જે માહીતી માર્ક ૧૧/૩૧ થી રજુ કરેલ છે. જેને રજુ દાખલ આંક–૯૦ આપવામાં આવેલ છે. ત્યારબાદ નામદાર કોર્ટમાં કલમ–૧૧૪ મદદગારીની કલમના ગુનાનો ઉમેરો કરવા માટે માર્ક–૧૧/૨૨ થી રેકર્ડ કરેલ જેમાં મારી સહી છે જે હુ રજુ કરુ છું. જેને રજુ દાખલ આંક–૯૧ આપવામાં આવેલ છે. ગુનાવાળી જગ્યાનો ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ ની નકલ મેળવી માર્ક ૧૧/૩૨ થી હુ રજુ કરું છું. જેને રજુ દાખલ આંક–૯૨ આપવામાં આવેલ છે. ત્યારબાદ મેં એફ.એસ.એલ. સુરતને મુદ્દામાલ તપાસણી કરી, સર્ટી મેળવવા માટે યાદી કરેલ તે રવાનગી નોંધ માં ડી.વાય.એસ.પી. વ્યારાની મંજુરી મેળવી રવાનગી નોધ એફ.એસ.એલ. ને મોકલાવેલ. જે માર્ક ૧૧/૩૩ અને ૧૧/૩૪ ને અનુક્ર મે દાખલ આંક–૯૩ અને ૯૪ આપવામાં આવેલ છે. ત્યારબાદ હેડ ઓફ

ડીપાર્ટમેન્ટ પેથોલોજી નવી સીવીલ હોસ્પીટલ સુરતને વિશેરા જમા કરાવ માટે ચાદી કરેલ. જે માર્ક ૧૧/૩૫ ૫ ની ચાદીમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક–૯૫ આપવામાં આવેલ છે. ત્યારબાદ મેં મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળી ગયાની પહોચો માર્ક ૧૧/૩૬ તથા ૧૧/૩૭ ની ચાદી મોકેલ. જે બંને ચાદી અનુક્રમે દાખલ આંક–૯૬ અને ૯૭ આપવામાં આવેલ છે. ત્યારબાદ તા. ૧૮/૧/૨૨ ના રોજ મારી ફરજ મોકુફ જતા આ ગુનાની તપાસ મે આગળ કરેલ નથી. મુદામાલ મને બતાવવામાં આવે છે. જે જોઈને હું કહુ છે તે જ છે. આરોપી કોર્ટમાં હાજર હોય આરોપીને ઓળખી બતાવે છે.''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણવોલ છે કે, ''એ વાત ખરી છે કે ફરિયાદીએ ફરીયાદમા શકદાર તરીકે કોઈ વ્યકિતનુ નામ જણાવેલ ન હતુ, ફરિયાદીનુ નિવેદન મે એક થી વધારે વખત લીધેલ છે. ફરિયાદીને કોઈ જમીન બાબતે તકરાર ચાલતી હોય તો તેવી મેટર ચાલતી હોય તેવુ મારી તપાસમાં ખુલેલુ નથી. એ વાત ખરી છે કે આ કિસ્સામાં કોઈ દાર્શનીક સાહેદ મને મળી આવેલ નથી. જે બાઈક કબજે કરવામાં આવેલ તેના માલીકના આધાર પુરવાના કાગળો મે આ કામે કબજે કરેલ નથી. મારી તપાસમાં આરોપી અને ગુજરનાર વચ્ચે અગાઉ કોઈ બનાવ બનેલ હોય તેવુ ખુલેલુ ન હતુ. એ વાતનો ઈન્કાર કરે છે કે કોઈ સાહેદો મારી રૂબરૂ નિવેદન આપેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપી સામે પુરતા પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરે છે કે મારી સાથે આઈ.ઓ. તરીકે સીરસાટ હતા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે એલ.સી.બી. ટીમના સીરસાટ આ ગંભીર ગુનો હોય આરોપીની તપાસમાં હતા. મેં પી.એમ.કર્યા ડોકટરનુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે મે ખોટી તપાસ કરેલ છે.''

ગુનાની પ્રારંભિક તપાસ કરનાર પોલીસ અધિકારીની ઉપરોકત જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફરિયાદીની ફરિયાદ પોતાની રૂબરૂ લખી લીધેલ હતી અને ત્યાર બાદ ગુનાની તપાસ તેઓને મળતા સંભાળી લીધેલ હતી. ત્યારબાદ ગુનાની આગળની તપાસ હાથ ધરેલ હતી તેવો પુરાવો જોતા, સામાન્ય રીતે સાંયોગિક પુરાવા ઉપર આધારીત કેસોમાં આરોપીની ગુનામાં સંડોવણી કેવી રીતે સ્પષ્ટ બનીઅને તપાસના કયાં તબકકે, કયા કયા પુરાવાઓ મળી આવ્યા તેવી બાબતે તપાસ કરનાર અમલદારની જુબાની મહત્વની બની રહેતી હોય છે. આ કામે તપાસ કરનાર અધિકારીના જુબાનીના પુરાવામાં આરોપી ભાવિને ગુનાવાળી જગ્યા, ગુના સમયે પહેરેલ કપડા અને ગુનામાં વાપરેલ મોટર સાયકલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબના પંચનામા અન્વયે શોધી બતાવેલ હતી તેવી હકીકતને તપાસ કરનાર અધિકારીએ પણ પુરતુ સમર્થન આપેલ છે. આ ઉપરાંત બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ અને મરનાર વચ્ચે અગાઉ કોઈ અણબનાવ બનેલાની હકીકત તપાસ દરમ્યાન ખુલવા પામેલ નથી તેવુ કબુલ રાખેલ છે. તેના આધારે બચાવપક્ષે આ કામે ફરિયાદ પક્ષ ગુના પાછળનો મોટીવ પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોવાની રજુઆત કરેલ છે. પરંતુ આ કામે મરનાર આરોપીઓના ખેતરમાં જતા રસ્તા બાબતે બોલાચાલી કરતા હતા તેવી હકીકત સાહેદ રાહુલ કે જેની રૂબરૂ આરોપીએ ગુનાની કબુલાત કરેલ હતી તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર સ્પષ્ટ બને છે. આમ, આ કામે તપાસ કરનાર અધિકારી પોતાની જુબાનીમાં તેઓની તપાસ દરમ્યાન આરોપી અને મરનાર વચ્ચેનો કોઈ ઝઘડાની હકીકત તપાસ દરમ્યાન ખુલવા પામેલ ન હતી તેવો પુરાવો આપે તો તે વિશેષ મહત્વનુ બની રહેતુ નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસમાં સમગ્ર ગુનાની તપાસ દૂષિત

બનાવે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી હોવાનુ જણાય આવતુ નથી. તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીની ઉપરોકત જુબાની ફરિયાદ પક્ષના કેસને સમર્થન કર્તા હોવાનુ માનવાનુ રહે છે.

**૨૮.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ યોગેશભાઈ સામરાવ સીરસાટેને આંક–૯૮ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''હું ડીસેમ્બર ૨૧ માં એલ.સી.બી. ટીમમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તા.૨૫/૧૨/૨૧ના રોજ ડોલવણ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુના માટે પોલીસ અધિક્ષકશ્રી એ આપેલ સુચના મુજબ અમો ગુનાની તપાસમાં હતો. તે દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના માણસોને બાતમી હકીકત મળતા આ ગુનાની સંડોવણી શંકમદ ભાવિન તથા પ્રફુલ્લે ગુનો કરીને મહારાષ્ટ્રના શેરડી ખાતે ભાગી ગયેલ છે. અને ત્યાથી પરત આવી તેમના મિત્ર અંધારવાડીદુર ગામે આવવાના છે તેવી હકીકત મળતા અમો વોચમાં હતા તે દરમ્યાન ભાવીન તથા પ્રફુલ્લ તથા રાહુલ મોટર સાયકલ પર અંધારવાડીદુર ગામે મહાદેવ ફળીયામાં આવેલ છે. તેઓને અમોએ રોકી પુછપરછ કરતા તેઓને પોતે અમારા રૂબરૂ ગુનો કબુલાત કરેલ હતો. જેથી તેમની પાસેથી મળી આવેલ મોટર સાયકલ અને ૫૦૦ ૫૦૦ ના બે ચલણી નોટો મળી આવેલ. જેનું પંચો રૂબરૂ પંચનામુ કરેલ. આંક–૩૮ નુ પંચનામુ મને બતાવવામાં આવે છે તેમાં બે પંચોની મારા રૂબરૂ સહી કરેલ છે અને રૂબરૂપણામાં મારી સહી છે. ત્યારબાદ એસ.પી.સાહેબશ્રીની સુચના થી અમારી કસ્ટડીમાં રહેલ આરોપીને સરકારી વાહન તથા જરૂરી જાપતા સાથે આરોપી પ્રફુલ્લે મહારાષ્ટ્રની જે જગ્યાએ પોતાના કપડા ફેકેલ હતા અને જયાથી નવા કપડા તેઓની રૂબરૂ કબજે કરેલ. જે અંગેનુ

પંચનામુ પંચો રૂબરૂ તેમને કરેલ. જેને રજુ દાખલ આંક–૫૬ આપવામાં આવેલ જેમાં મને બતાવવામાં આવેલ છે જેમાં બે પંચોની સહી તથા મારી સહી છે. તેમજ જે હોટેલમાં રોકાયેલ ત્યાના સાહેદોના નિવેદન મેં નોંધેલ હતા. આરોપી આજરોજ કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ મને બતાવવામાં આવેલ જે ઓળખી બતાવે છે. ''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે આરોપીના જે જગ્યાએ કપડા લીધેલ હતા અને શેરડી ખાતે જે જગ્યા એ રોકાયેલ તે મહારાષ્ટ્ર રાજયમાં આવેલ છે. એ વાત ખરી છે કે જે સાહેદોના નિવેદન લીધેલા તે મરાઠી ભાષામાં બોલતા હતા. એ વાત ખરી છે કે મેં નિવેદન લીધેલ તે ગુજરાતી ભાષામાં લીધેલ છે. મે શેરડીની હોટલમાં તપાસ કરેલ કરેલ તે હોટલના માલીક પાસેથી રજીસ્ટરોની માંગણી કરેલ. મને આ રજીસ્ટરો રજુ કરવા ઈન્કાર કરેલ હોય જેથી કબજે કરેલ નહી. ત્યા સીસીટીવી કેમેરા ન હતા. હોટલમાં કેટલા કર્મચારીઓ કામ કરતા હતા તેની તપાસ કરેલ નથી. હોટલનુ લાયસન્સ તેઓ પાસેથી માંગેલ નહી. મે તપાસ કરી તયારે સ્થાનિક પોલીસને જાણ કરેલ નહી કે તેના ઉપરી પોલીસ અધિકારી પાસે તપાસ કરવા કોઈ પરવાનગી માંગેલ નહી. આરોપી જયાથી કપડા ખરીદેલ તેના બીલની માંગણી કરેલ પણ આપેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે આ ગુનાના આરોપીની સંડોવણી હોવા છતા ખોટી તપાસ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે રાહુલ દિલીપ ગામીતના નિવેદન લીધેલ આરોપીએ આ પ્રકારનો ગવુનો કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ ન હતી. એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપીની ખોટી સંડોવણી કરી ખોટા પુરાવા ઉભા કરેલ છે.

આરોપીઓની અટક કરવાની કાર્યવાહી કરનાર અને ત્યારબાદ આરોપી પ્રફુલે જે નવા કપડા ખરીદેલા અને ગુના સમયે પહેરેલ કપડા ફેકી દીધેલા તે જગ્યા આરોપીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ અન્વયે ના પંચનામા મુજબ કાર્યવાહી કરી કબજે કરવામાં આવેલ છે અને તેવી હકીકતમાં તપાસ કરનાર અધિકારીએ સંપુર્ણપણે સમર્થન પુરુ પાડેલ છે. તપાસ કરનાર અધિકારી યોગેશભાઈ સામરાવ સીરસાટે ની ઉલટતપાસ દરમ્યાન પણ તેઓની તપાસને સંપુર્ણપણે દુષિત બનાવે કે શંકાપ્રેરક બનાવે તેવી કોઈ મહત્વની હકીત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી હોવાનુ જણાય આવતુ નથી. સાહેદનુ નિવેદન મરાઠી ભાષામાંથી ગુજરાતી ભાષામાં ભાષાંતરીત કરી નોંધવામાં આવેલ હોવા માત્રથી આરોપીને પક્ષને તેનો લાભ મળવા પાત્ર નથી કારણ કે, જે સાહેદ ની દુકાનેથી આરોપી પ્રફુલે કપડા ખરીદ કરેલા તે સાહેદે આ કામે ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. આમ, તપાસ કરનાર અધિકારીની ઉપરોકત જુબાની ફરિયાદપક્ષને સમર્થનકર્તા હોવાનુ માનવાનુ રહે છે.

**૨૯.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ ગોહિલને આંક–૧૦૦ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''હાલમાં હું અમદાવાદ ગ્રામ્યમાં સી.પી.આઈ., ધંધુકા તરીકે ફરજ બજાવું છું. ૨૦૨૧ ની સાલમાં હું એસ.ઓ.જી. માં પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે મારી પાસે વધારાનો ચાર્જ સી.પી.આઈ. વ્યારાનો વધારાનો ચાર્જ હતો. તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ ડોલવણ પોલીસ સ્ટેશનના હાલના ગુનાની તપાસ અમોને વી.આર.વસાવા, પી.એસ.આઈ. પાસેથી મળતા તપાસના કાગળો વંચાણે લઈ તપાસ સંભાળી લીધેલ. આરોપી પોલીસ રીમાન્ડ ઉપર હોય

અને ગુનાના કામે મુદ્દામાલ બતાવવાનું આરોપી ભાવિન જણાવતા હોય તે અંગેનું ડીસ્કવરી પંચનામું કરવાનું હોય મામલતદારશ્રી, ડોલવણને સરકારી પંચો ફાળવવા માટે યાદી કરેલી. જે યાદી નિ.૧૧/૨૪ થી આ કામે રજુ થયેલ છે. જેમાં મારી સહી છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૦૧ (P-1/PW-20)</u>** આપવામાં આવે છે. પંચો પોલીસ સ્ટેશને આવી જતાં આરોપી ભાવિનના બતાવ્યા મુજબ આરોપીએ ગુનાના કામે વાપરેલ કોદાળી તથા બીજી જગ્યાએથી કોદાળીનો સળગી ગયેલ હાથો, બળેલ રાખ તથા માચિસ આરોપીના બતાવ્યા મુજબ પંચો રૂબરૂ ડીસ્કવરી પંચનામું કરીને કબજે કરેલ. જે પંચનામું આંક–૪૬ થી રજુ છે તે જ છે. જેમાં પંચોની સહી છે તથા રૂબરૂ તરીકે મારી સહી છે. ત્યારબાદ ડોલવણ કોર્ટમાં કલમનો ઉમેરો કરવા માટે રિપોર્ટ કરેલ. જે માર્ક–૧૧/૨૬ નો મને બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૦૨ (P-2/PW-20)</u>** આપવામાં આવે છે. ત્યારબાદ આરોપીના મેડીકલ ચેકઅપ કરતી વખતે મેડીકલ ઓફિસરે સેમ્પલો કલેકટ કરેલ તે રજુ કરતા બે પંચોની હાજરીમાં કબજે કરેલ અને તે અંગેનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલું. મને આંક–૫૧ નું પંચનામું બતાવવામાં આવે છે. તેમાં બન્ને પંચોએ મારા રૂબરૂ સહી કરેલી અને રૂબરૂપણામાં મારી સહી છે. ત્યારબાદ સાહેદ અજયભાઈ અનિલભાઈ ગામીત પાસેથી ગુનાના કામે વાપરેલ હીરો હોન્ડા મોટરસાઈકલ પંચો રૂબરૂ કબજે કરેલ. જે પંચનામું આંક–૫૪ થી રજુ થયેલ છે તે જ છે. માર્ક–૧૧/૨૫ નો પત્ર મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટશ્રી, ડોલવણનાએ બે સરકારી પંચો ફાળવેલ તે પત્ર છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૦૩ (P-3/PW-20)</u>**

આપવામાં આવે છે. માર્ક–૧૧/૨૭ મને બતાવવામાં આવે છે તેમાં તાપી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધી અંગેનું જાહેરનામું તપાસના કામે લીધેલ તે જ છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૧૦૪ (P-4/PW-20)** આપવામાં આવે છે. મને માર્ક–૧૧/૨૮ બતાવવામાં આવે છે જે ડોલવણના જયુ.મેજી.ફ.ક.શ્રીને ઈ.પી.કો. કલમ–૨૦૧, ૧૨૦(બી) નો ઉમેરો કરવા માટે કરેલ યાદી છે. જેમાં મારી સહી છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૧૦૫ (P-5/PW-20)** આપવામાં આવે છે. મને માર્ક–૧૧/૨૯ બતાવવામાં આવે છે તે ડોલવણના જયુ.મેજી.ફ.ક.શ્રીએ કલમ ઉમેરો કર્યા અંગેનો હુકમ છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૧૦૬ (P-6/PW-20)** આપવામાં આવે છે. આરોપીના પોલીસ રીમાન્ડ પુરા થતા આરોપીઓને કોર્ટમાં રજુ કરી આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી વી.આર.વસાવાને સુપરત કરેલી. આરોપીઓ કોર્ટમાં હાજર છે તેમ કહી સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે.''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છેકે, '' મેં આ કેસની તપાસ તારીખ ૨૬ થી ૩૦ સુધી ઈન્ચાર્જ પી.આઈ. તરીકે કરેલી. તે વખતે મારૂ હેડકવાર્ટર વ્યારા હતું. એ વાત ખરી નથી કે હું ઈન્ચાર્જ તરીકે હોય તો જે પોલીસ સ્ટેશનનો ગુનો હોય તો તેની તપાસ કરવાનો મને લેખિત હુકમ હોય તો જ તેના પેપર્સનો અભ્યાસ કરી શકું અને તપાસ કરી શકું. મારી અગાઉની તપાસ વી.આર.વસાવા, પી.એસ.આઈ., ડોલવણ કરતા હતા. એ વાત ખરી છે કે મને હાલના ગુનાનો ચાર્જ સોંપવામાં આવેલ હોય તેવો લેખિત આધાર મેં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં તપાસ સંભાળી ત્યારે મને એવું જણાયેલું કે હાલનો ગુનો તા.

૨૩/૧૨/૨૦૨૧ કલાક ૨૨:૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૧ ના કલાક ૦૮:૦૦ વાગ્યા દરમ્યાન બનેલો હતો અને ગુનો જાહેર તા.૨૪/૧૨/૨૦૨૧ કલાક ૧૦:૪૫ વાગ્યે થયેલો અને તા.૨૪/૧૨/૨૦૨૧ ના કલાક ૧૧:૦૫ વાગ્યે ડોલવણ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલો. એ વાત ખરી છે કે ગુજરનારનું મૃત્યુ ઉપરોકત સમય દરમ્યાન થયેલ હોવાનું મેં જાણેલું. એ વાત ખરી છે કે ફરિયાદમાં આરોપીના કે શકમંદના નામ ન હતા. એ વાત ખરી છે કે ડીસ્કવરી પંચનામું કરવા જતી વખતે મને આ પંચનામું કરવા જઈએ છીએ તેવી ખબર હતી. એ વાત ખરી છે કે ડીસ્કવરી પંચનામું કરવામાં જગ્યા ઉપર કઈ તારીખે, સમયે અને કઈ રીતે પહોંચેલા તેની હકીકતો મહત્વની કહેવાય. એ વાત ખરી છે કે અમે જે વાહનમાં ગયા હતા તેનો રજિસ્ટ્રેશન નંબર પંચનામામાં દર્શાવેલ નથી કે તેની લોગબુક રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે લોગબુકમાં સરકારી ગાડીમાં કયા સમયે શું ઉપયોગ કરેલો તે દર્શાવતો પુરાવો કહેવાય. એ વાત ખરી નથી કે પંચનામામાં આ હકીકત એટલા માટે નોંધેલ નથી કે મેં પંચનામું મારી સી.પી.આઈ. ઓફિસમાં બેસીને કરેલું. ગુનાવાળી જગ્યાએ હું ડોલવણ પોલીસ સ્ટેશનમાંથી ગયેલો. મેં તપાસ સંભાળેલ ત્યારે કોદાળી અને ટોર્ચ વિગેરે કયાં હતા તેની માહિતી ન હતી. મેં તપાસ સંભાળી ત્યારે મેડીકલ તપાસ અંગે કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટ મેં જોયેલું. મેં આંક–૪૬ નું પંચનામું કર્યા બાદ સાહેદોના નિવેદનો તથા ફરિયાદીનું વિશેષ નિવેદન નોંધેલું. તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ આરોપીના કપડા કયાં હતા તે અંગેની મને કોઈ માહિતી ન હતી. તા.૨૬/૧૨/૨૦૨૧ થી તા.૩૦/૧૨/૨૦૨૧ સુધી આરોપી રીમાન્ડ પર મારી કસ્ટડીમાં હતા. કેટલા વાગ્યાથી હતા તે અત્યારે યાદ નથી. એ વાત ખરી છે કે તા.૨૩/૧૨/૨૦૨૧ થી તા.૨૬/૧૨/૨૦૨૧ સુધી આરોપીના લોકેશનનો કોઈ પુરાવો ફાઈલમાં ન હતો. મેં તપાસ સંભાળ્યા બાદ

૩૦ તારીખ સુધીમાં પણ આરોપીના લોકેશનનો પુરાવો તપાસના કામે એકઠો કરેલો નહિ. એ વાત ખરી નથી કે આરોપીઓ તારીખ ૨૩, ૨૪ દરમ્યાન શીરડી મુકામે હતા. એ વાત ખરી નથી કે તારીખ ૨૩, ૨૪ દરમ્યાન મહારાષ્ટ્ર શીરડી મુકામે હોવાની મને જાત માહિતી હોવા છતાં જો અગર તેઓના લોકેશન રેકર્ડ પર આવે તો તેઓને આ ગુનાના કામે અટક કરી ન શકાય તે હેતુથી તેઓના લોકેશન મેં પણ મેળવેલ ન હતા. મારી તપાસ દરમ્યાન એવું ખૂલેલું કે આ આરોપીઓ સામે પ્રોહિબિશનન કેસો થયેલ છે. મારી તપાસ દરમ્યાન એવું ખૂલેલું નહિ કે આ આરોપીઓએ પોલીસ વિરૂધ્ધ ઘણી અરજીઓ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ લીકરનો ધંધો કરતા ન હતા છતાં તેની સામે ગુના દાખલ થયેલા હોય પોલીસ વિરૂધ્ધ અરજીઓ કરેલ હોય તેથી પૂર્વગ્રહ રાખી આ ગુનામાં અટક કરેલા છે. મુદ્દામાલ ટોર્ચ અને કોદાળી બજારમાં થી પણ મળી શકે. એ વાત ખરી નથી કે આરોપીઓએ સ્વૈચ્છિક રીતે કોઈ કબૂલાત કરેલ ન હોવા છતાં ડીસ્કવરીનું ખોટુ પંચનામું ઉભુ કરી ખોટો પુરાવો ઉભો કરેલો છે. પંચનામું સ્થળ ઉપર ટાઈપ કરવામાં આવેલું. હવે કહું છું કે ડીસ્કવરી પંચનામું સ્થળ ઉપર હાથે લખેલ હતું અને બીજા પંચનામા ટાઈપ કરેલા હતા. અમો તપાસ માટે નીકળેલ ત્યારે લેપટોપ, પ્રિન્ટર વિગેરે સાથે લઈને નીકળેલા. સામાન્ય રીતે લેપટોપ સાથે હોય તો પંચનામું ટાઈપ કરીએ છીએ. પરંતુ તે ફરજિયાત નથી. એ વાત ખરી નથી કે ડીસ્કવરી પં ચનામું લખવા માટે લેપટોપની સગવડ હોવા છતાં તે ડીસ્કવરી પંચનામું પાછળથી લખાણ કરી ઉભુ કરેલ હોય હાથેથી લખેલું. એ વાત ખરી છે કે અમારા પોલીસ સ્ટેશનમાં કેટલી ડાયના બેગ આવે તેનું રજિસ્ટર મેઈન્ટેન કરવામાં આવે છે. આ કિસ્સામાં કેટલી ડાયના બેગ લીધેલી અને કેટલી બેગનો ઉપયોગ કરેલ તેનો કોઈ પુરાવો રજુ કરેલો નથી. એ વાત ખરી નથી કે તે પુરાવો એટલા માટે રજુ

રાખેલ નથી કે સ્થળ ઉપર પંચનામા કરેલા નથી. મુદ્દામાલ હથિયાર કબજે કરેલ ત્યારે તે પંચનામામાં કેટલો સમય વ્યતીત થયેલો તે હું અત્યારે કહી શકું નહિ. હથિયારના ડીસ્કવરી પંચનામાના પંચોને યાદી કરીને બોલાવેલા. તે યાદી મેં કરેલી. મેં ૨૭ તારીખે યાદી કરેલી. સવારે કરેલી, મુદ્દામ માણસ સાથે મોકલેલી. યાદી રીસીવ કરી આપે. એ વાત ખરી છે કે મુદ્દામ માણસનું નિવેદન મેં લીધેલ નથી. એ વાત ખરી નથી કે યાદી મેં કોઈ કરેલી જ ન હતી પરંતુ તપાસના કામે તપાસને અનુરૂપ યાદી આ કામે બતાવેલ છે. એ વાત ખરી નથી કે પંચોએ કોઈ પંચનામું લખાવેલ નથી. એ વાત ખરી નથી કે તમામ પંચનામું મેં તપાસને અનુરૂપ જાતે પોતે લખી લીધેલ છે. મેં કરેલી તપાસમાં ફરિયાદી અને આરોપી વચ્ચે જમીન બાબતનો કોઈ ઝઘડો ચાલતો હોવાનું ખૂલેલ નહિ. આ અંગેનો ડોલવણ કોર્ટમાં કેસ ચાલતો હોવાનું મારી તપાસમાં ખૂલેલું નહિ. એ વાત ખરી નથી કે કુટુંબીઓ વચ્ચે કેસ ચાલતો હોવાના કારણે આરોપીઓને ખોટી રીતે આ કેસમાં સંડોવી દેવામાં આવેલ છે.

આ ગુનાના કામે ગુનાની આંશિક તપાસ કરનાર અધિકારીની ઉપરોકત જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આ કામે આરોપી ભાવિને સ્વેચ્છાપુર્વક કોદાળી બાળી નાખેલાની જગ્યા તથા અર્ધ બળેલ હાથા વાળી કોદાળી ફેકી દીધેલી જગ્યા, તેમજ બેટરી ફેકી દીધેલાની જગ્યા પંચો રૂબરૂ બતાવેલાની હકીકતને સંપુર્ણપણે સમર્થન પુરુ પાડેલ છે, અને પંચ સાહેદે પણ આ પંચનામાને પુરતુ સમર્થન પુરુ પાડેલ છે. આવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીની તપાસની નિષ્પક્ષતા અને વિશ્વસજન્યતા વધુ દ્રઢ બને છે. આ કામે તપાસના કામે વાપરેલ ગાડીની લોગબુક નો પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો નથી તેમજ ડાયના બેગનુ રજીસ્ટર રેકર્ડ ઉપર રજુ થતુ નથી, તેમજ પંચો રૂબરૂ ટાઈપ કરવામાં આવેલ નથી અને હાથથી લખવામાં આવેલ છે તેવી હકીકત રેકર્ડ

ઉપર રજુ થવા માત્રથી તપાસ કરનાર અધિકારીની આખેઆખી તપાસ શંકાપ્રેરક બની જતી હોવાનુ માની શકાય તેમ નથી. આ સિવાય તપાસ કરનાર અધિકારીની ઉપરોકત જુબાનીને દુષિત બનાવે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ હોવાનુ જણાય આવેલ નથી. આમ, ઉપરોકત તપાસ કરનાર અધિકારીની જુબાની પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કર્તા હોવાનુ માનવાનુ રહે છે.

**૩૦.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ રાજસંગભાઈ હિરાભાઈ લોહને આંક-૧૧૦ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છેકે,

''હાલમાં હું બાવલું મહેસાણા મુકામે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવું છું. સને ૨૦૨૨ ની સાલમાં હું ડોલવણ મુકામે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન હાલના ગુનાની તપાસ પી.એસ.આઈ. એન.જે. પંચાલ પાસે હતી અને તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ મારી નિમણૂક ડોલવણ પોલીસ સ્ટેશનમાં થતા હાલની તપાસ મેં સંભાળેલી અને મારા પુરોગામી તપાસ કરનાર અમલદારોએ કરેલ તપાસની ફાઈલનો મેં અભ્યાસ કરેલો. ગુનાના કામે સંડોવાયેલ મોટરસાઈકલના રજિસ્ટ્રેશનના કાગળો મેળવવા માટે આર.ટી.ઓ. ને યાદી પાઠવી કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મને માર્ક-૧૧/૪૦, ૧૧/૪૧, ૧૧/૪૨, ૧૧/૪૩ બતાવવામાં આવે છે તે અનુક્રમે જીજે.૨૬.એ.એ.૧૨૩૭, સી.બી.ઝેડ જીજે.૧૫.એ.એલ.૩૮૧૮, જીજે.૨૬.જે.૧૮૦૧, જીજે.૧૯.આર.૮૦૨૮ ના રજિસ્ટ્રેશનના કાગળો છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં અનુક્રમે રજુ દાખલ **આંક-૧૧૧ થી ૧૧૪ (P-1 TO 4/PW-21)** આપવામાં આવે છે. ત્યારબાદ ગુજરનારનું મેડીકલ ઓફિસર સી.એચ.સી., ડોલવણને ફાઈનલ કોઝ ઓડ ડેથ સર્ટિફિકેટ આપવા

યાદી કરેલ. માર્ક–૧૧/૪૪ ની યાદી મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૧૫ (P-5/PW-21)</u>** આપવામાં આવે છે. ત્યારબાદ મેં ડીપાર્ટમેન્ટ ઓફ પેથોલોજી લેબોરેટર નવી સિવિલ હોસ્ટિપલ, સુરતને વિશેરા તપાસણી સર્ટીફિકેટ આપવા યાદી કરેલ. માર્ક–૧૧/૪૫ ની યાદી મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૧૬ (P-6/PW-21)</u>** આપવામાં આવે છે. મને પેથોલોજી ડીપાર્ટમેન્ટનું સર્ટીફિકેટ મળેલું તે મેં તપાસના કામે સામેલ રાખેલ. માર્ક–૧૧/૪૬ મને બતાવવામાં આવે છે. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૧૭ (P-7/PW-21)</u>** આપવામાં આવે છે. ત્યારબાદ મારા પુરોગામી તપાસ કરનાર અમલદારોએ જે મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલેલ તેનું પરીક્ષણ કરી એફ.એસ.એલ. સુરતે ફોરવડીંગ લેટર સાથે ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ અમોને મોકલેલો, જે મેં તપાસના કામે સામેલ રાખેલો. મને માર્ક–૧૧/૪૭ નો ફોરવડીંગ લેટર તથા માર્ક–૧૧/૪૮ નો પરીક્ષણ અહેવાલ બતાવવામં આવે છે. જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૧૮ તથા ૧૧૯ (P-8 TO 9/PW-21)</u>** આપવામાં આવે છે. ત્યારબાદ તપાસના કામે માંગેલ સી.ડી.આર. ની માહિતીની સી.ડી. બનાવેલી અને તપાસના કામે સામેલ રાખેલ. માર્ક–૧૧/૪૯ ની સી.ડી. હું રજુ કરૂ છું. જેને પુરાવામાં વાંધા સાથે રજુ દાખલ **<u>આંક–૧૨૦ (P-10/PW-21)</u>** આપવામાં આવે છે. ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલું. ત્યારબાદ એફ.એસ.એલ., સુરત તરફથી ફોરવડીંગ લેટર સાથે મોકલેલ મુદ્દામાલ સબંધે બાયોલોજી, સિરોલોજીકલ અહેવાલ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ તથા રસાયણશાસ્ત્ર વિભાગનો પૃથકકરણ અહેવાલ તથા

ડી.એન.એ. એકઝામીનેશનો રિપોર્ટ મને મળેલો. જે માર્ક–૨૧/૧ થી ૨૧/૫ મને બતાવવામાં આવે છે જે તે જ છે. જે મેં કોર્ટમાં પાછળથી રજુ કરેલ. જેને પુરાવામાં અનુક્રમે રજુ દાખલ **આંક–૧૨૧ થી ૧૨૫ (P-11 TO 15/PW-21)** આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છેકે, '' એ વાત ખરી છે કે આંક–૧૨૦ ની સી.ડી. ની વિગતો કયાંથી મેળવેલી, સી.ડી. કયાંથી અને કોની પાસેથી લીધેલી અને હેઝ વેલ્યુ કે સી.ડી. કયા ડીવાઈસમાં રાઈટ કરવામાં આવેલી તેની મને ખબર નથી અને સી.ડી. અંગે મેં કલમ–૬૫(બી) નું કોઈ સર્ટિફિકેટ મેળવેલ નથી. એ વાત ખરી છે કે મેં તપાસના કાગળોનો અભ્યાસ કરેલો છે તેમાં પી.એસ.આઈ. વસાવાએ પણ તપાસ કરેલી છે. જે લોકોની હાજરીમાં કોદાળી અને ટોર્ચ કબજે કરેલા તે પંચસાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદમાં કોદાળી અને પાવડાનો ઉલ્લેખ કરેલ નથી. મેં તપાસના કાગળોનો અભ્યાસ કરેલો તેમાં લાશ ડેલીમાં પડેલ હોવાનું જણાતું હતું. સામાન્ય રીતે તપાસમાં જયાં લાશ પડેલી હોય તેની આજુબાજુમાં કોઈ પુરાવો મળી આવે તો એકઠો કરવાનો હોય છે. એ વાત ખરી છે કે તપાસના કાગળોનો અભ્યાસ મેં કરેલો તેમાં આરોપીના લોકેશન મેળવવા સબંધે કોઈ રેકર્ડ મને જોવા મળેલ નહિ. એ વાત ખરી છે કે આ કેસમાં પી.એમ. તા. ૨૪/૧૨/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે પી.એમ. કર્યાથી તા.૧૧/૦૧/૨૦૨૨ સુધી વિશેરાના નમુના કયાં હતા તે હું કહી શકું નહિ અને તે અંગે તથા વિશેરા કેવી હાલતમાં તે અંગે મેં તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે આરોપી અને ગુજરનાર વચ્ચે કોઈ દુશ્મનાવટ હોય તેવું મારી તપાસમાં

ખૂલેલ નથી. ગુજરનાર અને આરોપી વચ્ચે જમીન અંગેની તકરાર ચાલતી હોવાનું મારી તપાસમાં ખૂલેલ નથી.''

ગુનાની તપાસ પુર્ણ કરી ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારીનુ ઉપરોકત જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોતાની તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરેલ તેનો ચિતાર રજુ કરેલછે. આ કામે કોલ ડીટેઈલ રેકોર્ડ ની સી.ડી. તેઓએ તૈયાર કરેલાનુ જણાવેલ છે અને રેકર્ડ ઉપર આવી સી.ડી. આંક-૧૨૦ થી રજુ કરેલ છે, પરંતુ આવી સી.ડી. બાબતે કોઈ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)નુ સર્ટી રજુ કરેલ નથી. તેમજ ફરિયાદપક્ષ આ સી.ડી.ના કયા ડેટા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળે છે તે બાબતે પણ કોઈ સ્પષ્ટતા થતી નથી તેવા સંજોગોમાં આ કામે સી.ડી.આર. પુરાવો વિશેષ મહત્વનો બની રહેતો નથી. આ સિવાય તપાસ કરનાર અધિકારીએ જે તે કાર્યવાહી કરેલ છે તેમાં કોઈ ગેરકાયદેસરતાનુ તત્વ હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી નથી. તેવા સંજોગોમાં તપાસ કરી ચાર્જશીટ દાખલ કરનાર પોલીસ અધિકારી રાજસંગભાઈ હિરાભાઈ લોહની જુબાની ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી હોવાનુ માનવાનુ રહે છે.

**૩૧.** ફરીયાદ પક્ષનો હાલનો કેસ સંપૂર્ણપણે સાંયોગીક પુરાવા પર આધારીત છે ત્યારે, આવા સાંયોગીક પુરાવાની એક મહત્વની કડી રૂપેનો સાયન્ટીફીક પુરાવો એટલે કે, એફ.એસ.એલ. રીપોર્ટ આંક-૧૨૧ તથા ૧૨૨ ધ્યાને લેવામાં આવે તો, સદર ગુનાના કામે મરણજનાર સુધીરભાઈના લોહીનુ જુથ '' એ'' હોવાનુ સ્પષ્ટ બને છે. જયારે આરોપી ભાવિનનુ લોહીનુ જુથ ''બી'' તથા આરોપીના પ્રફુલના લોહીનુ જુથ '' એબી'' હોવાનુ સ્પષ્ટ બને છે.

**૩૨.** મરણજનાર સુધીરભાઈનુ જે જગ્યા ઉપર મોત નિપજાવવામાં આવેલ તે જગ્યાની માટી આર્ટીકલ '' એ'' ઉપરથી માનવ મુળના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ હોવાનુ પણ આ કામે સ્પષ્ટ બને છે. આમ, મરણજનારનુ મૃત્યુ ડેલીમાં થી જે જગ્યાએ રૂધિરવાળી માટીનો નમુનો લીધેલ તે જગ્યાએ થયેલ હતુ. તેવી હકીકતને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ડેલીમાંથી અલગ અલગ જગ્યાએથી લીધેલ લોહીના ડાઘ વાળા રૂના પુંમળા મુદ્દામાલ આર્ટીકલ નં. સી ઉપર પણ માનવ મુળના ''એ '' રૂધિર જુથની હાજરી મળી આવેલ હોવાનુ રેકર્ડ ઉપર સ્પષ્ટ બને છે. આ ઉપરાંત મરણજનાર સુધીરભાઈના પી.એમ. સમયે કબજે લેવામાં આવેલ કપડા વાદળી બ્લ્યુ કલરની ટી–શર્ટ મુદ્દામાલ આર્ટીકલ નં.''ઈ'' , બ્લ્યુ કલરનુ ગરમ જેકેટ મુદ્દામાલ આર્ટીકલ નં .''એફ'' , કાળાકલરનુ પેન્ટ મુદ્દામાલ આર્ટીકલ નં.''જી'' ઉપરથી પણ માનવ મુળના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ હોવાનુ સ્પષ્ટ બને છે. આમ, મરણજનારનુ રૂધિર જુથ '' એ'' હોવાનુ આ કામે સ્પષ્ટપણે સાયન્ટીફીક આધાર પુરાવાથી પુરવાર થતુ હોવાનુ માનવાનુ રહે છે.

**૩૩.** આ ઉપરાંત આરોપી ભાવિને ગુના સમયે પહેરેલ કપડા કે જે આરોપીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭ અન્વયેના પંચનામા મુજબ તેઓના કાકા કે જે પાટી ગામે મંદિર ફળીયામાં રહેતા હતા તેમને ત્યાંથી આરોપીની સુચના મુજબ આરોપીના પત્ની ડીમ્પલબને ભાવીનભાઈનાઓએ ઘરમાંથી કપડા લાવીને રજુ કરેલ તે કપડા પૈકીના લાલ કલરના ગરમ જેકેટ મુદ્દામાલ આર્ટીકલ –આઈ તથા મરૂન કલરનુ લાંબી બાયનુ સાત બટનવાળુ શર્ટ મુદ્દામાલ આર્ટીકલ ''જે'' તથા જાંબલી કલરનુ નાઈટ પેન્ટ મુદ્દામાલ આર્ટીકલ ''કે'' નો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણનો અહેવાલ ધ્યાને લેવામાં આવે તો મુદ્દામાલ આર્ટીકલ

''આઈ'' વાળા આરોપી ભાવિનના ગુના સમયે પહેરેલ જેકેટ ઉપરથી માનવ મુળના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલાનુ સ્પષ્ટ બને છે. આમ, મરણજનારના ''એ'' રૂધિર જુથની હાજરી આરોપીના જેકેટ ઉપરથી મળી આવેલાનો સંયોગ આ કામે ફરિયાદપક્ષે સફળતા પુર્વક પુરવાર કરેલ હોવાનુ માનવાનુ રહે છે.

આ ઉપરાંત આરોપી ભાવિનના શર્ટ અને પેન્ટ ઉપર થી રૂધિરની હાજરી મળી આવેલ ન હતી. પરંતુ આરોપી ભાવિનની અટક સમયે અંગ ઝડતી દરમ્યાન આંક–૩૮ વાળી જગ્યાના સમયે મળી આવેલ રૂપિયા ૫૦૦ના દરની બે ચલણી નોટો જેને મુદ્દામાલ આર્ટીકલ નં.''એચ'' આપવામાં આવેલ હતો તેના બાયોલોજીકલ અને સીરોલોજી પૃથ્થકરણ દરમ્યાન આ બન્ને નોટો પૈકી રૂા.૫૦૦/– ના દરની એક ચલણી નોટ કે જેનો નં.૬એફઆર૬૪૬૦૦૦ ઉપરથી પણ માનવ મુળના ''એ'' રૂધિર જુથની હાજરી મળી આવેલ છે. આમ, આરોપી ભાવિન પાસેથી મળી આવેલ ચલણી નોટ ઉપરથી પણ મરણજનારના રૂધિર જુથની હાજરી મળી આવવાનો મહત્વનો સંયોગ પણ આ કામે ફરીયાદપક્ષે સાયન્ટીફીક પુરાવાથી પુરવાર કરેલ છે.

**૩૪.** આ કામના આરોપી પ્રફુલ પ્રકાશ ઢોડીયા પટેલનાઓએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭ અન્વયેના પંચનામા મુજબ અભોણા (મહારાષ્ટ્ર) મુકામે ફેકી દીધેલ ગુના સમયે પહેરેલ કપડા જે શોધી બતાવેલ તે કપડા પૈકીના લાલ સફેદ કલરના ઉભા પટ્ટાવાળી કાળા કલરની હાફ બાયની ટી–શર્ટ મુદ્દામાલ આર્ટીકલ '' એસ'' ઉપર થી માનવ મુળના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ હતી. તેમજ એક ભુરા સફેદ કલરની જીન્સની હાફ પેન્ટ મુદ્દામાલ આર્ટીકલ નં. ''ટી'' ઉપર થી માનવ મુળના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ આવેલ છે. આ ઉપરાંત એક કાળા કલરનો ફુલ બાયનો શર્ટ

મુદ્દામાલ આર્ટીકલ નં.''યુ'' ઉપર થી કોઈ રૂધિરની હાજરી મળી આવેલ નથી. તેમજ કાળા કલરની જીન્સની પેન્ટ મુદ્દામાલ આર્ટીકલ નં.''વી'' ઉપર થી માનવ મુળના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ છે. આમ, આરોપી પ્રફુલે ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭ ના પંચનામા મુજબ શોધી બતાવેલ કપડા ઉપરથી કાળા કલરના શર્ટ સિવાયના તમામ કપડા ઉપરથી આરોપીના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ હોવાનુ ફરીયાદપક્ષે સાયન્ટીફીક પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનુ માનવાનું રહે છે.

**૩૫.** મરણજનારને મારી નાંખવા માટે વપરાયેલ કોદાળી કે જે આરોપીઓએ બાળી પુરાવાનો નાશ કરવાની કોશિષ કરી અર્ધ મળેલ હાથાવાળી કોદાળી ફેકી દઈ તે કોદાળી તથા તેનો અર્ધબળેલ હાથો ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭ ના પંચનામા મુજબ શોધી બતાવેલ હતો તેવી હકીકત કોદાળી મુદ્દામાલ આર્ટીકલ નં.''એલ'' તથા ''એન'' નો બાયોલોજી અને સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ આંક–૧૨૨ વંચાણે લેવામાં આવે તો બન્ને આર્ટીકલ ઉપરથી માનવમુળના રૂધિરની હાજરી મળી આવેલાનુ સ્પષ્ટ બને છે. પરંતુ તેની એન્ટીજીનીસીટી નિયત થઈ શકેલ ન હોય તે રૂધિર કયા જુથનુ હતુ તેનો અભિપ્રાય આપી શકાય એમ નથી તેમ દર્શાવવામાં આવેલ છે. આમ, કોદાળી તથા તેનો અર્ધબળેલ હાથો માનવને મારવા માટે વપરાયેલ હતો અને તે સમયે તેના ઉપર માનવ મુળનુ રૂધિર લાગેલ હતુ તેવુ આ કામે સ્પષ્ટ બને છે.

સામાન્ય રીતે કોદાળી એ ખેતરમાં ઉપયોગમાં લેવાતુ સાધન છે તેના પરથી માનવના રૂધિરની હાજરીનુ મળી આવવુ અને આ કોદાળી તથા તેનો અર્ધબળેલ હાથો આરોપી ભાવિને ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭

ના પંચનામા મુજબ શોધી બતાવેલ હોવાનુ પણ આ કામે વિશ્વાસજન્ય પુરાવાથી પુરવાર થયેલ છે ત્યારે આ કોદાળી અને તેના હાથા ઉપરથી માનવમુળના રૂધિરની હાજરી મળી આવવાનો સંયોગ આ કોદાળી મરણજનારને મારવા માટે જ વપરાયેલ હતી તેવુ માનવા માટે પ્રેરે છે.

**૩૬.** આ કામે આરોપી ભાવિને બનાવ સમયે ઓઢેલ શાલ તથા બનાવ સમયે આરોપીની ટોર્ચને તેઓ પોતાની સાથે લઈ ગયેલા અને જે જગ્યાએ ફેકી દીધેલ તે જગ્યા આરોપી ભાવિને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ ના પંચનામા મુજબ શોધી બતાવેલ અને તે જગ્યા ઉપરથી ટોર્ચ મળી આવેલ હતી અને તે ટોર્ચ આર્ટીકલ –''ઓ'' ફરિયાદીએ બનાવના દિવસે મરણજનાર પોતાની સાથે લઈ ગયેલ તે ટોર્ચ તરીકે પુરાવા દરમ્યાન ઓળખી બતાવેલ છે. તે ટોર્ચ તથા આરોપી ભાવીને બનાવ સમયે ઓઢેલ શાલ કે જે આરોપીએ સળગાવી દીધેલ હતી તેની રાખ મુદ્દામાલ આર્ટીકલ નં.''પી'' નો બાયોલોજીતથા સીરોલોજી અહેવાલ આંક–૧૨૨ ને ધ્યાને લેવામાં આવેલ બન્ને આર્ટીકલ ઉપરથી કોઈ રૂધિરની હાજરી મળી આવેલ નથી.

આમ, આ કામે આરોપી ભાવિનના જેકેટ ઉપર તથા તેના ધરપકડ સમયે ખીસ્સામાંથી મળી આવેલ રૂા.૫૦૦/– ના દરની નોટ ઉપરથી મરણજનારના રૂધિર જુથ 'એ' ની હાજરી મળી આવેલ છે. તેમજ આરોપી પ્રફુલના હાફ પેન્ટ, પેન્ટ અને ટી–શર્ટ ઉપરથી મરણજનારના રૂધિર જુથ 'એ' ની હાજરી મળી આવેલ છે. તેમજ મરણજનારને મારી નાંખવા માટે વપરાયેલ કોદાળીના હાથા ઉપરથી તથા કોદાળી ઉપરથી માનવ મુળના રૂધિરની હાજરી મળી આવવાનો સંયોગ ખુબ જ મહત્વનો સંયોગ છે. આવા સંયોગ બાબતે આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ મુજબના વિશેષ

નિવેદનમાં એફ.એસ.એલ. અહેવાલ આંક–૧૨૨ તથા આંક–૧૨૩ બાબતે પ્રશ્ન પુછવામાં આવેલ છે. પરંતુ આ પ્રશ્નોના જવાબમાં આરોપીઓ તરફથી ''ખોટી વાત છે,'' તેવો જવાબ આપેલછે. આમ, આરોપીઓ તરફથી મરણજનારના રૂધિરજુથની હાજરી તેઓના કપડા ઉપર, ખિસ્સામાં રહેલી ચલણી નોટ ઉપર કેવી રીતે આવી તે બાબતે કોઈ જ સંતોષકારણ ખુલાસો આરોપીઓ તરફથી આપવામાં આવેલ નથી. આમ, આરોપીઓના ગુના સમયે પહેરેલ કપડા ઉપરથી, તેમજ આરોપી નં.૧ ભાવિનના ખિસ્સામાંથી મળી આવેલ રૂા.૫૦૦/– ના દરની ચલણી નોટ ઉપર મરણજનારનુ લોહીનુ જુથની હાજરી મળી આવવાનો ગુનામાં આરોપીઓની સંડોવણી હોવા બાબતેનો મહત્વનો સંયોગ ફરિયાદપક્ષે આ કામે સાયન્ટીફિક પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

**૩૭.** આ ગુનાના કામે બચાવપક્ષ તરફથી ફરિયાદ નોંધી લેનાર પોલીસ અધિકારીએ જ ગુન્હાની પ્રાંરભીક તપાસ હાથ ધરેલ છે. તેથી આવી તપાસ દુષિત તપાસ હોય, તેનો લાભ આરોપીને મળવો જોઈએ તેવી રજુઆત કરેલ છે. આ રજુઆત અનુસંધાને સૌપ્રથમ એવી હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટ બને છે કે, આ ગુન્હાની ફરીયાદ નોંધી લેનાર પોલીસ અધિકારીએ ગુનાની આખેઆખી તપાસ હાથ ધરેલ નથી અને માત્ર પ્રારંભીક તપાસ જ હાથ ધરેલ હતી. ત્યારબાદની વધુ તપાસ અન્ય ત્રણ પોલીસ અધિકારીઓએ કરેલ છે. આમ, ફરિયાદ નોંધી લેનાર પોલીસ અધિકારીએ ગુનાની સંપુર્ણ તપાસ કરેલ ન હોય, આરોપીઓને પ્રજ્યુડાઈઝ થયેલાની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવતી નથી. વધુમાંફરીયાદ નોંધી લેનાર પોલીસ અધિકારી દ્વારા જ ગુન્હાની તપાસ કરવામાં આવેલ હોવાથી તેઓને પૂર્વગ્રહ થયેલ છે તેવી હકીકત રેકર્ડ પર

સ્પષ્ટપણે પુરવાર કરવી ફરજીયાત છે. આરોપી પક્ષ ફરીયાદ જે અધિકારી રૂબરૂમાં લેવામાં આવેલ છે તેવા પોલીસ અધિકારી ધ્વારા ગુન્હાની તપાસ કરવાથી તેઓને સ્પષ્ટ પણે પૂર્વગ્રહ થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડે તો, તેવા કામે આરોપી પક્ષ જે પોલીસ અધિકારી રૂબરૂમાં ફરીયાદ નોંધવામાં આવેલ છે અને તેઓ ધ્વારા જ ગુન્હાની તપાસ પણ કરવામાં આવેલ હોય તેટલા માત્રથી કોઈ વિશેષ લાભ મેળવવાને હકકદાર બની જતા નથી. આ કામે ફરીયાદ નોંધી લેનાર અને તેની પ્રારંભીક તપાસ કરનાર તપાસનીશ અધિકારીની સમગ્ર જુબાની ને જોતા આરોપી પક્ષ તરફથી ફરીયાદ જે પોલીસ અધિકારી રૂબરૂ માં નોંધવામાં આવેલ છે તેવા પોલીસ અધિકારી ધ્વારા જ ગુન્હાની પ્રારંભીક તપાસ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર સ્પષ્ટ થયેલ છે પરંતુ, આરોપીઓને તપાસનાં કામે કઈ ચોકકસ બાબતે પૂર્વગ્રહ થયેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટ કરી શકેલ નથી. તેવા સંજોગોમાં આરોપી આવી અનિયમિતતા બાબત કોઈ વિશેષ લાભ મેળવવાને હકકદાર બની રહેતા નથી. આ તબકકે ફરીયાદ નોંધી લેનાર પોલીસ અધિકારી અને તપાસનીશ પોલીસ અધિકારી એક જ વ્યકિત હોય તેવા કિસ્સામાં અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરતા સમયે ધ્યાનમાં રાખવાનાં માર્ગદર્શક સિધ્ધાંતો સબંધે ચુકાદાઓ તપાસવામાં આવે તો, તે નીચે મુજબ છે ::–

**(1)** **S. Jeevanantham v. The State through Inspector of Police, TN, reported in 2004(5) SCC 230** નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, If the Investigating Officer has no personal interest in that case, then it would not be fatal to the case of the prosecution. It depends upon the facts and circumstances of the case.

(2) **State of Gujarat v. Jabbirsing Ratansing Indra Rajput, reported in 2013(3) GLR 1952** Held that when there is no allegation that the accused has been falsely implicated to settle the score, it would not be fatal to the case of the prosecution that the complainant and the Investigating Officer is one and the same person.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ આરોપી પક્ષે તેઓને થયેલ પ્રેજયુડીસ રેકર્ડ ઉપર પુરવાર કરવો ફરજીયાત છે તેમજ તેઓને કયા કારણસર તપાસનીશ અધિકારી ખોટીરીતે સંડોવણી કરે તેવી હકીકત પણ રેકર્ડ ઉપર પુરવાર કરવી ફરજીયાત છે. આ કામે ફરીયાદ રૂબરૂમાં નોંધી લેનાર પોલીસ અધિકારી તથા ગુન્હાની પ્રારંભીક તપાસ કરનાર પોલીસ અધિકારી એક જ વ્યકિત છે પરંતુ, આ કારણસર આરોપીને કોઈ પૂર્વગ્રહ થયેલ હોય કે, આરોપીની ખોટી સંડોવણી કરવામાં આવેલ હોય તેવી હકીકત બચાવ પક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી ત્યારે, આ બચાવ મહત્વનો સાબીત થઈ શકે તેમ નથી.

**૩૮.** આ કામે ફરિયાદ પક્ષનો કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારિત છે અને ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ ગુના સમયે પહેરેલ કપડા , ગુનામાં વાપરેલ હથિયાર ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૭ મુજબ પંચો રૂબરૂ શોધી બતાવેલ હતા અને તે કપડા ઉપરથી મરણજનારના લોહીના જુથની હાજરી મળી આવેલ તેમજ મારવામાં વપરાયેલ કોદાળી ઉપર થી માવનમુળના રૂધિરની હાજરી મળી આવેલ છે. ત્યારે આવા પુરાવાનું મુલ્ય બાબતે નામ.ગુજરાત રાજયની વડી અદાલતના 2019 (0) AIJEL-HC 24151

Chimanbhai Khumanbhai Nayak Versus State Of Gujarat ના ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો,

**31.** Through the testimony of PW 10 - Kiritbhai Champakbhai Bariya and PW 11 - Dipakkumar Chunilal Vankar, the prosecution has duly proved the panchnama under section 27 of the Indian Evidence Act, whereby the axe used in the commission of the offence came to be discovered at the instance of the appellant from the ravines.

**37.** The prosecution has, through the testimonies of the panch witnesses and the Investigating Officer, proved various other circumstances against the appellant accused. **Firstly, through the testimony of the panchas, it has been established that the appellant led the police party to the place where he had hidden the muddamal axe, which had been used in the commission of the offence. The muddamal axe was sent to the Forensic Science Laboratory for analysis and in terms of the Serological Report, the blood stains found on the muddamal axe was of 'B' group, which is the blood group of the deceased. The Serological Report, which has been produced on record, reveals that the blood stains on the clothes of the deceased are of 'B' group, the blood stains on the clothes of the accused are of 'B' group and the blood stains on the axe are also of 'B' group, which clearly establishes the presence of the appellant accused at the time of the offence and falsifies his stand that he was at Modasa at the relevant time.**

૩૯. ઉપરોકત ચુકાદાવાળા કિસ્સામાં પણ મરણજનારના લોહીના જુથની હાજરી કુહાડી ઉપરથી અને આરોપીઓના કપડા ઉપરથી મળી આવેલ હતી અને આરોપીઓએ પોતે કુહાડી અને ગુના સમયે પહેરેલ કપડા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ શોધી બતાવેલ હતી. અને પંચોએ તે પંચનામા ની હકીકત સંપુર્ણ પણે સમર્થન આપેલ હતુ. તેથી નામ.ગુજરાત રાજયની વડી

અદાલતે આરોપીઓની ગુના સ્થળે હાજરી હોવાનુ માનેલ હતુ. આ કામે પણ આરોપીઓએ ગુનામાં વાપરેલ કોદાળી જે સ્થળે બાળી નાંખવામાં આવેલ તે સ્થળ આરોપીઓએ પંચો રૂબરૂ બતાવેલ હતુ અને તે સ્થળેથી બળેલો કોદાળીનો હાથો તેમજ આરોપીઓએ અર્ધ બળેલ હાથા સાથેની કોદાળી જે સ્થળે ફેકી દીધેલ તે સ્થળ પણ પંચો રૂબરૂ બતાવતા ત્યાંથી અર્ધ બળેલી હાથા વાળી કોદાળી મળી આવેલ હતી અને એફ.એસ.એલ. પૃથ્થકરણ દરમ્યાન કોદાળી અને કોદાળીના અર્ધ બળેલ હાથા ઉપરથી માનવમુળના રૂધિરની હાજરી મળી આવેલ છે. કોદાળી અને તેના હાથા ઉપરથી મળી આવેલ માનવમુળના રૂધિરનું જુથ નકકી કરી શકાયેલ ન હતુ. ચોકકસ પણે જ કોઈ કોદાળીને ગુનામાં વાપરયા બાદ બાળી નાંખવામાં આવે તો તેવા કિસ્સામાં તેના અર્ધબળેલા અવશેષો ઉપરથી રૂધિરનુ જુથ ન મળી આવે તે એક સ્વાભાવીક બાબત છે. પરંતુ કોદાળી ઉપરથી માનવ મુળના રૂધિરની હાજરી મળી આવવાનો સંયોગ પણ મહત્વનો છે.

૪૦. આ ઉપરાંત આ કામે આરોપીઓએ પંચોની હાજરીમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબના પંચ નામા સમયે ગુના સમયે પહેરેલ કપડા શોધી બતાવેલ હતા અને તે પંચનામાની હકીકતોને પંચ સાહેદોએ પુરતુ સમર્થન પણ આપેલ છે. અને આરોપીઓએ શોધી બતાવેલ કપડા ઉપરથી મરણજનારના રૂધિર જુથ ''એ''ની હાજરી પણ મળી આવેલ છે. આમ, આ કામે આરોપીઓએ ગુના સમયે પહેરેલ કપડા ઉપરથી મરણજનારના રૂધિર જુથની હાજરીનુ મળી આવવુ તે આરોપીઓ ગુનાવાળા સ્થળે હાજર હતા અને તેઓએ ગુના સમયે આજ કપડા પહેરેલ હતા તેમજ આજ કોદાળી

મરણજનારને મારવા માટે વાપરેલ હતી તેવી હકીકત માનવા માટે પ્રેરે તેવો વિશ્વાસજન્ય પુરાવો હોવાનુ સ્પષ્ટ બને છે.

**૪૧.** વધુમાં ગુનાવાળા સ્થળેથી મરણજનારની બેટરી ગુના બાદ મળી આવેલ હતી જે આરોપી ભાવિને આપેલી ભારતીય પુરાવા અધિનિયમની કલમ−૨૭ મુજબની માહિતી અન્વયે પંચનામા સમયે આરોપીએ જે જગ્યાએ ફેકી દીધેલ તે જગ્યા પાટી ગામે મંદિર ફળીયામાં શેરડીના ખેતરવાળી જગ્યા પંચો રૂબરૂ બતાવતા તથા આરોપીએ તે જગ્યાએથી પીળા કલરની મરણજનારની ટોર્ચ શોધી બતાવેલ હતી અને તે ટોર્ચ ફરિયાદીએ મરણજનાર પોતાની સાથે લઈ ગયેલા તે ટોર્ચ તરીકે ઓળખી બતાવેલ છે. આમ, આરોપી ભાવિનુ ટોર્ચ ના સ્થળ બાબતે નું અંગત જ્ઞાન પણ આ કામે ફરિયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ છે. જે સંયોગ પણ આ કામે આરોપીની ગુનામાં સંડોવણી હોવા બાબતે વિશ્વાસજન્ય પુરાવો હોવાનુ માનવાનુ રહે છે.

**૪૨.** બચાવપક્ષની મુખ્ય રજુઆત મુજબ ફરિયાદપક્ષે આ કામે ગુના પાછળનો મોટીવ સાબીત કરી શકેલ નથી તેથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી. આ ઉપરાંત ફરિયાદપક્ષ જે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનના પુરાવા ઉપર આધાર રાખે છે તે ખુબ જ નબળો પુરાવો છે. આવા પુરાવાના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. આવી રજુઆત અનુસંધાને સાંયોગીક પુરાવાના કિસ્સામાં મોટીવનુ મહત્વ તથા એકસ્ટ્રાજયુડીશીયલ કન્ફેસનના પુરાવાની કિંમત બાબતે નામ.ગુજરાત રાજયની વડી અદાલતના 2015 (0) AIJEL-HC 234750 Rajput Upendra Versus State Of Gujarat ના ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

12. Heard both the learned advocates for the parties and perused the records of the case. The submission as made by the learned senior counsel Mr. Nanavati that the prosecution could not prove the motive of the appellant for the commission of the offence. **But as per the evidence of P.W. 6 complainant, it appears that the appellant confessed before him about the incident and same contents were narrated in the complaint and also same are proved through independent witness i.e. Investigating Officer and therefore, it cannot be said that the motive on the part of the appellant to kill the deceased, is not established by the prosecution.** Even as per the facts of the case, the deceased was in love with other person and the appellant had seen her with said male person during the Navratri and therefore, the appellant told her to leave that person, but the deceased did not ready to leave that person and therefore, the appellant committed murder of the deceased. In light of such averments, the motive or intention on the part of the appellant, can be said to be proved by the prosecution. We have perused discovery panchnama, wherein the present appellant himself disclosed the incident before the panchas and police that on 2.10.2009, he was at Gabbar Road with his wife and he gave knife blows to her wife and committed murder of her. Even he also stated the place from where he purchased the knife for committing alleged offence. Therefore, there is no question about motive behind the commission of offence on the part of the appellant. The appellant himself shown during the discovery, about the knife, Mangalsutra and other golden ornaments and said contents are proved

through the oral evidence of panchas of discovery panchnama as well as Investigating Officer and therefore, it can be said that the contents of discovery panchnama are proved by the prosecution beyond reasonable doubt.

**13.** The Hon'ble Apex Court in so many decisions observed so far as motive in the commission of the offence and therefore, merely because motive is neither alleged nor proved, the same would ipso facto affect the prosecution case **but in the case there are other circumstances to create doubt regarding veracity of the prosecution case, this may also become material.** **In the case of circumstantial evidence if the circumstances relied upon by the prosecution are proved beyond doubt, then the absence of motive would not hamper a conviction.** The motive is not always capable of precise proof, if proved, may only lend additional support to strengthen the probability of commission of the offence by the person accused but the absence of proof does not ipso facto warrant an acquittal. **Even the prosecution did not adduce satisfactory evidence on the motive aspect, is not even sufficient to throw out the case of the prosecution as unreliable.** **When there is abundant evidence to show that the accused and the accused would have committed murder, the absence of proof motive does not vitiate the prosecution case.** Even if the genesis or the motive of the occurrence is not proved, ocular testimony of the witness as to the occurrence could not be discarded only on that account, if otherwise it was reliable. Here the accused himself is assailant and the Court is satisfied for the same and therefore, the question of motive is not to be considered. In

the present case, the motive of the appellant in the commission of crime stands clearly established by way of his own statement in the discovery panchnama as well as through circumstantial evidence. If the motive on the part of the appellant was not to kill the deceased, then why he purchased the knife from the shop and said weapon knife and shop from he purchased the same are shown by him in the discovery panchnama and stated the same before the panchas and police. Therefore, the appellant was pre-minded to kill the deceased and therefore, he brought the deceased to the place of incident.

**14.** Herein this case, the appellant himself made extra judicial confession about the commission of the offence and same is proved by the prosecution. **Extra-judicial confession, if voluntary can be relied by upon by the Court along with other evidence in convicting the accused. Extra judicial confessions are not usually considered with favour but that does not mean that such a confession coming from a person who has no reason to state falsely and to whom it is made in circumstances which tend to support his statement, should not be believed.**–Extra judicial confession which is not obtained by the coercion, promise of favour or false hope, etc. and is plenary in character and voluntary in the nature of acknowledging his guilt, and made in presence of a body of persons on two occasions inclusive of the family members of the accused and other witnesses held can be acted upon.

ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો જયારે સાંયોગીક પુરાવાની કડીઓ શંકારહિત પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેતો હોય, ત્યારે ગુનાનો મોટીવ ફરિયાદપક્ષ માટે પુરવાર કરવુ ફરજીયાત બની રહેતુ નથી અને આવા કિસ્સામાં માત્ર ફરિયાદ મોટીવ પુરવાર ન કરી શકે તેટલા માત્ર થી પુરવાર થયેલા સાંયોગીક પુરાવાઓ ને ડીસ્કાર્ડ કરી શકાય નહી. આ ઉપરાંત ઉપરોકત ચુકાદામાં અદાલત આરોપી એ કરેલી સ્વૈચ્છીક ગુનાની કબુલાતનો આધાર આરોપીને દોષિત ઠરાવવા માટે લઈ શકે છે. એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનનો સામાન્ય રીતે નબળો પુરાવો માનવામાં આવે છે અને તેનો આધાઆરોપીને દોષિત ઠરાવવા માટે લેવામાં આવતો નથી પરંતુ તેનો અર્થ એવો પણ થતો નથી કે, જે વ્યકિત રૂબરૂ માં આરોપીએ ગુનાની કબુલાત કરી હોય તેવા વ્યકિતને આરોપીની કબુલાત વિશે ખોટુ કહેવા માટેનુ કારણ ન હોય અને તેવી વ્યકિત એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન જે પરિસ્થિતિમાં કરવામાં આવે અને જે શબ્દોમાં કહેવામાં આવે તે પરિસ્થિતિ અને શબ્દો બાબતે વિશ્વાસજન્ય પુરાવો રજુ કરે અને આવુ એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનને અન્ય સાંયોગીક પુરાવાઓથી પણ પુરતુ સમર્થન પ્રાપ્ત થાય તો તેવા એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનના પુરાવાને સહાયક પુરાવાનુ સ્થાન આપી ધ્યાને લેવા યોગ્ય પુરાવો બને છે.

આ કામે ફરિયાદ પક્ષ મરણજનાર અને આરોપી વચ્ચે કે તેના કુટુંબીજનો વચ્ચે ખેતરના રસ્તા બાબતે કોઈ પણ ઝઘડાઓ ચાલતા હતા અથવા તો મરજનાર આરોપીઓને પોતાના ખેતરની બાજુના રસ્તાથી જતા આવતા રોકતા હતાઅને તેના પરીણામે આરોપીઓ અને મરણજનાર વચ્ચે મનદુ:ખ ચાલી આવેછલ હતુ તે મતલબનો એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન જે સાહેદ રૂબરૂ

કરવામાં આવેલ તે સાહેદના પુરાવા સિવાય કોઈ પુરાવો રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં આ કામના ફરિયાદપક્ષ ગુના પાછળનો મોટીવ પુરતા પુરાવાઓથી પુરવાર કરી શકેલ નથી. પરંતુ આ કામે સાહેદ રાહુલ કે જેની રૂબરૂ આરોપીઓએ ગુનાનુ એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન કરેલ હતુ તેવા સાહેદે મરણજનારને મારી નાંખવા માટેનુ કારણ કે જે આરોપીઓએ સાહેદ રાહુલને જણાવેલ હતુ અને સાહેદ રાહુલે અદાલતમાં પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર રજુ કરેલ હતુ તે મુજબ આરોપી ભાવિને સાહેદ રાહુલને જણાવેલ હતુ કે, **'' સુધિરભાઈના ખેતરમાંથી રસ્તાની અવરજવર કરતા હોય તે બાબતે સુધિરે પ્રફુલ અને મને ગાળ આપેલી, તે બાબતે ખાર રાખેલો અને સુધિરને શેરડીના ખેતરમાં કોદાળીથી મારી નાખેલો છે અને પછી અમે તમારા ઘરે આવેલા.''** આમ, સાહેદ રાહુલની જુબાનીમાં રજુ થતુ એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનની હકીકત ને ધ્યાને લેતા, અને તેમાં આરોપી ભાવિને સાહેદે રાહુલને ગુનાનો મોટીવ જણાવેલ હતો તે મુજબ આ કામે ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર મરણજનારને મારી નાંખવા માટે આરોપીઓનો મોટીવ શું હતો તે હકીકત પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

એક તબકકે માત્ર દલીલ ખાતર માની લેવામાં આવે કે આ કામે ફરિયાદપક્ષે આ કામે આરોપીઓને ગુના પાછળનો મોટીવ પુરવાર કરેલ નથી તો પણ ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત મુજબ આરોપીઓના ગુના સમયે પહેરેલા કપડા ઉપરથી મરણજનારના રૂધિર જુથની હાજરી મળી આવવાનો સંયોગ તેમજ ગુનામાં વાપરેલ કોદાળી , ગુનાબાદ પોતાની સાથે લઈ ગયેલ ટોર્ચ , ગુના સમયે પહેરેલ શાલ જે જગ્યાએ બાળી નાંખેલ તે જગ્યા જેવા તમામ સ્થાનો બાબતે આરોપીઓનુ અંગત જ્ઞાન અને તેવા

જ્ઞાન સાથે આરોપીઓએ તે જગ્યાઓ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ બતાવી તે જગ્યા ઉપરથી બળેલી હાલતમાં કોદાળીનુ મળી આવવુ તેમજ આરોપીઓએ ગુના સમયે પહેરેલ કપડાનુ મળી આવવુ અને તેના ઉપરથી બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથ્થકરણ દરમ્યાન મરનારના જ રૂધિર જુથની હાજરીનુ મળી આવવુ તેમજ આરોપીઓ બતાવે તે જગ્યા ઉપરથી ટોર્ચ તથા શાલ બાળી નાંખેલ તે જગ્યાએથી રાખનુ મળી આવવુ જેવા તમામ મહત્વના સંયોગો આ કામે ફરિયાદપક્ષ શંકારહિત પુરાવાઓથી પુરવાર કરેલ છે ત્યારે, માત્ર મોટીવ પુરવાર નહી થયેલ હોવાની બાબત મહત્વની બની રહેતી નથી.

**૪૩.** આ કામે બચાવપક્ષે આરોપી નં.૨ વિરુધ્ધનુ તહોમત ૧૨૦(બી) યાને કે ગુનાહિત કાવતરાનુ છે. તેથી આરોપીને ખુનના ગુના માટે દોષિત ઠરાવી શકાય નહી. તેવી રજુઆત કરેલ છે. આ રજુઆતના અનુસંધાને નામદાર સર્વોચ્ચ અદાલતનો અગ્રગણ્ય ચુકાદો Ramji Singh and another vs State of Bihar,2001 AIR SCW 4300 ની ચર્ચા કરવામાં આવે તો તે નીચે મુજબ છે.

> 14. Legal position as to whetherSC3857 in the absence of charge under Section 34 conviction could be maintained under Section 34 was cleared by the Constitution Bench in Wille Slaney v. State of M.P. AIR 1956 SC 116, where this Court observed at para 86:"Sections 34, 114 and 149 of the Indian Penal Code provide for criminal liability viewed from different angles as regards actual participants, accessories and men actuated by a common object or a common

intention; and the charge is a rolled-up one involving the direct liability and the constructive liability without specifying who are directly liable and who are sought to be made constructively liable.In such a situation, the absence of a charge under one or other of the various head of criminal liability for the offence cannot be said to be fatal by itself, and before a conviction for the substantive offence, without a charge, can be set aside, prejudice will have to be made out. In most of the cases of this kind, evidence is normally given from the outset as to who was primarily responsible for the act which brought about the offence and such evidence is of course relevant."This was reiterated by the Supreme Court a number of times. We may refer to Dhanna v. State of Madhya Pradesh. AIR 1996 SC 2478, where this position is reiterated after referring to the other cases. It held :.**"It is, therefore, open to the Court to take recourse to Section 34 of IPC even if the said Section was not specifically mentioned in the charge and instead Section 149, IPC has been included. Of course a finding that the assailant concerned had a common intention with the other accused is necessary for resorting to such a course.** This view was followed by this Court in later decisions also. (Amar Singh v. State of Haryana, AIR 1973 SC 2221; Bhoor Singh v. State of Punjab, AIR 1974 SC 1256. The first submission of the learned counsel for the appellant has no merit.**"Accordingly it is held that even in the absence of the charge under Section 34 the conviction could be maintained by the Courts below.**

15. **The counsel for the appellants could not show that any prejudice was caused to either of the accused persons because of the non-framing of charge under Section 34.**

ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત ઘ્યાને લેવામાં આવે તો જયારે ખુનના ગુનાના આક્ષેપો હોય અને બન્ને આરોપીઓનો એક સમાન ગુનાહિત ઈરાદો મરણનારને મારી નાંખવાનો રેકર્ડ ઉપર પુરવાર થતો હોય ત્યારે તહોમતનામુ ફરમાવતા સમયે ઈ.પી.કો.કલમ– ૩૪ ના ગુનાનુ તહોમત ન હોય, તેમ છતાં પણ આરોપીને આવા ગુના હેઠળ દોષિત ઠરાવી શકાય છે. વધુમાં આ કામે બચાવપક્ષે આરોપી નં.૨ કે જેના ગુના સમયે પહેરેલ કપડા ઉપરથી મરણનારના રૂધિર જુથની હાજરી મળી આવેલ છે અને આ બાબતે તેઓએ કોઈ સંતોષકારક ખુલાસો રજુ કરેલ નથી. તે જોતા, આરોપી નં.૨ પ્રફુલ નાઓ પણ મરણજનારને મારી નાંખવા માટે આરોપી નં.૧ ભાવિન સાથે સમાન ઈરાદો ધરાવતા હતા તેવુ માનવાનુ રહે છે, અને આ કામે ઈ.પી.કો.કલમ–૩૪ મુજબનુ તહોમત ફરમાવેલ નથી તેટલા માત્ર થી આરોપી નં.૨ નાઓને કોઈપણ પ્રકારે પ્રજયુડાઈઝ થયેલા જણાય આવતુ નથી. આ કામે ઈ.પી.કો.કલમ–૩૪ મુજબના ગુનાનુ તહોમત ફરમાવેલ નથી તેવી બાબત કોઈપણ પ્રકારે ઈ–લીગાલીટી બનતી હોવાનુ જણાય આવતુ નથી.

**૪૪.** નામદાર સર્વોચ્ચ અદાલતે સાંયોગીક પુરાવાના મુલ્યાંકન બાબતે **Ganesh Lal vs State of Rajasthan, 2001 AIR SCW 5251**

13. In Baiju v. State of M. P., (1978) 1 SCC 588, Earabhadrappa v. State of Karnataka, (1983) 2 SCC 330, Gulab Chand v. State of M. P., (1995) 3 SCC 574, Mukund alias Mishra v. State of Madhya Pradesh, AIR 1997 SC 2622 and A.

Devendran v. State of T. N., (1997) 11 SCC 720, para 20, murder and robbery were proved to have been integral parts of one and the same transaction and the presumption arising under illustration (a) to Section 114 of the Evidence Act was applied for holding the accused guilty of not only having committed robbery but also murder of the deceased. The presumption was founded on recovery of stolen property belonging to the deceased.AIR 1978 SC 522:1978 Cri LJ 647,AIR 1983 SC 446 : 1983 Cri LJ 846,1995 AIR SCW 2504 : AIR 1995 SC 1598,1997 AIR SCW 2580 : AIR 1997 SC 2622,1998 AIR SCW 285 : AIR 1998 SC 2821 : 1998 Cri LJ 814

14. While raising such presumption the time factor between the date of the offence and recovery of stolen property from the possession of the accused would play a significant role. Precaution has to be taken that the presumption may not be so stretched as to permit suspicion taking the place of proof. No hard and fast rule can be laid down.

15. A review of several decisions of this Court, some of which we have cited hereinabove, leads to the following statement of law. Recovery of stolen property from the possession of accused enables a presumption as to commission of offence other than theft or dacoity being drawn against the accused so as to hold him a perpetrator of such other offences on the following tests being satisfied :

(i) The offence of criminal misappropriation, theft or dacoity relating to the articles recovered from the possession of the accused and such other offences can reasonably be held to

have been committed as an integral part of the same transaction;

(ii) the time-lag between the date of commission of the offence and the date of recovery of articles from the accused is not so wide as to snap the link between recovery and commission of the offence;

(iii) availability of some piece of incriminating evidence or circumstance, other than mere recovery of the articles, connecting the accused with such other offence;

(iv) caution on the part of the Court to see that suspicion, howsoever strong, does not take the place of proof. In such cases the explanation offered by the accused for his possession of the stolen property assumes significance. Ordinarily the purpose of Section 313 of Code of Criminal Procedure is to afford the accused an opportunity of offering an explanation of incriminating circumstances appearing in prosecution evidence against him. It is not necessary for the accused to speak and explain. However, when the case rests on circumstantial evidence the failure of the accused to offer any satisfactory explanation for his possession of the stolen property though not an incriminating circumstance by itself would yet enable an inference being raised against him because the fact being in the exclusive knowledge of the accused it was for him to have offered an explanation which he failed to do. (See Earabhadrappa v. State of Karnataka, para 13 (supra), Gulab Chand v. State of M. P., para 4 (supra).AIR 1983 SC 446 : 1983 Cri LJ 846,1995 AIR SCW 2504 : AIR 1995 SC 1598

19. In the case at hand a little before the probable time of commission of the crime the accused was seen near the place of occurrence. We should not be misunderstood as holding the evidence of availability of the accused near the place of occurrence and his passing on a dantli (sickle) to a young girl-child as evidence of 'last seen together'. We are only holding the presence of the accused near the place of occurrence a little before the time thereof and his having seen the likely victim of the crime thereat. The recovery of kuralias worn by the deceased was made at the instance of the accused and there is a time-lag of just 2 days between the offence and the recovery. An axe was recovered on an information given by the accused which is found to be stained with human blood on examination by forensic science laboratory. The axe had mud, pieces of bone and shreds of flesh and fat on it at the time of recovery, as deposed to by the witnesses and perception of which facts needs no expertise. Clothes of the accused were recovered on being produced by him from his house. The four clothes were bundled up in a piece of cloth and kept hidden in an earthen pot. The manner in which the clothes were kept is not one in which the wearing apparels are ordinarily kept in the house. All these clothes were found to be stained with mud and human blood. The chaddi (underwear) was having stains of blood and semen - both. The accused is a bachelor. He had two injuries on his person which could have been caused at or about the time of occurrence. The nature of the injuries was such that they could have been caused either by the scratches of the victim resisting the act of the accused or

by the accused coming in contact with rough surface of the ground in the course of commission of the crime. All these circumstances were put to the accused.

Only answer to all such circumstances is 'Galat Hai' (i.e., it is false or incorrect). The fact remains that the accused failed to offer any explanation of such circumstances and therefore they can be used as inculpatory circumstances against him and the necessary inferences flowing therefrom used as links in chain of incriminating circumstantial evidence fastening guilt on him. The medical evidence shows that the victim girl was raped, her neck was twisted and she was throttled to kill her. On her death the two legs were chopped off and the kuralias worn by her were removed. The accused was in recent unexplained possession of kuralias. These several criminal acts - rape, killing and theft - were committed in one transaction. The availability of the abovesaid pieces of incriminating circumstantial evidence and their having remained totally unexplained forge a complete chain of incriminating circumstantial evidence so as to fasten guilt upon the accused beyond any reasonable doubt. The silence of the accused supplies the 'missing link', if any, as held by this Court in the case of State of Maharashtra v. Suresh,(supra). It is not only the recovery of stolen property but also availability of other strong circumstances which have fastened inescapable con-nectivily of the accused with the offences charged.

ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત મુજબ જયારે આરોપીની માહિતી મુજબ ગુના સમયે પહેરલ કપડા મળી આવે અને તે કપડા ઉપરથી

મરણજનાર ના રૂધિર જુથની હાજરી મળી આવે તેમજ આરોપીની માહિતીના આધારે ગુનામાં વાપરેલ હથિયાર મળી આવે અને તે હથિયાર ઉપરથી માનવમુળના રૂધિર જુથની હાજરી મળી આવે તેમજ ગુનામાં આરોપીઓ પોતાની સાથે લઈ ગયેલ ચીજવસ્તુઓ આરોપીની માહિતીના આધારે મળી આવે તો તેવા કિસ્સામાં ગુના સમયે આરોપીની હાજરી અને ગુના બાબતે આરોપીનુ અંગત જ્ઞાન ના આધારે આરોપી વિરુધ્ધના ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ (એ) મુજબ નુ અનુમાન આરોપી વિરુધ્ધ દોરવાનુ રહે છે. તેમજ આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુનાની સાંયોગીક પુરાવાની કડીઓ પુરવાર થવાના પરીણામે આરોપી દોષિત હોવાનુ માનવાનુ રહે છે.

ઉપરોકત ચુકાદા વાળા કિસ્સામાં આરોપી ભોગબનનારના જે ઘરેણા ચોરી ગયેલા હતા આરોપીએ આપેલ માહિતીના આધારે બે દિવસના સમયબાદ રીકવર કરવામાં આવેલ હતા અને તેવી રીકવરીનાઆધારે આરોપી ગુનામાં સામેલ છે તેવુ અનુમાન ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એ) મુજબ દોરવાનુ યોગ્ય અને યર્થાથ ઘરાવવામાં આવેલ છે. આ કામે આરોપીઓ મરણજનાર તેના ડેલીમાં રહેલ કોદાળી ઘ્વારા મારી નાંખ્યા બાદ તે કોદાળી અને મરણજનાર પાસે જે પીળા કલરની ટોર્ચ હતી તે લઈને ત્યાં થી ભાગી ગયેલ હતા અને ત્યારબાદ કોદાળીને જે જગ્યાએ આરોપીઓએ બાળી નાંખેલ તથા તે ટોર્ચ જે જગ્યાએ ફેકી દીધેલ તે જગ્યા આરોપી ભાવિને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ ના પંચનામા અન્વયે આગળ ચાલીને બતાવેલ હતી તેવી હકીકત આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદની જુબાનીથી સ્પષ્ટ પણે પુરવાર કરેલ છે,અને આરોપીએ બતાવેલ જગ્યા ઉપરથી અર્ધબળેલ હાલતમાં કોદાળીનો હાથો તથા અર્ધબળેલ હાલતમાં કોદાળી તથા

પીળા કલરની ટોર્ચ ડીસ્કવર થયેલ છે. અને આ બન્ને ચીજવસ્તુઓ કદાળી તથા પીળા કલરની ટોર્ચ આ કામના ફરિયાદી કે જે મરણજનારના પિતા થાય છે તેઓએ પોતાની હોવાની પુરાવા દરમ્યાન ઓળખી બતાવેલ છે. આમ, મરણજનાર મૃત્યુ પામ્યા તે સમયે તેના કબજા હેઠળ હતી તેવી ચીજવસ્તુ કોદાળી અને ટોર્ચનુ આરોપીના જ્ઞાન હેઠળથી ગુના ત્રણ દિવસના સમયગાળામાં મળી આવવુ આરોપી આ ગુનામાં દોષિત હોવા બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એ) મુજબના અનુમાનને આધારે ફરીયાદ પક્ષે આ કામે પુરવાર કરેલ હોવાનુ માનવાનુ રહે છે. અત્રેથી એવી બાબત પણ સવિશેષ ઉલ્લેખનીય છે કે, બચાવપક્ષ આવા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એ)મુજબના અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે.

બન્ને આરોપીઓએ ગુના સમયે પેહરેલ કપડા કે જે આરોપીઓ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ અન્વયેના પંચનામામાં મુજબ ડીસ્કવર થયેલ હતા તે બન્ને આરોપીઓના કપડા ઉપરથી મરણજનારના રૂધિર જુથની હાજરી મળી આવવી તેમજ ગુનામાં વાપરેલ હથિયાર કોદાળી ઉપરથી માનવ મુળના રૂધિરનુ મળી આવવુ તથા ગુના બાદ મરણજનારની ટોર્ચ જે આરોપીઓ પોતાની સાથે લઈ ગયેલ હતા તે ટોર્ચ આરોપી ભાવિન ધ્વારા પંચો રૂબરૂ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મંજબના પંચનામા અન્વયે મળી આવવાના સંયોગો તથા આરોપી ભાવિનની એરેસ્ટ સમયે તેના ખીસ્સામાંથી મળી આવેલ રૂા.૫૦૦/– ના દરની ચલણી નોટ ઉપરથી પણ મરણજનારના રૂધિર જુથની હાજરીનુ મળી આવવુ પણ આરોપીઓ દોષિત હોવા સંબંધે સ્પષ્ટ અને વિશ્વાસજન્ય પુરાવો હોવાનુ માનવાનુ રહે છે.

આમ, આગળ ઉપર પુરાવાઓની ચર્ચા કર્યા મુજબ તથા નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના ચુકાદાઓમાં પ્રતિપાદિત સિધ્ધાંત મુજબ આ કામે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબના પંચનામા અન્વયે બન્ને આરોપી ઓએ ગુના સમયે પહેરેલ કપડા પંચો રૂબરૂ શોધી બતાવેલ હતા તેવી હકીકત આ કામે પંચોના પુરાવાઓથી પુરવાર થયેલ છે, અને તે કપડા એફ.એસ.એલ. તરફ મોકલવામાં આવતા બન્ને આરોપીઓના કપડા ઉપરથી મરણજનાર ના ''એ'' જુથના રૂધિરની હાજરી મળી આવેલ છે. આ મરણજનારના રૂધિર જુથની હાજરી મળી આવવાના સંયોગ બાબતે આરોપીઓ તરફથી કોઈ જ સ્પષ્ટતા કે ખુલાસો રજુ કરવામાં આવેલ નથી. તેમજ આ કામના આરોપી ભાવિનના ઓએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબના પંચનામા અન્વયે ગુનામાં વાપરેલ કોદાળી જે જગ્યાએ બાળી નાંખેલી તે જગ્યા પંચો રૂબરૂ બતાવતા તે જગ્યાએથી અર્ધ બળેલ કોદાળી નો હાથો તથા અર્ધ બળેલ હાથા સાથેની કોદાળી અને ગુનો પાર પાડયા બાદ આરોપી મરણજનારની ટોર્ચ પોતાની સાથે લઈ ગયેલ તે પીળા કલરની ટોર્ચ પણ આરોપી ભાવિને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ આપેલ માહિતી વાળી જગ્યાએથી ડીસ્કવર થયેલ છે. જે આ ગુનાના કામે stolen property હોય અને તે પણ આરોપી ભાવિને બતાવેલ જગ્યા ઉપરથી મળી આવેલ હતી, અને ગુનો બન્યો અને અર્ધ બળેલ હાલતમાં કોદાળી તથા ટોર્ચ મળી આવી તે વચ્ચે માત્ર ત્રણ દિવસનું અંતર હતુ અને જે જગ્યાએથી અર્ધ બળેલ કોદાળી અને અર્ધબળેલ કોદાળીનો હાથો તેમજ ટોર્ચ મળી આવેલ તે જગ્યા બાબતનુ વિશિષ્ટ અને અંગત જ્ઞાન આરોપી ભાવિનને જ હતુ તેવી હકીકત આ કામે સ્પષ્ટ બને છે. ત્યારે આ કામે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એ) મુજબનુ અનુમાન પણ આરોપી વિરુધ્ધ ઉપસ્થિત થયેલાનુ

માનવાનુ રહે છે. અને બચાવપક્ષે આવા અનુમાનને લેશમાત્ર પણ ખંડન થયેલ ન હોય, આ સંયોગ મુજબ પણ આરોપીઓ દોષિત હોવાનુ માનવાનુ રહે છે. વધુમાં મરણજનારને મારી નાંખવા માટે વપરાયેલ કોદાળી ઉપરથી એફ.એસ.એલ.પૃથ્થકરણ દરમ્યાન માનવમુળના રૂધિરની હાજરી પણ મળી આવેલાનુ સ્પષ્ટ બને છે. આમ, કોદાળી આ કામે માનવને રૂધિર નીકળતી ઈજા પહોચાડવા માટે વપરાયેલ હોવાનુ પણ સ્પષ્ટ બને છે. આ ઉપરાંત આ કામે આરોપી ભાવિનની અટક સમયે તેના ખીસ્સામાંથી મળી આવેલ રૂા.૫૦૦/– ના દરની ચલણી નોટ ઉપરથી પણ એફ.એસ.એલ.પૃથ્થકરણ અહેવાલ મુજબ મરણજનારના જ રૂધિર જુથ''એ'' ની રૂધિરની હાજરી મળી આવેલ છે. આમ, આ કામે આરોપીઓ મરણજનારને મારી નાંખવાના ગુના સંબંધે સીધા સંડોવાયેલ હોવાનું સ્પષ્ટ,શંકારહિત અને વિશ્વાસજન્ય પુરાવાઓથી સ્પષ્ટ બને છે. વધુમાં બન્ને આરોપીઓએ સાહેદ રાહુલભાઈ દિલીપભાઈ ગામીતનાઓની સમક્ષ સમગ્ર ગુનાની વિગતો સાથેના કબુલાત યાને કે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસન કરેલ હતુ અને તે બાબતનો વિશ્વાસ જન્ય પુરાવો સાહેદ રાહુલભાઈ દિલીપભાઈ ગામીતનાઓએ અદાલત સમક્ષ રજુ કરેલ છે. જે પુરાવો પણ આ કામે અન્ય સાંયોગીક પુરાવા સાથે એકરાગીતા ભર્યો યાને કન્સીસ્ટન્ટ સ્વરૂપનો હોવાનુ જણાય છે. આમ, એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેસનનો પુરાવો અન્ય સાંયોગીક પુરાવા સાથે આરોપીઓ ગુનામાં દોષિત હોવા બાબતે સ્પષ્ટ પુરાવો પુરો પાડતો હોય, તમામા પુરાવાઓનુ સાર્વત્રિક મુલ્યાંકન કરતા આ ગુનાના કામે માત્ર આરોપીઓ, આરોપીઓ અને આરોપીઓ જ દોષિત છે તેવુ ફરિયાદપક્ષે શંકારહિત પુરાવાથી પુરવાર કરેલ છે.

૪૫. આ કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૨૦૧ યાને કે ગુનાનો પુરાવો નાશ કરવા સંબંધે ગુનાના તહોમત છે. ત્યારે આ ગુનાના આવશ્યક તત્વો અને તે સંબંધે રજુ થયેલ પુરાવાઓની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપીઓએ ગુનો કર્યા બાદ, ગુનો કરવા માટે વાપરેલ હથિયાર કોદાળીને સળગાવી નાંખી નાશ કરવા પ્રયત્ન કરેલ હોવાનુ રેકર્ડ ઉપર પુરવાર થયેલ છે. અને ગુનાની તપાસ દરમ્યાન આરોપી નં.૧ ભાવિને પંચો રૂબરૂ ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭ મુજબ કોદાળી સળગાવી દીધેલાની જગ્યા બતાવતા ત્યાંથી અર્ધબળેલ કોદાળીનો હાથો તેમજ અર્ધબળેલ કોદાળી મળી આવેલ છે અને તે કાદાળી ઉપરથી માનવમુળના રૂધિરની હાજરી પણ મળી આવેલ છે. આમ, આરોપીઓએ ગુનામાં વાપરેલ હથિયાર કોદાળી ના પુરાવાનો નાશ કરેલ હતો. આ ઉપરાંત આરોપી નં.૧ ભાવિનના ઓએ ગુના સમયે ઓઢેલ શાલ તેઓએ સળગાવી નાંખી તેનો આંશિક સ્વરૂપે નાશ કરેલ હોવાનુ પણ આંક–૪૬ ના પંચનામા અને તે સંબંધે આંક – ૪૫ થી પંચ સાહેદ સુરેશભાઈ ચૌધરીની જુબાનીથી સ્પષ્ટ બને છે. આમ, આ કામે આરોપીઓએ મૃત્યુ દંડની સજાને લગતા ગુનાનો મુદ્દામાલ સળગાવી ને તેનો આંશિક સ્વરૂપે નાશ કરેલ હોવાનુ ફરિયાદપક્ષે સ્પષ્ટ, ચોકકસ અને આધારભુત પુરાવા રજુ કરી પુરવાર કરેલ હોય, આ કામે બન્ને આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષ ઈ.પી.કો.કલમ–૨૦૧ મુજબના ગુનાનુ તહોમત શંકારહિત રીતે પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

૪૬. આ કામે આરોપીઓ વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. આ ગુનાની પરીપુર્તિ માટે ફરિયાદપક્ષે આંક–૧૦૪ થી જાહેરનામુ રજુ કરેલ છે. આ જાહેરનામુ વંચાણે લીધુ. આ કામમાં

આરોપીઓએ પોતાની સાથે જાહેરનામામાં દર્શાવેલ મુજબનુ કોઈ હથિયાર લઈ જઈ જાહેરનામાનો ભંગ કરેલ હોય, તેમ જણાય આવતુ નથી. કારણ કે, મરણજનારની ખેતરમાં આવેલ ડેલીમાં જે કોદાળી પડેલ હતી તેના વડે જ મરણજનારને મોતને ઘાટ ઉતારેલ છે. આમ, આરોપીઓએ જાહેરનામાનો ભંગ કરી શસ્ત્રો દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા, લાઠી કે શારીરીક ઈજા પહોચાડી શકાય તેવુ બીજુ કોઈ સાધન પોતાની સાથે જાહેરમાં લઈ જઈ આં ક–૧૦૪ વાળા જાહેરનામાનો ભંગ કરેલ હોય, તેમ જણાય આવતુ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૦૪ વાળા જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવેલાની હકીકતપણ રેકર્ડ ઉપર પુરતા પુરાવા રજુ કરી પુરવાર કરેલાનુ જણાય આવતુ નથી. આમ, આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાનુ તહોમત પુરવાર કરેલાનું ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**૪૭.** આમ, આ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૩૪ તથા ઈ.પી.કો. કલમ–૨૦૧ મુજબનો આક્ષેપિત ગુનો શંકારહિત પુરાવાઓથી પુરવાર કરેલ હોય, તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમત પુરવાર થયેલ ન હોય, બન્ને આરોપીઓને ઈ.પી. કોડ કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૩૪ તથા ઈ.પી.કો.કલમ–૨૦૧ મુજબ નાં ગુનામાં તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા મુલત્વી કર્યુ.

તાપી મુ.વ્યારા.<br>
તા.૦૪/૧૦/૨૦૨૫..

**(તેજસ આર. દેસાઈ)**<br>
સેશન્સ જજ<br>
કોડ નં.જીજે ૦૦૫૯૩,<br>
તાપી મુ.વ્યારા.

કે.એલ.પટેલ.

**૪૮.** આરોપી તરફે વિ.વ.શ્રી એન.એસ.પ્રધાનને સાંભળ્યા. તેઓ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીઓ યુવાન અવસ્થા ધરાવે છે, તેઓ વિરૂધ્ધ હાલનો પ્રથમ ગુનો નોંધાયેલ છે. આરોપીઓ ઉપર પોતાનાં સમગ્ર પરીવારની જવાબદારી છે. આવા સંજોગોમાં આરોપીઓને હળવી સજા ફરમાવવા વિનંતી કરવામાં આવેલી છે.

**૪૯.** આરોપી નં.૧ ભાવિન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડીયા પટેલને સજા બાબતે સાંભળ્યા, તેઓને પોતાની પત્ની , બાળક અને વૃધ્ધ માતાની જવાબદારી છે. તેઓનો ગુનાહિત ભુતકાળ નથી તેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

આરોપી નં.૨ પ્રફુલભાઈ પ્રકાશભાઈ ઢોડીયા પટેલને સજા બાબતે સાંભળ્યા. તેઓને માતા–પિતા અને બહેનની જવાબદારી છે. તેઓનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી તેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

**૫૦.** આ કામે વિ.એ.પી.પી.શ્રી આર.બી.ચૌહાણની દલીલ એવી છે કે, આ કામે આરોપીઓએ એકસાથે મળી મરણજનારને ખુબ જ ક્રુરતાપૂર્વક આગોતરા આયોજનથી કોદાળી વડે માથા અને મોઢા ઉપર ઈજા કરી મોતને ઘાટ ઉતારેલ છે. જેના પરીણામે એક આશાસ્પદ યુવાનનુ મૃત્યુ થયેલ છે. પરીવારે દિકરો ગુમાવેલ છે તેમજ મરણજનારના પત્ની અને બાળકને નિરાધાર બનેલ છે. તેથી આવા ગુના સબંધે મહત્તમ સજા ફરમાવવી જોઈએ.

**૫૧.** બંને પક્ષકારોની સજા સબંધેની સઘળી રજુઆતો ધ્યાને લીધી. આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થયેલ ગુના અન્વયે સજાની જોગવાઈનો મુદ્દો તપાસવામાં

આવે તો, આરોપીઓને જે ઈ.પી. કોડ કલમ– ૩૦૨ અન્વયે દોષીત હોવાનું ઠરાવવામાં આવેલ છે તે ગુનાનાં કામે કોઈપણ વ્યકિત ખૂન કરે તેને દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે તેવી સજા અને દંડની જોગવાઈ છે. આમ, ઈ.પી. કોડ કલમ–૩૦૨ અન્વયે મહત્તમ સજા એટલે કે, દેહાંત દંડની અને લઘુતમ સજા એટલે કે, આજીવન કેદની હોવાનું સ્પષ્ટ બને છે.

દેહાંત દંડની સજા સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતનાં અગ્ર ગણ્ય ચુકાદા ઓ ધ્યાને લેવામાં આવે તો, માત્ર જવલ્લે જ બનતા કિસ્સાઓમાં દેહાંત દંડની સજા ઉચીત માનવામાં આવી છે. આ ઉપરાંત આરોપીને દોષીત ઠરાવતા સમયે સજાનાં પ્રમાણ ને નકકી કરવા માટેનાં કેટલાંક માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરતા ચુકાદાઓની અત્રેથી ચર્ચા કરવામાં આવે તો, તે નીચે મુજબ છે ::–

**(1) Ediga Anamma Vs. State of Andhra Pradesh, reported in AIR 1974 SC 799** નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવલ છે કે, observed that “ Guilt once established, punitive dilemma begins.” Section 302 of IPC casts the duty and obligation upon the Judge to choose one of the punishment for murder i.e. either capital punishment or rigorous imprisonment for life. The Indian Criminal administration of justice based upon the reformative theory of justice. Shri M.K. Gandhi said that “an eye for eye ends up making the whole world blind”. However, the Indian Judiciary as well as the legislation has refrained from abolishing

the death penalty because the measure of the punishment must depend on the gravity of crime, so that the victim must be provided with fairjustice. In words of famous philosopher Montesquieu, “The capital punishment represents a kind of retaliation, by which society withdraws protection from a citizen who has sought to destroy another citizen. A citizen deserves death when he has violated the security of another and has gone too far as to kill him or attempted to kill him. The penalty thus employed may be described as the medicine for a social malady”. Upholding this ideology, the IPC provides the provisions for death penalty. However, the Hon'ble Apex Court and Hon'ble High Courts of the Country has restricted the death sentence to the “rarest of rare cases” as was held in **Bachan Singh Vs. State of Punjab, reported in AIR 1980 SC 898.** In **Prajeet Kumar Singh Vs. State of Bihar, reported in (2008) 4 SCC 434,** the Hon'ble Apex Court held that the rarest of the rare cases would include those circumstances “when a murder is committed in an extremely brutal, grotesque, revolting or dastardly manner as to involve intense and extreme indignation of the community”.

**(2) In Machhi Singh & Ors Vs. State of Punjab, reported in AIR 1983 SC 957,** the Hon'ble Supreme Court gave some guidelines to decide whether acase is exceptional enough to shock the collective

conscience of the community. The court must look upon five factors before awarding the death penalty ie. - the manner of commission of murder, the motive for commission of murder, anti-social or socially abhorrent nature of crime, magnitude of crime and personality of the murder victim.

**(3) Ramnaresh & ors. Vs. State of Chattisgarh, reported in (2012) 4 SSC 257,** the Hon'ble Supreme Court referred the judgments of Bachan Singh (supra) and Machhi Singh (supra) and gave a comprehensive guidelines by providing thirteen aggravating circumstances and seven mitigating circumstances that the court must consider while awarding the death sentence.

**(4) Shankar Kishanrao Khade Vs. State of Maharastra, reported in (2013) 5 SCC 546,** the Hon'ble Supreme Court held that instead of balancing the mitigation and aggravating factors, the focus should be on crime test, criminal test and rarest of rare case test and further held that it must be “society centric” rather than “judge centric”. The court must consider various factors related to societal values and perception while conducting this particular test. The death penalty should be awarded only when the court is satisfied with all the three tests.

**પર.** ઉપરોકત ચુકાદાઓનાં પ્રકાશમાં આ કામે આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થયેલ ગુનો, ગુનાનું સ્વરૂપ, ગુનાની ગંભીરતા, ગુનાની સામાજીક અસર જેવા મુદ્દાઓને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ પુરવાર થયેલ ગુનો રેરેસ્ટ ઓફ રેર કેસ યાને કે જવલ્લે જ બનતા કિસ્સાઓ પૈકીનો હોવાનું જણાઈ આવતુ નથી પરંતુ, આ કામનાં આરોપીઓનું મરણ જનારને મારી નાખવાનું કૃત્ય સંપૂર્ણ જ્ઞાન અને ઈરાદા સાથેનું હોવાનું ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરેલ છેઅને આવા કૃત્યનાં કારણે ભોગ બનનારનું મોત નિપજેલુ છે અને ભોગ બનનારનાં માતા–પિતાએ આશાસ્પદ પુત્ર ગુમાવેલ છે અને તેના પત્ની અને બાળક નિરાધાર બનેલ છે. તેવા સંજોગોમાં આ કામનાં આરોપીઓ ઈ.પી. કોડ કલમ–૩૦૨ અન્વયે લઘુતમ સજા યાને કે આજીવન કેદની સજા માટે દોષીત હોવાનું જણાય છે.

**પ૩.** આ કામે મરણજનારના આશ્રિતોને ગુજરાત વીકટીમ કંપેન્સેશન સ્કીમ ૨૦૧૯ ની જોગવાઈઓ મુજબ તથા ક્રિ.પ્રો. કોડની કલમ–૩૫૭ (એ) અન્વયે જયારે ખુનનો ગુનો બનેલ હોય ત્યારે તે કિસ્સામાં મરણજનારના આશ્રિતોને વળતરની રકમ ચુકવવા માટે ધી ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી વ્યારાને હાલના ચુકાદાની એક નકલ મોકલી આપવાનુ ઠરાવવામાં આવે છે.

**પ૪.** આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધનાં પુરવાર થયેલ ગુનાઓ, ગુનાઓની ગંભીરતા, ગુનાઓનો પ્રકાર, ગુનાઓની સામાજીક અસર, ગુનાઓ અન્વયે મહત્તમ અને લઘુત્તમ સજાની જોગવાઈ તેમજ આરોપીઓ તરફે રજુ કરવામાં આવેલ ઓછી સજા કરવા સબંધે નાં કારણોને ધ્યાને લેતા ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુકમ</u> ::-

૧. આરોપીઓ**(૧) ભાવિન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડીયા પટેલ,** ઉ.આ.વ.૨૭, રહે. ડોલવણ ગામ, ડુંગરી ફળીયુ, તા.ડોલવણ, જિ.તાપી. **(૨) પ્રફુલભાઈ પ્રકાશભાઈ ઢોડીયા પટેલ,** ઉ.આ.વ.૨૩, રહે. ડોલવણ ગામ, ઢોડીયાવાડ, તા.ડોલવણ, જિ.તાપીનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના આક્ષેપિત ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આરોપીઓ**(૧) ભાવિન ઉર્ફે ભાવેશભાઈ વિક્રમભાઈ ઢોડીયા પટેલ,** ઉ.આ.વ.૨૭, રહે. ડોલવણ ગામ, ડુંગરી ફળીયુ, તા.ડોલવણ, જિ.તાપી. **(૨) પ્રફુલભાઈ પ્રકાશભાઈ ઢોડીયા પટેલ,** ઉ.આ.વ.૨૩, રહે. ડોલવણ ગામ, ઢોડીયાવાડ, તા.ડોલવણ, જિ.તાપીનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ઈ.પી. કોડ કલમ-૩૦૨ સાથે વાંચતા ઈ.પી.કો કલમ-૩૪ નાં ગુનામાં તકસીરવાન ઠરાવી બન્ને આરોપીઓને ઈ.પી. કોડ કલમ-૩૦૨ સાથે વાં ચતા ઈ.પી.કો કલમ-૩૪નાં ગુનામાં સખત આજીવન કેદ ની સજા અને રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો રોકડ દંડ અને જો, અને આરોપીઓ રોકડ દંડ વસુલ આપવામાં નિષ્ફળ જાય તો, વધુ માસ-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

3. આ કામનાં બન્ને આરોપીઓને ઈ.પી. કોડ કલમ-૨૦૧ મુજબનાં ગુન્હામાં ૦૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) નો રોકડ દંડ અને જો, રોકડ દંડ વસુલ આપવામાં આરોપીઓ નિષ્ફળ

જાય તો, વધુ માસ–૧(એક)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૪. આરોપીઓએ તમામ ગુન્હાઓની સજાઓ એક સાથે ભોગવવાની રહેશે.

૫. આરોપીઓને ક્રિ.પ્રો. કોડ કલમ–૪૨૮ અન્વયે જેલ કસ્ટડીનાં દિવસો આ સજા હુકમ સામે મજરે આપવાનાં રહેશે.

૬. આ કામનો તમામ મુદ્દામાલ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૭. ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૩ અન્વયે આ ચુકાદાની એક નકલ આરોપીઓને વિના મુલ્યે પુરી પાડવી.

૮. ક્રિમિનલ મેન્યુઅલનાં પારા–૨૦૭ માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આરોપીઓનું હુકમ મુજબનું ધોરણસર સજા વોરંટ ભરવું અને સબંધીત જેલને મોકલવું.

૯. હાલનાં કામે ભોગ બનનારનાં મૃત્યુનાં કારણે ભોગ બનનારનાં માતા – પિતાનાં પત્ની અને બાળકના પુન:વસન માટે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૫૭ (એ) અન્વયે તથા ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ તેઓને યોગ્ય રકમ વળતર તરીકે મળી રહે તે આશયથી હાલનાં ચુકાદાની નકલ મ્હે.ચેરમેન સાહેબશ્રી, જીલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ, તાપી તરફ વિનંતી પત્ર સાથે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૦.** ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૫ અન્વયે નામદાર ગુજરાત રાજયની વડી અદાલતનાં તા.૨૨/૧૦/૧૯૮૦ નાં પરિપત્ર નં.૯૦૧/૮૦ પ્રમાણે આ ચુકાદાનાં આખરી હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, તાપીને મોકલી આપવી.

**૧૧.** નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.૨/૯/૨૦૦૫ નાં પરિપત્ર નં.૨૬૨૩/૨૦૦૫ મુજબ આ કામે થયેલ ચાર્જ તથા આખરી હુકમ ની ખરી નકલ આરોપીને, જેલ ઓથોરીટી ને અને પોલીસ સ્ટેશન નાં ઈન્ચાર્જ અધિકારીને પરિપત્રમાં જણાવેલ સુચનાનાં અમલ સારૂ મોકલી આપવી.

આ ચુકાદો આજરોજ તા.૦૪થી માહે ઓકટોબર, ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તાપી મુ.વ્યારા.
તા.૦૪/૧૦/૨૦૨૫..

કે.એલ.પટેલ.

(**તેજસ આર. દેસાઈ**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૦૫૯૩,
તાપી મુ.વ્યારા.

હુકમની સમજ તથા નકલ મળેલી છે.

------------------

(આરોપી નં.૧ ની સહી)

------------------

(આરોપી નં.૨ ની સહી)